**ક્રમાંક–૧**

**પત્રક ભાગ–૧**
**કાર્યવાહીની ટૂંકી નોંધ**
**ચૌદમી ગુજરાત વિધાનસભા**
**આઠમું સત્ર**
**સોમવાર, તા. ૧લી માર્ચ, ૨૦૨૧**
**સભાગૃહ બપોરના ૧૨.૦૦ વાગ્યે મળ્યું.**

નામદાર રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતે બપોરના ૧૨.૦૦ વાગ્યે વિધાનસભા ગૃહને હિન્દીમાં સંબોધન કર્યું.
(રાજયપાલશ્રીનું સંબોધન પૂરું થયા બાદ ૧૫ મિનિટના વિરામ બાદ ગૃહની બેઠક મળી)

માનનીય અધ્યક્ષશ્રી રાજેન્દ્ર ત્રિવેદીના અધ્યક્ષપદે બપોરના ૧.૪૦ વાગ્યે સભાગૃહની બેઠક મળી.
(સભાગૃહની બેઠકની શરૂઆત ‘‘વંદેમાતરમ્’’ સંગીતની ધૂન બજાવી કરવામાં આવી)

**૧. સભાગૃહના મેજ ઉપર મૂકાયેલી રાજયપાલશ્રીના સંબોધનની પ્રમાણિત નકલ**

સચિવશ્રીએ રાજયપાલશ્રીના સંબોધનની પ્રમાણિત નકલ સભાગૃહના મેજ ઉપર મૂકી.

**૨. રાજ્યપાલશ્રીના સંબોધન માટેનો આભાર પ્રસ્તાવ (રજૂઆત)**

સભ્યશ્રી આત્મારામ મો.પરમારે સભ્યશ્રી ઋષિકેશ પટેલના અનુમોદનથી નીચે મુજબનો પ્રસ્તાવ રજૂ કર્યો.

રાજ્યપાલશ્રીને નીચે મુજબનો સંદેશો પાઠવવો.

‘‘અમો આ સત્રમાં એકત્ર થયેલા ગુજરાત વિધાનસભાના સભ્યો, રાજયપાલશ્રીએ આ સભાગૃહ સમક્ષ કરેલ સંબોધન બદલ તેમનો આભાર માનીએ છીએ.’’

**૩. શોકદર્શક ઉલ્લેખો**

માનનીય મુખ્યમંત્રીશ્રી વિજયભાઇ રૂપાણીએ ગુજરાત રાજ્યના પૂર્વ મુખ્યમંત્રી સ્વ.શ્રી માધવસિંહ ફૂલસિંહ સોલંકી અને સ્વ.શ્રી કેશુભાઇ સવદાસ પટેલ તથા ગુજરાત રાજ્યના પૂર્વ રાજ્યકક્ષાના મંત્રી સ્વ. શ્રી સુંદરસિંહ ભલાભાઇ ચૌહાણ, સ્વ.શ્રી બાબરભાઇ અંબાલાલ તડવી, સ્વ.શ્રી રજનીકાન્ત પરભુભાઇ રજવાડી અને સ્વ. શ્રી રોહિતભાઇ જશાભાઇ પટેલ તથા ગુજરાત રાજ્યના પૂર્વ સભ્ય સ્વ. શ્રી દિનકરભાઇ ભીખુભાઇ દેસાઇ, સ્વ. શ્રીમતી ચંદ્રાબેન સુરેશકુમાર શ્રીમાળી, સ્વ. શ્રી ધારશીભાઇ લાખાભાઇ ખાનપુરા, સ્વ. શ્રી જોધાજી ગુલાબજી ઠાકોર, સ્વ. શ્રી નરેશકુમાર મીઠાલાલ કનોડિયા, સ્વ. શ્રી મેઘજીભાઇ ડાયાભાઇ કણઝારીયા, સ્વ. શ્રી ભુપેન્દ્રસિંહ વેચાતભાઇ ખાંટ તથા કોરોના–૧૯થી અવસાન પામેલ પ્રજાજનો અંગેના શોકદર્શક ઉલ્લેખો કર્યા અને સ્વર્ગસ્થોને અંજલિ આપી.

ત્યારબાદ માનનીય વિરોધપક્ષના નેતાશ્રી પરેશભાઇ ધાનાણી, નાયબ મુખ્યમંત્રીશ્રી નીતિનભાઇ પટેલ, સભ્યશ્રી અમિત ચાવડા, સભ્યશ્રી બ્રિજેશ મેરજા અને મંત્રીશ્રી કૌશિકભાઇ પટેલે શોકદર્શક ઉલ્લેખોમાં પોતાનો સૂર પૂરાવી શોકાંજલિ આપી.

**(વિરામ બપોરના ૩.૩૦થી ૪.૦૦)**

વિરામ બાદ સભ્યશ્રી નરેશભાઇ પટેલ, શ્રી ગોવિંદભાઇ પટેલ, શ્રીમતી ગેનીબેન ઠાકોર, શ્રી હિતુ કનોડિયા, શ્રી નૌશાદ સોલંકી, શ્રી લાખાભાઇ ભરવાડ, શ્રી પિયુષભાઇ દેસાઇ અને શ્રી અભેસિંહ તડવીએ શોકદર્શક ઉલ્લેખોમાં પોતાનો સૂર પૂરાવી શોકાંજલિ આપી.

**૪. અધ્યક્ષશ્રીનો આદેશ**

**રેકોર્ડીંગ રૂમમાં કર્મચારી દ્વારા મોબાઇલમાં રેકોર્ડીંગ કરવા બાબત.**

માન. મુખ્ય દંડકશ્રી પંકજભાઇ દેસાઇએ રેકોર્ડીંગ રૂમમાં એક વ્યક્તિ મોબાઇલમાં સભાગૃહનું રેકોર્ડીંગ કરી રહેલ છે. તે બાબતે માનનીય અધ્યક્ષશ્રીનું ધ્યાન દોરતાં, માનનીય અધ્યક્ષશ્રીએ આ બાબતે જરૂરી કાર્યવાહી કરવા સાર્જન્ટને આદેશ આપ્યો.

**૫. શોકદર્શક ઉલ્લેખો(ક્રમશઃ)**

ત્યારબાદ સભ્યશ્રી કિર્તીસિંહ વાઘેલા, શ્રી રાઘવજી પટેલ, શ્રી મોહનભાઇ ઢોડિયા અને શ્રી કાંતિભાઇ સોઢા પરમારે શોકદર્શક ઉલ્લેખોમાં પોતાનો સૂર પૂરાવી શોકાંજલિ આપી.

ત્યારબાદ માનનીય અધ્યક્ષશ્રીએ પણ શોકદર્શક ઉલ્લેખોમાં સૂર પૂરાવ્યો અને સ્વર્ગસ્થોને અંજલિ આપી.

**૬. અધ્યક્ષશ્રીની જાહેરાત**

માનનીય અધ્યક્ષશ્રીએ પૂર્વ મુખ્યમંત્રી સ્વ. માધવસિંહ ફૂલસિંહ સોલંકી તથા સ્વ. શ્રી કેશુભાઇ સવદાસ પટેલના પરિવારજનોને તેમના ફોટા સાથેની જીવન ઝરમર દર્શાવતી ગોલ્ડ પ્લેટેડ ફોટો ફ્રેમ વિધાનસભા દ્વારા આપવામાં આવશે તેવી જાહેરાત કરી.

ત્યારબાદ સભ્યશ્રીઓએ ઉભા થઇને બે મિનિટ મૌન પાળ્યું.

ત્યારબાદ માનનીય અધ્યક્ષશ્રીએ સ્વર્ગસ્થોના કુટુંબીજનોને ગૃહની આ લાગણી પહોંચાડવામાં આવશે તેવી જાહેરાત કરી.

**૭. ગોલ્ડ પ્લેટેડ ફોટો ફ્રેમની અર્પણ વિધિ**

માનનીય અધ્યક્ષશ્રીએ માનનીય પૂર્વ મુખ્યમંત્રીશ્રી કેશુભાઇ પટેલની ગોલ્ડ પ્લેટેડ ફોટો ફ્રેમ માનનીય મુખ્યમંત્રીશ્રી વિજયભાઇ રૂપાણી તથા નાયબ મુખ્યમંત્રીશ્રી નીતિનભાઇ પટેલ અને માનનીય પૂર્વ મુખ્યમંત્રીશ્રી માધવસિંહ સોલંકીની ગોલ્ડ પ્લેટેડ ફોટો ફ્રેમ વિપક્ષના નેતાશ્રી પરેશભાઇ ધાનાણી તથા વિપક્ષના દંડકશ્રી અશ્વિનભાઇ કોટવાલને સ્વર્ગસ્થોના પરિવારજનોને પહોંચાડવા માટે અર્પણ કરી.

**૮. બેઠક મુલતવી રાખવા અંગે**

માનનીય રાજ્યકક્ષાના સંસદીય બાબતોના મંત્રીશ્રી પ્રદિપસિંહ જાડેજાએ પૂર્વ મુખ્યમંત્રી સ્વ. શ્રી માધવસિંહ સોલંકી અને સ્વ. શ્રી કેશુભાઇ પટેલના માનમાં સહાનુભૂતિ અને સંવેદના પ્રગટ કરવા માટે આજની સભાગૃહની કાર્યવાહી મુલતવી રાખવામાં આવે તેવો પ્રસ્તાવ રજૂ કર્યો, જેને વિરોધપક્ષના દંડકશ્રી અશ્વિનભાઇ કોટવાલે સમર્થન કરતાં, માનનીય અધ્યક્ષશ્રીએ તદનુસાર સભાગૃહની આજની બેઠક મુલતવી રાખી.

**સભાગૃહ, બુધવાર તા.૩જી માર્ચ, ૨૦૨૧ના રોજ**
**સવારના ૧૦.૦૦ વાગ્યે ફરી મળવા માટે સાંજના ૫.૦૩ વાગ્યે મુલતવી રહ્યું.**

**ગુજરાત વિધાનસભા સચિવાલય,**
**ગાંધીનગર.**
**તા.૧લી માર્ચ, ૨૦૨૧**

**ડી.એમ.પટેલ**
**સચિવ,**
**ગુજરાત વિધાનસભા.**

**ક્રમાંક-૨**

**પત્રક ભાગ-૧**
**કાર્યવાહીની ટૂંકી નોંધ**
**ચૌદમી ગુજરાત વિધાનસભા**
**આઠમું સત્ર**

**બુધવાર, તા.૩જી માર્ચ, ૨૦૨૧**
**પહેલી બેઠક**
**માનનીય અધ્યક્ષશ્રી રાજેન્દ્ર ત્રિવેદી અધ્યક્ષસ્થાને**
**સભાગૃહ સવારના ૧૦.૦૦ વાગ્યે ફરી મળ્યું.**

**૧. તારાંકિત પ્રશ્નોત્તરી**

બુધવાર, તા. ૩જી માર્ચ, ૨૦૨૧ના રોજની તારાંકિત પ્રશ્નોત્તરીની યાદીમાંના પ્રશ્નો અગ્રતાક્રમ ૧, ૨, ૩, ૪, ૫ અને ૬ના મૌખિક જવાબ આપવામાં આવ્યા.

સમયના અભાવે પૂછી ન શકાયેલા પ્રશ્નો અગ્રતાક્રમ ૭ થી ૨૭ને અતારાંકિત ગણવામાં આવ્યા.

**પ્રશ્નોત્તરીનો સમય સવારના ૧૧.૦૦ વાગ્યે પૂરો થયો.**

**૨. સભાગૃહના મેજ ઉપર મૂકાયેલા કાગળો**

નીચેના કાગળો તેની નીચે દર્શાવેલ મંત્રીશ્રીઓએ સભાગૃહના મેજ ઉપર મૂકયા.

(૧) સન ૨૦૨૦નો વટહુકમ ક્રમાંક-૧૨-સન ૨૦૨૦નો ગુજરાત આયુર્વેદ યુનિવર્સિટી વટહુકમ તથા આ વટહુકમ બહાર પાડવા અંગેના સંજોગો સમજાવતું નિવેદન

**માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી નીતિનભાઇ પટેલ**

(૨) સન ૨૦૨૧નો વટહુકમ ક્રમાંક-૧-સન ૨૦૨૧નો ગુજરાત રાજવિત્તીય જવાબદારી (સુધારા) વટહુકમ તથા આ વટહુકમ બહાર પાડવા અંગેના સંજોગો સમજાવતું નિવેદન

**માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી નીતિનભાઇ પટેલ**

(૩) સન ૨૦૨૧નો વટહુકમ ક્રમાંક-૨- સન ૨૦૨૧નો પંડિત દિનદયાળ પેટ્રોલિયમ યુનિવર્સિટી (સુધારા) વટહુકમ તથા આ વટહુકમ બહાર પાડવા અંગેના સંજોગો સમજાવતું નિવેદન

**પેટ્રોકેમિકલ્સ પ્રભાગનો હવાલો ધરાવતા માનનીય મંત્રીશ્રી સૌરભભાઇ પટેલ**

(૪) સન ૨૦૨૧નો વટહુકમ ક્રમાંક-૩-સન ૨૦૨૧નો ગુજરાત અગ્નિનિવારણ અને જીવન સુરક્ષા ઉપાય વિષયક (સુધારા) વટહુકમ તથા આ વટહુકમ બહાર પાડવા અંગેના સંજોગો સમજાવતું નિવેદન

**માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી નીતિનભાઇ પટેલ**

(૫) અમદાવાદ કાપડ બજાર અને દુકાન કામદાર બોર્ડનો સન ૨૦૧૯-૨૦નો વાર્ષિક વહીવટી અહેવાલ

**માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી દિલીપકુમાર ઠાકોર**

(૬) કામધેનુ યુનિવર્સિટીનો સન ૨૦૧૮-૧૯નો વાર્ષિક અહેવાલ તેમજ આ અહેવાલને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલા વિલંબ અંગેના કારણો દર્શાવતું નિવેદન

**માનનીય રાજયકક્ષાના પશુપાલન મંત્રીશ્રી બચુભાઇ ખાબડ**

(૭) ગુજરાત રાજ્ય માર્ગ વાહન વ્યવહાર નિગમના સન ૨૦૧૪-૧૫ અને સન ૨૦૧૫-૧૬ના વાર્ષિક વહીવટી અહેવાલ તેમજ આ અહેવાલોને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલા વિલંબ અંગેના કારણો દર્શાવતાં નિવેદન

**માનનીય રાજયકક્ષાના વાહન વ્યવહાર મંત્રીશ્રી ઈશ્વરસિંહ પટેલ**

(૮) ગુજરાત જાહેર સેવા આયોગના સન ૨૦૧૮-૧૯ અને સન ૨૦૧૯-૨૦ના વાર્ષિક અહેવાલ તથા આયોગની સલાહના અસ્વીકારના કિસ્સા માટે સરકારની સ્પષ્ટીકરણાત્મક યાદી તેમજ આ અહેવાલોને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલા વિલંબ અંગેના કારણો દર્શાવતાં નિવેદન

**માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી નીતિનભાઇ પટેલ**

(૯) ગુજરાત રાજ્ય નાણાકીય નિમગનો સન ૨૦૧૯-૨૦નો વાર્ષિક અહેવાલ તથા હિસાબો પરનો ઓડિટ અહેવાલ

**ઉદ્યોગ પ્રભાગનો હવાલો ધરાવતા માનનીય મંત્રીશ્રી સૌરભભાઇ પટેલ**

(૧૦) સન ૨૦૧૮ના ગુજરાત માર્ગ સુરક્ષા સત્તામંડળ અધિનિયમ અન્વયેના બંદરો અને વાહન વ્યવહાર વિભાગના તા.૧૩/૦૭/૨૦૨૦ના જાહેરનામા ક્રમાંકઃ પીટી/૨૦૨૦/૧૭/એમવીડી/૧૦૨૦૧૭/૧૬૮૪/ખ તેમજ આ જાહેરનામાને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલા વિલંબ અંગેના કારણો દર્શાવતું નિવેદન

**માનનીય રાજયકક્ષાના વાહન વ્યવહાર મંત્રીશ્રી ઇશ્વરસિંહ પટેલ**

**૩. સભાગૃહના મેજ ઉપર મૂકાયેલા અનુમતિ મળેલા વિધેયકો**

સચિવશ્રીએ, ચૌદમી ગુજરાત વિધાનસભાના ચોથા સત્રમાં વિધાનસભાએ પસાર કરેલ અને જેને રાષ્ટ્રપતિશ્રીની અનુમતિ મળી છે તેવું સન ૨૦૧૯નું વિધેયક ક્રમાંક-૧૨ અને સાતમા સત્રમાં પસાર કરેલ સન ૨૦૨૦નાં વિધેયક ક્રમાંક-૧૬ અને ૧૮ તથા સાતમા સત્રમાં પસાર કરેલાં અને જેને રાજયપાલશ્રીની અનુમતિ મળી છે તેવા સન ૨૦૨૦ના વિધેયક ક્રમાંક-૪, ૯, ૧૩, ૧૪, ૧૯, ૨૦, ૨૧, ૨૩, ૨૪, ૨૬, ૨૭ અને ૨૮ વિધાનસભાના મેજ ઉપર મૂક્યા.

**૪. વિધાનસભાની સમિતિના અહેવાલોની રજૂઆત**

(૧) **કામકાજ સલાહકાર સમિતિના દસમા અહેવાલની રજૂઆત**

માનનીય અધ્યક્ષશ્રીએ કામકાજ સલાહકાર સમિતિનો દસમો અહેવાલ સભાગૃહ સમક્ષ વાંચીને રજૂ કર્યો.

(૨) **બિન-સરકારી સભ્યોનાં કામકાજ માટેની સમિતિના દસમા અહેવાલની રજૂઆત**

બિન-સરકારી સભ્યોનાં કામકાજ માટેની સમિતિના માનનીય પ્રમુખશ્રી જગદીશભાઇ પટેલે સમિતિનો દસમો અહેવાલ સભાગૃહ સમક્ષ રજૂ કર્યો.

(૩) **અંદાજ સમિતિના બીજા અને ત્રીજા અહેવાલની રજૂઆત**

અંદાજ સમિતિના પ્રમુખ શ્રી બાબુભાઇ બોખીરીયાએ સમિતિનો બીજો અને ત્રીજો અહેવાલ રજૂ કર્યો.

**૫. માનનીય સંસદીય બાબતોના મંત્રીશ્રીનો પ્રસ્તાવ**

માનનીય સંસદીય બાબતોના રા.ક.ના મંત્રીશ્રી પ્રદિપસિંહ જાડેજાએ નીચે મુજબનો પ્રસ્તાવ રજૂ કર્યો.

''આ સભાગૃહ, કામકાજ સલાહકાર સમિતિના દસમા અહેવાલ સાથે સંમત થાય.''

**પ્રસ્તાવ મત માટે મૂકવામાં આવ્યો અને તેનો સર્વાનુમતે સ્વીકાર કરવામાં આવ્યો.**

**૬. બિન-સરકારી સભ્યોનાં કામકાજ માટેની સમિતિના માનનીય પ્રમુખશ્રીનો પ્રસ્તાવ**

બિન-સરકારી સભ્યોનાં કામકાજ માટેની સમિતિના માનનીય પ્રમુખશ્રી જગદીશભાઇ પટેલે નીચે મુજબનો પ્રસ્તાવ રજૂ કર્યો.

''આ સભાગૃહ, બિન-સરકારી સભ્યોનાં કામકાજ માટેની સમિતિના દસમા અહેવાલ સાથે સંમત થાય.''

**પ્રસ્તાવ મત માટે મૂકવામાં આવ્યો અને તેનો સર્વાનુમતે સ્વીકાર કરવામાં આવ્યો.**

**૭. વધારાના ખર્ચના પત્રકની રજૂઆત**

માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી નીતિનભાઇ પટેલે સન ૨૦૧૨-૧૩ના વર્ષ માટેના વધારાના ખર્ચનું પત્રક રજૂ કર્યું.

**૮. ખર્ચના પૂરક પત્રકની રજૂઆત**

માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી નીતિનભાઇ પટેલે સન ૨૦૨૦-૨૦૨૧ના વર્ષ માટેના ખર્ચનું પૂરક પત્રક રજૂ કર્યું.

**૯. અંદાજપત્રની રજૂઆત**

માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી નીતિનભાઇ પટેલે સન ૨૦૨૧-૨૦૨૨ના વર્ષ માટેનું અંદાજપત્ર પ્રવચન વાંચવાનું શરૂ કર્યું.

**૯. વિરામનો સમય રદ કરવા અંગે**

માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી નીતિનભાઇ પટેલ સન ૨૦૨૧-૨૦૨૨ના નાણાકીય વર્ષ માટેના અંદાજપત્ર અંગેનું અંદાજપત્ર પ્રવચન વાંચી રહ્યા હતા તે દરમિયાન માનનીય મુખ્ય દંડકશ્રી પંકજભાઇ દેસાઇએ અંદાજપત્ર પ્રવચનનું વાચન ચાલુ રહે તે હેતુથી વિરામનો સમય રદ કરવાનો પ્રસ્તાવ રજૂ કર્યો જેને વિપક્ષના દંડકશ્રીએ સમર્થન આપતાં માનનીય અધ્યક્ષશ્રીએ તદ્અનુસાર સભાગૃહની અનુમતિથી વિરામનો સમય રદ કર્યો.

**૧૦. અંદાજપત્રની રજૂઆત (ક્રમશઃ)**

ત્યારબાદ માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રીએ સન ૨૦૨૧-૨૦૨૨ના વર્ષ માટેનું તેમનું અધૂરું રહેલ

અંદાજપત્ર પ્રવચન પૂરું કર્યું અને સન ૨૦૨૧-૨૦૨૨ના નાણાકીય વર્ષ માટેનું અંદાજપત્ર ગૃહના મેજ ઉપર મૂક્યું.

**સભાગૃહ, બીજી બેઠક માટે સાંજના ૪.૦૦ વાગ્યે**
**ફરી મળવા માટે બપોરના ૧.૫૬ વાગ્યે મુલતવી રહ્યું.**
**બીજી બેઠક**
**માનનીય અધ્યક્ષશ્રી રાજેન્દ્ર ત્રિવેદીના અધ્યક્ષપદે**
**સભાગૃહ સાંજના ૪.૦૦ વાગ્યે ફરી મળ્યું.**

**૧. તારાંકિત પ્રશ્નોત્તરી**

બુધવાર, તા. ૩જી માર્ચ, ૨૦૨૧ના રોજની તારાંકિત પ્રશ્નોત્તરીની યાદીમાંના પ્રશ્નો અગ્રતાક્રમ ૩, ૪, ૫ અને ૬ના મૌખિક જવાબ આપવામાં આવ્યા.

ગેરહાજર રહેલ સભ્યશ્રીઓના પ્રશ્ન અગ્રતાક્રમ-૧ અને ૨ને અતારાંકિત ગણવામાં આવ્યા.

સમયના અભાવે પૂછી ન શકાયેલા પ્રશ્નો અગ્રતાક્રમ ૭ થી ૩૬૪ને અતારાંકિત ગણવામાં આવ્યા.

પ્રશ્નોત્તરીનો સમય સાંજના ૫.૦૦ વાગ્યે પૂરો થયો.

**૨. તાકીદની જાહેર અગત્યની બાબત પર ધ્યાન દોરવા બાબત (નિયમ-૧૧૬)**

સભ્યશ્રી કીરીટકુમાર પટેલે નિયમ-૧૧૬ અન્વયે ''પાલનપુર ખાતે આવેલા પુરવઠા વિભાગના ગોડાઉનમાંથી ઘઉં અને ચોખાના ગેરકાયદે વેચાણ કરવાની ઘટના બનતાં આમ જનતામાં ફેલાયેલ રોષ અને ચિંતાની લાગણી દૂર કરવા'' અંગેની તાકીદની જાહેર અગત્યની બાબત પર માનનીય અન્ન, નાગરિક પુરવઠા મંત્રીશ્રીનું ધ્યાન દોર્યું.

માનનીય પુરવઠા મંત્રીશ્રી જયેશભાઇ રાદડીયાએ તેમનું લેખિત નિવેદન રજૂ કર્યું અને તેમાંથી ઉપસ્થિત થયેલા પ્રશ્નોના જવાબો આપ્યા.

**૩. સુધારા વિધેયક ઉપર ચર્ચાની મર્યાદા અંગે અધ્યક્ષશ્રીની સ્પષ્ટતા**

માનનીય અધ્યક્ષશ્રીએ સુધારા વિધેયક ઉપરની ચર્ચામાં પુરોગામી અધ્યક્ષશ્રીઓએ અને તેમણે અગાઉના તેમના આપેલ પોઇન્ટ ઓફ ઓર્ડરના અધ્યક્ષના નિર્ણયની ટૂંકી જાણકારી આપી, આજના તમામ વિધેયકો સુધારા વિધેયકો હોવાથી વિધેયકના પ્રભારી મંત્રીશ્રીઓ અને સભ્યશ્રીઓને વિધેયકની જે કલમ પર સુધારો હોય તે પૂરતું પોતાનું મંતવ્ય વ્યક્ત કરવા સ્પષ્ટતા કરી.

**૪. સરકારી વિધેયકો**

**(૧)** માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી નીતિનભાઇ પટેલે, સન ૨૦૨૧નું વિધેયક ક્રમાંક-૧-સન ૨૦૨૧નું ગુજરાત રાજવિત્તીય જવાબદારી (સુધારા) વિધેયક દાખલ કર્યા બાદ પહેલા વાચનનો પ્રસ્તાવ રજૂ કર્યો અને તેના સમર્થનમાં પોતાનું મંતવ્ય વ્યક્ત કર્યું.

ત્યારબાદ નીચેના સભ્યશ્રીઓએ ચર્ચામાં ભાગ લીધો.

(૧) ડો. અનિલ જોષીયારા
(૨) શ્રી દુષ્યંતભાઇ પટેલ
(૩) ડો. સી.જે.ચાવડા
(૪) શ્રી કુબેરભાઇ ડીંડોર
(૫) શ્રી નૌશાદ સોલંકી

ત્યારબાદ ચર્ચાનો જવાબ માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી નીતિનભાઇ પટેલે આપ્યો.

ત્યારબાદ વિધેયકના પહેલા અને બીજા વાચન માટેના પ્રસ્તાવ મત માટે મૂકવામાં આવ્યા અને તેનો સર્વાનુમતે સ્વીકાર કરવામાં આવ્યો.

**કલમવાર વાચન**

કલમ-૨ અને કલમ-૩, કલમ-૧, દીર્ઘસંજ્ઞા અને ઈનેકટીંગ ફોર્મ્યુલા મત ઉપર મૂકવામાં આવી અને તેનો સર્વાનુમતે સ્વીકાર કરવામાં આવ્યો.

કલમ-૨ અને કલમ-૩, કલમ-૧, દીર્ઘસંજ્ઞા અને ઈનેકટીંગ ફોર્મ્યુલા વિધેયકનો ભાગ બની.

ત્યારબાદ વિધેયકના પ્રભારી મંત્રીશ્રીએ વિધેયકના ત્રીજા વાચનનો પ્રસ્તાવ રજૂ કર્યો, જે મત ઉપર મૂકવામાં આવ્યો, તેનો સર્વાનુમતે સ્વીકાર કરવામાં આવ્યો અને વિધેયક પસાર કરવામાં આવ્યું.

(૨) પેટ્રોકેમિકલ્સ પ્રભાગનો હવાલો ધરાવતા માનનીય મંત્રીશ્રી સૌરભભાઇ પટેલે, સન ૨૦૨૧નું વિધેયક ક્રમાંક-૨-સન ૨૦૨૧નું પંડિત દીનદયાળ પેટ્રોલિયમ યુનિવર્સિટી (સુધારા) વિધેયક દાખલ કર્યા બાદ પહેલા વાચનનો પ્રસ્તાવ રજૂ કર્યો અને તેના સમર્થનમાં પોતાનું મંતવ્ય વ્યક્ત કર્યું.

ત્યારબાદ નીચેના સભ્યશ્રીઓએ ચર્ચામાં ભાગ લીધો.

(૧) ડો. અનિલ જોષીયારા

(૨) શ્રી રાકેશભાઇ શાહ

(૩) ડો. સી.જે.ચાવડા

(૪) શ્રીમતી મનિષાબેન વકીલ

ત્યારબાદ ચર્ચાનો જવાબ પેટ્રોકેમિકલ્સ વિભાગનો હવાલો ધરાવતા માનનીય મંત્રીશ્રી સૌરભભાઇ પટેલે આપ્યો.

ત્યારબાદ વિધેયકના પહેલા અને બીજા વાચન માટેના પ્રસ્તાવ મત માટે મૂકવામાં આવ્યા અને તેનો સર્વાનુમતે સ્વીકાર કરવામાં આવ્યો.

**કલમવાર વાચન**

કલમ-૨ થી ૬, કલમ-૧, દીર્ઘસંજ્ઞા અને ઇનેકટીંગ ફોર્મ્યુલા મત ઉપર મૂકવામાં આવી અને તેનો સર્વાનુમતે સ્વીકાર કરવામાં આવ્યો.

કલમ-૨ થી ૬, કલમ-૧, દીર્ઘસંજ્ઞા અને ઇનેકટીંગ ફોર્મ્યુલા વિધેયકનો ભાગ બની.

ત્યારબાદ વિધેયકના પ્રભારી મંત્રીશ્રીએ વિધેયકના ત્રીજા વાચનનો પ્રસ્તાવ રજૂ કર્યો, જે મત ઉપર મૂકવામાં આવ્યો, તેનો સર્વાનુમતે સ્વીકાર કરવામાં આવ્યો અને વિધેયક પસાર કરવામાં આવ્યું.

**(વિરામ સાંજના ૬.૦૦થી ૬.૧૫)**

(૩) માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી નીતિનભાઇ પટેલે, સન ૨૦૨૧નું વિધેયક ક્રમાંક-૩-સન ૨૦૨૧નું ગુજરાત અગ્નિ નિવારણ અને જીવન સુરક્ષા ઉપાય વિષયક (સુધારા) વિધેયક દાખલ કર્યા બાદ પહેલા વાચનનો પ્રસ્તાવ રજૂ કર્યો અને તેના સમર્થનમાં પોતાનું મંતવ્ય વ્યક્ત કર્યું.

ત્યારબાદ નીચેના સભ્યશ્રીઓએ ચર્ચામાં ભાગ લીધો.

(૧) શ્રી શૈલેષ પરમાર

(૨) શ્રી જગદીશ વિશ્વકર્મા

(૩) શ્રી હિંમતસિંહ પટેલ

(૪) શ્રીમતી સીમાબેન મોહિલે

(૫) શ્રી સુખરામભાઇ રાઠવા

(૬) શ્રી નૌશાદ સોલંકી

(૭) શ્રી નિરંજન પટેલ

ત્યારબાદ ચર્ચાનો જવાબ માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી નીતિનભાઇ પટેલે આપ્યો.

ત્યારબાદ વિધેયકના પહેલા અને બીજા વાચન માટેના પ્રસ્તાવ મત માટે મૂકવામાં આવ્યા અને તેનો સર્વાનુમતે સ્વીકાર કરવામાં આવ્યો.

**કલમવાર વાચન**

કલમ-૨ થી ૧૪, કલમ-૧, દીર્ઘસંજ્ઞા અને ઇનેકટીંગ ફોર્મ્યુલા મત ઉપર મૂકવામાં આવી અને તેનો સર્વાનુમતે સ્વીકાર કરવામાં આવ્યો.

કલમ-૨થી ૧૪, કલમ-૧, દીર્ઘસંજ્ઞા અને ઇનેકટીંગ ફોર્મ્યુલા વિધેયકનો ભાગ બની.

ત્યારબાદ વિધેયકના પ્રભારી મંત્રીશ્રીએ વિધેયકના ત્રીજા વાચનનો પ્રસ્તાવ રજૂ કર્યો, જે મત ઉપર મૂકવામાં આવ્યો, તેનો સર્વાનુમતે સ્વીકાર કરવામાં આવ્યો અને વિધેયક પસાર કરવામાં આવ્યું.

**સભાગૃહ, ગુરુવાર તા.૪થી માર્ચ, ૨૦૨૧ના રોજ**
**બપોરના ૧૨.૦૦ વાગ્યે ફરી મળવા માટે રાત્રીના ૭.૫૩ વાગ્યે મુલતવી રહ્યું.**

**ગુજરાત વિધાનસભા સચિવાલય,**
**ગાંધીનગર.**
**તા. ૩જી માર્ચ, ૨૦૨૧**

**ડી.એમ.પટેલ**
**સચિવ,**
**ગુજરાત વિધાનસભા.**

**ક્રમાંક–૩**

**પત્રક ભાગ–૧**
**કાર્યવાહીની ટૂંકી નોંધ**
**ચૌદમી ગુજરાત વિધાનસભા**
**આઠમું સત્ર**
**ગુરુવાર, તા.૪થી માર્ચ, ૨૦૨૧**
**માનનીય અધ્યક્ષશ્રી રાજેન્દ્ર ત્રિવેદી અધ્યક્ષસ્થાને**
**સભાગૃહ બપોરના ૧૨.૦૦ વાગ્યે ફરી મળ્યું.**

**૧. તારાંકિત પ્રશ્નોત્તરી**

ગુરુવાર, તા.૪થી માર્ચ, ૨૦૨૧ના રોજની તારાંકિત પ્રશ્નોત્તરીની યાદીમાંના પ્રશ્નો અગ્રતાક્રમ ૧, ૪ અને ૫ ના મૌખિક જવાબ આપવામાં આવ્યા.

ગેરહાજર રહેલ સભ્યશ્રીઓના પ્રશ્ન અગ્રતાક્રમ–૨ અને ૩ને અતારાંકિત ગણવામાં આવ્યા.

સમયના અભાવે પૂછી ન શકાયેલા પ્રશ્નો અગ્રતાક્રમ ૬ થી ૨૯૮ને અતારાંકિત ગણવામાં આવ્યા.

પ્રશ્નોત્તરીનો સમય બપોરના ૧.૧૩ વાગ્યે પૂરો થયો.

**૨. તાકીદની જાહેર અગત્યની બાબત પર ધ્યાન દોરવા બાબત (નિયમ–૧૧૬)**

સભ્યશ્રી પુંજાભાઇ વંશે નિયમ–૧૧૬ અન્વયે ‘‘તાજેતરમાં આંતરરાષ્ટ્રીય જળસીમા નજીક માછીમારી કરી રહેલી પોરબંદરની બે અને વેરાવળની એક સહિત ૩ બોટને અને ૧૮ માછીમારોને પાકિસ્તાનની મરીન એજન્સીએ અપહરણ કરતાં માછીમારોમાં ફેલાયેલ રોષ અને ભયની લાગણી દૂર કરવા’’ અંગેની તાકીદની જાહેર અગત્યની બાબત પર માનનીય મત્સ્યોદ્યોગ મંત્રીશ્રીનું ધ્યાન દોર્યું.

માનનીય મત્સ્યોદ્યોગ મંત્રીશ્રી જવાહરભાઇ ચાવડાએ તેમનું લેખિત નિવેદન રજૂ કર્યું અને તેમાંથી ઉપસ્થિત થયેલા પ્રશ્નોના જવાબો આપ્યા તથા માનનીય મુખ્યમંત્રીશ્રી વિજયભાઇ રૂપાણીએ પણ પોતાનું મંતવ્ય વ્યક્ત કર્યું.

**૩. રાજ્યપાલશ્રીના સંબોધન માટેના આભાર પ્રસ્તાવ પર ચર્ચા (પહેલો દિવસ)**

માનનીય અધ્યક્ષશ્રીએ, સભ્યશ્રી આત્મારામ પરમારે, સભ્યશ્રી ઋષિકેશ પટેલના અનુમોદનથી તા.૧લી માર્ચ, ૨૦૨૧ના રોજ રજૂ કરેલ નીચે મુજબનો પ્રસ્તાવ સભાગૃહ સમક્ષ વાંચી સંભળાવ્યો.

રાજયપાલશ્રીને નીચે મુજબનો સંદેશો પાઠવવો.

‘‘અમો, આ સત્રમાં એકત્ર થયેલા ગુજરાત વિધાનસભાના સભ્યો, રાજયપાલશ્રીએ આ સભાગૃહ સમક્ષ કરેલ સંબોધન બદલ તેમનો આભાર માનીએ છીએ.’’

ત્યારબાદ સભ્યશ્રી શ્રીમતી ગેનીબેન ઠાકોર, શ્રી ગુલાબસિંહ રાજપૂત, શ્રી નથાભાઇ પટેલ, શ્રી કાન્તિભાઇ ખરાડી, શ્રી શીવાભાઇ ભૂરીયા, શ્રી અશ્વિનભાઇ કોટવાલ, શ્રી રાજેન્દ્રસિંહ ઠાકોર, શ્રી ઇમરાન ખેડાવાલા, શ્રી રાજેશકુમાર ગોહિલ, શ્રી ઋત્વિકભાઇ મકવાણા, શ્રી હર્ષદકુમાર રીબડીયા, શ્રી બાબુભાઇ વાજા, શ્રી ભગાભાઇ બારડ, શ્રી મોહનલાલ વાળા, શ્રી પુંજાભાઇ વંશ, શ્રી પુનમભાઇ પરમાર, શ્રી ઇન્દ્રજીતસિંહ પરમાર, શ્રી અજીતસિંહ ચૌહાણ, શ્રી વજેસિંગભાઇ પણદા, શ્રી આનંદભાઇ ચૌધરી અને શ્રી પુનાભાઇ ગામીતે પોતાના સુધારા રજૂ કર્યા.

ત્યારબાદ આભાર પ્રસ્તાવ પરની ચર્ચામાં નીચેના સભ્યશ્રીઓએ ભાગ લીધો.

(૧) શ્રી આત્મારામ પરમાર
(૨) શ્રી પરેશભાઇ ધાનાણી (વિપક્ષના નેતાશ્રી)
(૩) શ્રી ઋષિકેશ પટેલ
(૪) શ્રીમતી વિભાવરીબેન દવે (રાજ્ય કક્ષાના મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી)

**(વિરામ બપોરના ૨–૩૦ થી ૩–૦૦)**

**૪. બિન–સરકારી કામકાજ**

**બિન–સરકારી વિધેયકો**

**(૧) દાખલ કરવાના બિન–સરકારી વિધેયક**

(૧) સન ૨૦૨૦નું ગુજરાત લાંબી બિમારીઓની સારવાર માટેનો તબીબી ખર્ચ માફ કરવા બાબત વિધેયક–માનનીય પ્રભારી સભ્યશ્રી વિરજીભાઇ ઠુમ્મર ગેરહાજર

(૨)સભ્યશ્રી ઇમરાન ખેડાવાલાએ સન ૨૦૨૧નું ગુજરાત બેરોજગારોને બેરોજગારી ભથ્થું ચૂકવવા બાબત વિધેયક સભાગૃહની અનુમતિથી દાખલ કર્યું.

**(૨) પહેલા, બીજા અને ત્રીજા વાંચન માટેના બિન–સરકારી વિધેયકો**

૧. સભ્યશ્રી અરવિંદભાઇ પટેલે ‘‘સન ૨૦૧૮નું વિધેયક ક્રમાંક–૨૧–સન ૨૦૧૮નું ગુજરાત સ્માર્ટ સીટીઝ વિકાસ સત્તામંડળ વિધેયકના પ્રથમ વાચનનો પ્રસ્તાવ રજૂ કર્યો અને તેના સમર્થનમાં પોતાનું મંતવ્ય વ્યકત કર્યું.

ત્યારબાદ નીચેના સભ્યશ્રીઓએ ચર્ચામાં ભાગ લીધો.

(૧) શ્રી જગદીશ વિશ્વકર્મા

(૨) શ્રી હિંમતસિંહ પટેલ

ચર્ચાનો જવાબ માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી નીતિનભાઇ પટેલે આપ્યો.

ત્યારબાદ સભાગૃહની અનુમતિથી વિધેયક પાછું ખેંચી લેવામાં આવ્યું.

૨. સભ્યશ્રી નરેશભાઇ પટેલે ‘‘સન ૨૦૧૮નું વિધેયક ક્રમાંક–૧૯–સન ૨૦૧૮નું ગુજરાત ઘરેલું કામદારો અને વૃદ્ધ વયની વ્યક્તિઓની દેખભાળ કરનારનું ફરજિયાત રજિસ્ટ્રેશન (રોજગાર નિયમન અને કલ્યાણ) વિધેયકના પ્રથમ વાચનનો પ્રસ્તાવ રજૂ કર્યો અને તેના સમર્થનમાં પોતાનું મંતવ્ય વ્યકત કર્યું.

ત્યારબાદ નીચેના સભ્યશ્રીઓએ ચર્ચામાં ભાગ લીધો.

(૧) ડો.અનિલ જોષીયારા

(૨) શ્રી સુખરામ રાઠવા

ચર્ચાનો જવાબ માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી દિલીપકુમાર ઠાકોરે આપ્યો.

ત્યારબાદ સભાગૃહની અનુમતિથી વિધેયક પાછું ખેંચી લેવામાં આવ્યું.

૩. સભ્ય શ્રી ઇમરાન ખેડાવાલાએ ‘‘સન ૨૦૨૦નું વિધેયક ક્રમાંક–૧–સન ૨૦૨૦નું ગુજરાત રોજગાર બાંયધરી વિધેયકના પ્રથમ વાચનનો પ્રસ્તાવ રજૂ કર્યો અને તેના સમર્થનમાં પોતાનું મંતવ્ય વ્યકત કર્યું.

ત્યારબાદ નીચેના સભ્યશ્રીઓએ ચર્ચામાં ભાગ લીધો.

(૧) શ્રી દુષ્યંતભાઇ પટેલ

(૨) શ્રી કીરીટકુમાર પટેલ

(૩) શ્રી પૂર્ણેશ મોદી

ચર્ચાનો જવાબ માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી દિલીપકુમાર ઠાકોરે આપ્યો.

ત્યારબાદ વિધેયકના પ્રથમ વાંચનનો પ્રસ્તાવ મત ઉપર મૂકવામાં આવ્યો અને તેનો અસ્વીકાર કરવામાં આવ્યો અને વિધેયક નામંજૂર કરવામાં આવ્યું.

**સભાગૃહ, શુક્રવાર તા.૫મી માર્ચ, ૨૦૨૧ના રોજ**
**બપોરના ૧૨.૦૦ વાગ્યે ફરી મળવા માટે સાંજના ૪.૪૯ વાગ્યે મુલતવી રહ્યું.**

**ગુજરાત વિધાનસભા સચિવાલય,**
**ગાંધીનગર.**
**તા. ૪થી માર્ચ, ૨૦૨૧**

**ડી.એમ.પટેલ**
**સચિવ,**
**ગુજરાત વિધાનસભા.**

ક્રમાંક–૪

**પત્રક ભાગ–૧**
**કાર્યવાહીની ટૂંકી નોંધ**
**ચૌદમી ગુજરાત વિધાનસભા**
**આઠમું સત્ર**
**શુક્રવાર, તા.૫મી માર્ચ, ૨૦૨૧**
**માનનીય અધ્યક્ષશ્રી રાજેન્દ્ર ત્રિવેદી અધ્યક્ષસ્થાને**
**સભાગૃહ બપોરના ૧૨.૦૦ વાગ્યે ફરી મળ્યું.**

**૧. તારાંકિત પ્રશ્નોત્તરી**

શુક્રવાર, તા.૫મી માર્ચ, ૨૦૨૧ના રોજની તારાંકિત પ્રશ્નોત્તરીની યાદીમાંના પ્રશ્નો અગ્રતાક્રમ ૧, ૨, ૪, ૫, ૬ અને ૭ના મૌખિક જવાબ આપવામાં આવ્યા.

ગેરહાજર રહેલ સભ્યશ્રીનો પ્રશ્ન અગ્રતાક્રમ–૩ને અતારાંકિત ગણવામાં આવ્યો.

સમયના અભાવે પૂછી ન શકાયેલા પ્રશ્નો અગ્રતાક્રમ ૮ થી ૨૮૧ને અતારાંકિત ગણવામાં આવ્યા.

પ્રશ્નોત્તરીનો સમય બપોરના ૧.૦૩ વાગ્યે પૂરો થયો.

**૨. સભાગૃહના મેજ ઉપર મૂકાયેલા કાગળો**

નીચેના કાગળો તેની નીચે દર્શાવેલ મંત્રીશ્રીઓએ સભાગૃહના મેજ ઉપર મૂક્યા.

(૧) નેશનલ હાઇ સ્પીડ રેલ કોર્પોરેશન લિમિટેડનો સન ૨૦૧૯–૨૦નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ તેમજ કોર્પોરેશનની કામગીરી અંગેની સરકારની સમીક્ષા

**માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી નીતિનભાઇ પટેલ**

(૨) ગુજરાત ગ્રામ ગૃહ નિર્માણ બોર્ડના સન ૨૦૧૮–૧૯ના અને સન ૨૦૧૯–૨૦ના વાર્ષિક વહીવટી અહેવાલ તથા સન ૨૦૧૮–૧૯ના વાર્ષિક હિસાબો અને તેના ઉપરના ઓડિટ રીમાર્કસ તેમજ સન ૨૦૧૮–૧૯ના વાર્ષિક વહીવટી અહેવાલ અને વાર્ષિક હિસાબોને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલા વિલંબ અંગેના કારણો દર્શાવતાં નિવેદન

**માનનીય રાજ્યકક્ષાના ગ્રામ ગૃહ નિર્માણ મંત્રીશ્રી બચુભાઇ ખાબડ**

(૩) ગુજરાત રાજ્ય માર્ગ વાહન વ્યવહાર નિગમનો સન ૨૦૧૬–૧૭નો વાર્ષિક હિસાબ અને ઓડિટ અહેવાલ તેમજ આ અહેવાલને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલા વિલંબ અંગેના કારણો દર્શાવતું નિવેદન

**માનનીય રાજ્યકક્ષાના વાહનવ્યવહાર મંત્રીશ્રી ઇશ્વરસિંહ પટેલ**

(૪) ગુજરાત વૃદ્ધિ કેન્દ્ર વિકાસ નિગમ લિમિટેડનો સન ૨૦૧૮–૧૯નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલથી ટિપ્પણ, નિગમની કામગીરી અંગેની સરકારની સમીક્ષા તેમજ આ અહેવાલને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલા વિલંબ અંગેના કારણો દર્શાવતું નિવેદન

**ઉદ્યોગ પ્રભાગનો હવાલો ધરાવતા માનનીય મંત્રીશ્રી સૌરભભાઇ પટેલ**

(૫) ગુજરાત ખનીજ વિકાસ નિગમ લિમિટેડનો સન ૨૦૧૯–૨૦નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલથી ટિપ્પણ તેમજ નિગમની કામગીરી અંગેની સરકારની સમીક્ષા

**ઉદ્યોગ પ્રભાગનો હવાલો ધરાવતા માનનીય મંત્રીશ્રી સૌરભભાઇ પટેલ**

(૬) ગુજરાત ઔદ્યોગિક વિકાસ નિગમનો સન ૨૦૧૭–૧૮નો વાર્ષિક અહેવાલ તેમજ આ અહેવાલને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલા વિલંબ અંગેના કારણો દર્શાવતું નિવેદન

**ઉદ્યોગ પ્રભાગનો હવાલો ધરાવતા માનનીય મંત્રીશ્રી સૌરભભાઇ પટેલ**

(૭) ગુજરાત માહિતી આયોગનો સન ૨૦૧૯–૨૦નો વાર્ષિક અહેવાલ

**માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી નીતિનભાઇ પટેલ**

(૮) સન ૨૦૧૭ના ગુજરાત માલ અને સેવા કર અધિનિયમ તેમજ ગુજરાત માલ અને સેવા કર નિયમો અન્વયેના નાણાં વિભાગના આ સાથેના પત્રકમાં જણાવ્યા મુજબના કુલ ૪૦ જાહેરનામા તેમજ આ જાહેરનામા પૈકી ક્રમાંક ૧ થી ૨૫ પરના જાહેરનામાને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલા વિલંબ અંગેના કારણો સમજાવતું નિવેદન

**માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી નીતિનભાઇ પટેલ**

| No. | Notification | Date |
|---|---|---|
| 1. | (GHN-101)GSTR-2019/S.164(48)TH | 10-10-2019 |
| 2. | (GHN-111)GSTR-2019/S.164(49)TH | 16-11-2019 |
| 3. | (GHN-21)GST-2020/R.46(2)TH | 27-03-2020 |
| 4. | (GHN-22)GST-2020/R.48(4)(2)TH | 27-03-2020 |
| 5. | (GHN-23)GST-2020/S.148(26)TH | 27-03-2020 |
| 6. | (GHN-24)GST-2020/S.148(27)TH | 27-03-2020 |
| 7. | (GHN-25)GST-2020/S.148(28)TH | 27-03-2020 |
| 8. | (GHN-26)GST-2020/S.25(6D)(1)TH | 27-03-2020 |
| 9. | (GHN-27)GST-2020/S.25(6B)(1)TH | 27-03-2020 |
| 10. | (GHN-33)GST-2020/S.50(2)TH | 09-04-2020 |
| 11. | (GHN-34)GST-2020/S.128(19)TH | 09-04-2020 |
| 12. | (GHN-37)GST-2020/S.168A(1)TH | 09-04-2020 |
| 13. | (GHN-42)GSTR-2020/S.164(57)TH | 07-05-2020 |
| 14. | (GHN-55)GST-2020/S.50(1)(1)TH | 29-06-2020 |
| 15. | (GHN-56)GST-2020/S.128(21)TH | 29-06-2020 |
| 16. | (GHN-57)GST-2020/S.128(22)TH | 29-06-2020 |
| 17. | (GHN-58)GSTR-2020/S.164(60)TH | 29-06-2020 |
| 18. | (GHN-61)GST-2020/S.172(17)TH | 29-06-2020 |
| 19. | (GHN-65)GST-2020/S.128(23)TH | 03-07-2020 |
| 20. | (GHN-73)GST-2020/R.48(4)(3)TH | 06-08-2020 |
| 21. | (GHN-78)GSTR-2020/S.164(63)TH | 25-08-2020 |
| 22. | (GHN-79)GST-2020/R.123(5)TH | 25-08-2020 |
| 23. | (GHN-81)GST-2020/S.1(11)TH | 31-08-2020 |
| 24. | (GHN-83)GST-2020/S.148(32)TH | 04-09-2020 |
| 25. | (GHN-85)GST-2020/S.168A(7)TH | 15-09-2020 |
| 26. | (GHN-89)GST-2020/S.168A(8)TH | 28-09-2020 |
| 27. | (GHN-90)GST-2020/S.128(24)TH | 28-09-2020 |
| 28. | (GHN-91)GST-2020/S.128(25)TH | 28-09-2020 |
| 29. | (GHN-93)GST-2020/R.46(3)TH | 07-10-2020 |
| 30. | (GHN-94)GST-2020/S.11(1)(52)TH | 07-10-2020 |
| 31. | (GHN-95)GSTR-2020/S.164(64)TH | 07-10-2020 |
| 32. | (GHN-96)GST-2020/R.48(4)(4)TH | 07-10-2020 |
| 33. | (GHN-97)GST-2020/S.148(33)TH | 08-10-2020 |
| 34. | (GHN-98)GST-2020/S.11(1)(53)TH | 17-10-2020 |
| 35. | GHN-100-GST-2020/S.148-34-TH | 21-10-2020 |
| 36. | GHN-101-GST-2020/S.148-35-TH | 21-10-2020 |
| 37. | (GHN-108)GST-2020/S.1(12)TH | 21-11-2020 |
| 38. | (GHN-112)GST-2020/R.48 (4)(5)TH | 21-11-2020 |
| 39. | (GHN-115)GST-2020/S.128(26)TH | 17-12-2020 |
| 40. | (GHN-118)GST-2020/S.1(13)TH | 31-12-2020 |

(૯) સન ૨૦૧૯ના ગુજરાત ઘર વપરાશ પાણી પુરવઠા (સંરક્ષણ) અધિનિયમ અન્વયેના નર્મદા, જળ સંપત્તિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગના તા.૨૯/૦૬/૨૦૨૦ના જાહેરનામા ક્રમાંકઃ વીએસપી–૧૦૨૦૧૯–વી.૧–ખ–૪ તેમજ આ જાહેરનામાને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલા વિલંબ અંગેના કારણો દર્શાવતું નિવેદન

**માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી કુંવરજીભાઇ બાવળીયા**

**૩. રાજ્યપાલશ્રીના સંબોધન માટેના આભાર પ્રસ્તાવ પર ચર્ચા (બીજો દિવસ)**

માનનીય અધ્યક્ષશ્રીએ, સભ્યશ્રી આત્મારામ પરમારે, સભ્યશ્રી ઋષિકેશ પટેલના અનુમોદનથી તા.૧લી માર્ચ, ૨૦૨૧ના રોજ રજૂ કરેલ નીચે મુજબનો પ્રસ્તાવ સભાગૃહ સમક્ષ વાંચી સંભળાવ્યો.

રાજ્યપાલશ્રીને નીચે મુજબનો સંદેશો પાઠવવો.

‘‘અમો, આ સત્રમાં એકત્ર થયેલા ગુજરાત વિધાનસભાના સભ્યો, રાજ્યપાલશ્રીએ આ સભાગૃહ

સમક્ષ કરેલ સંબોધન બદલ તેમનો આભાર માનીએ છીએ.''

ત્યારબાદ આભાર પ્રસ્તાવ પરની ચર્ચામાં નીચેના સભ્યશ્રીઓએ ભાગ લીધો.

(૧) શ્રી વિજય પટેલ
(૨) શ્રી વિરજીભાઇ ઠુમ્મર
(૩) શ્રી પ્રદિપસિંહ જાડેજા (રાજ્યકક્ષાના ગૃહ મંત્રીશ્રી)
(૪) ડો. સી.જે.ચાવડા
(૫) શ્રી દુષ્યંતભાઇ પટેલ

**(વિરામ બપોરના ૨–૨૯ થી ૩–૦૦)**

(૬) શ્રી પ્રેમસિંહભાઇ દે. વસાવા
(૭) શ્રી સુરેશભાઇ પટેલ
(૮) શ્રી અમરીષભાઇ ડેર
(૯) શ્રીમતી સંગીતાબેન પાટીલ
(૧૦) શ્રી ઋત્વિકભાઇ મકવાણા
(૧૧) શ્રી રાકેશભાઇ શાહ
(૧૨) ડો.અનિલ જોષીયારા
(૧૩) શ્રીમતી મનીષાબેન વકીલ
(૧૪) શ્રી બ્રિજેશ મેરજા
(૧૫) શ્રી નૌશાદ સોલંકી
(૧૬) શ્રી પૂર્ણેશ મોદી
(૧૭) શ્રી રમણભાઇ પટેલ
(૧૮) શ્રીમતી ગેનીબેન ઠાકોર
(૧૯) શ્રી જીતુભાઇ ચૌધરી
(૨૦) શ્રી અક્ષયકુમાર પટેલ
(૨૧) શ્રી પ્રદ્યુમનસિંહ જાડેજા
(૨૨) શ્રી કુબેરભાઇ ડીંડોર

**સભાગૃહ, શનિવાર તા.૬ઠ્ઠી માર્ચ, ૨૦૨૧ના રોજ**
**સવારના ૧૦.૦૦ વાગ્યે ફરી મળવા માટે સાંજના ૪.૫૮ વાગ્યે મુલતવી રહ્યું.**

**ગુજરાત વિધાનસભા સચિવાલય,**
**ગાંધીનગર.**
**તા. ૫મી માર્ચ, ૨૦૨૧**

**ડી.એમ.પટેલ**
**સચિવ,**
**ગુજરાત વિધાનસભા.**

**ક્રમાંક–૫**

**પત્રક ભાગ–૧**
**કાર્યવાહીની ટૂંકી નોંધ**
**ચૌદમી ગુજરાત વિધાનસભા**
**આઠમું સત્ર**
**શનિવાર, તા.૬ઠ્ઠી માર્ચ, ૨૦૨૧**
**માનનીય અધ્યક્ષશ્રી રાજેન્દ્ર ત્રિવેદી અધ્યક્ષસ્થાને**
**સભાગૃહ સવારના ૧૦.૦૦ વાગ્યે મળ્યું.**

**૧. તારાંકિત પ્રશ્નોત્તરી**

શનિવાર, તા.૬ઠ્ઠી માર્ચ, ૨૦૨૧ના રોજની તારાંકિત પ્રશ્નોત્તરીની યાદીમાંના પ્રશ્નો અગ્રતાક્રમ ૨, ૩, ૫, ૬ અને ૭ના મૌખિક જવાબ આપવામાં આવ્યા.

ગેરહાજર રહેલ સભ્યશ્રીના પ્રશ્ન અગ્રતાક્રમ– ૧ અને ૪ને અતારાંકિત ગણવામાં આવ્યા.

સમયના અભાવે પૂછી ન શકાયેલા પ્રશ્નો અગ્રતાક્રમ ૮ થી ૨૮૪ને અતારાંકિત ગણવામાં આવ્યા.

પ્રશ્નોત્તરીનો સમય સવારના ૧૧.૦૦ વાગ્યે પૂરો થયો.

**૨. પોઇન્ટ ઓફ ઓર્ડર**

**એક સરખા તારાંકિત પ્રશ્નના અલગ અલગ જવાબ આપવા અંગે.**

સભ્યશ્રી પુંજાભાઇ વંશે તારાંકિત પ્રશ્ન ક્રમાંક–૧૫૬ અને ૨૩૩માં એક સરખા સમય ગાળા દરમિયાન અમદાવાદ જિલ્લાની ગૌચર અને ખરાબાની જમીનની ફાળવણીના ક્ષેત્રફળ અલગ અલગ દર્શાવ્યા છે તેમ જણાવી પોઇન્ટ ઓફ ઓર્ડરનો મુદ્દો ઉપસ્થિત કરતાં માનનીય સંસદીય બાબતોના મંત્રીશ્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમાએ આ બાબતે ચકાસણી કરવામાં આવશે તેમ જણાવ્યું. ત્યારબાદ નાયબ મુખ્યમંત્રીશ્રી નીતિનભાઇ પટેલે તારાંકિત પ્રશ્ન ક્રમાંક–૧૫૬ માં અમદાવાદ અને બોટાદ જિલ્લાની જમીનની ફાળવણીના ક્ષેત્રફળની માહિતી છે. જ્યારે પ્રશ્ન ક્રમાંક–૨૩૩માં અમદાવાદ અને ગાંધીનગર જિલ્લાની જમીનની ફાળવણીના ક્ષેત્રફળની માહિતી હોઇ માનનીય સભ્યશ્રી પુંજાભાઇ વંશનો પોઇન્ટ ઓફ ઓર્ડર રહેતો નથી તેમ જણાવ્યું. ત્યારબાદ સભ્યશ્રી પુંજાભાઇ વંશે આ બાબતે તેઓશ્રીએ બન્ને પ્રશ્નમાં જણાવેલ અમદાવાદ જિલ્લાની ગૌચર અને ખરાબાની જમીનની ફાળવણીના ક્ષેત્રફળના સરવાળામાં તફાવત હોઇ, માનનીય મંત્રીશ્રીએ આપેલ આંકડાકીય માહિતી ગૃહને ગેરમાર્ગે દોરનારી હોઇ માનનીય મંત્રીશ્રીને ઠપકો આપી ભવિષ્યમાં આ બાબતનું પુનરાવર્તન ન થાય તે માટે કાળજી રાખવા જણાવવું જોઇએ તેમ જણાવતાં, માનનીય મહેસૂલ મંત્રીશ્રી કૌશિકભાઇ પટેલે આ બાબતે ડિટેઇલમાં તપાસ કરીને સભાગૃહને માહિતી આપશે તેમ જણાવ્યું, માનનીય અધ્યક્ષશ્રીએ સરકારશ્રી તરફથી માહિતી મળેથી સભ્યશ્રી પુંજાભાઇ વંશના પોઇન્ટ ઓફ ઓર્ડર પર તેઓશ્રી પછીથી નિર્ણય આપશે તેમ જણાવ્યું.

**૩. અતારાંકિત પ્રશ્નોત્તરી**

માનનીય અધ્યક્ષશ્રીએ પહેલી, બીજી, ત્રીજી, ચોથી, પાંચમી અને છઠ્ઠી અતારાંકિત યાદી સભાગૃહના મેજ પર મૂકી.

**૪. રાજ્યપાલશ્રીના સંબોધન માટેના આભાર પ્રસ્તાવ પર ચર્ચા (ત્રીજો અને છેલ્લો દિવસ)**

માનનીય અધ્યક્ષશ્રીએ, સભ્યશ્રી આત્મારામ પરમારે, સભ્યશ્રી ઋષિકેશ પટેલના અનુમોદનથી તા.૧લી માર્ચ, ૨૦૨૧ના રોજ રજૂ કરેલ નીચે મુજબનો પ્રસ્તાવ સભાગૃહ સમક્ષ વાંચી સંભળાવ્યો.

રાજ્યપાલશ્રીને નીચે મુજબનો સંદેશો પાઠવવો.

''અમો, આ સત્રમાં એકત્ર થયેલા ગુજરાત વિધાનસભાના સભ્યો, રાજ્યપાલશ્રીએ આ સભાગૃહ સમક્ષ કરેલ સંબોધન બદલ તેમનો આભાર માનીએ છીએ.''

ત્યારબાદ આભાર પ્રસ્તાવ પરની ચર્ચામાં નીચેના સભ્યશ્રીઓએ ભાગ લીધો.

(૧) ડો.નીમાબેન આચાર્ય (૪) શ્રી પુંજાભાઇ વંશ
(૨) શ્રી અમિત ચાવડા (૫) શ્રી હર્ષ સંઘવી (પ્રવચન અધૂરું)
(૩) શ્રી જગદીશ વિશ્વકર્મા

**(વિરામ બપોરના ૧૨–૦૦ થી ૧૨–૩૦)**

સભ્યશ્રી હર્ષ સંઘવીએ તેમનું અધૂરું રહેલ પ્રવચન પૂર્ણ કર્યા બાદ નીચેના વધુ સભ્યશ્રીઓએ ચર્ચામાં ભાગ લીધો.

| | |
|---|---|
| (૬) શ્રી કાળાભાઇ ડાભી | (૧૦) શ્રી પિયુષભાઇ દેસાઇ |
| (૭) શ્રી જીગ્નેશકુમાર મેવાણી | (૧૧) ડો.આશાબેન પટેલ |
| (૮) શ્રી બાબુભાઇ જ.પટેલ | (૧૨) શ્રી શૈલેષ પરમાર |
| (૯) શ્રી ગ્યાસુદ્દીન શેખ | (૧૩) શ્રી નરેશભાઇ પટેલ |

આભાર પ્રસ્તાવ પરની ચર્ચાનો જવાબ માનનીય મુખ્યમંત્રીશ્રી વિજયભાઇ રૂપાણીએ આપ્યો.

ત્યારબાદ રાજ્યપાલશ્રીના સંબોધન માટેના આભાર પ્રસ્તાવ પર રજૂ થયેલા સુધારા ક્રમાંક– ૧, ૨, ૩, ૪, ૫, ૯, ૧૦, ૧૪, ૧૫, ૧૭, ૨૦, ૨૧, ૨૨, ૨૩, ૨૪, ૨૬, ૨૭, ૨૮, ૨૯, ૩૦, ૩૩ અને ૩૪ મત ઉપર મૂકવામાં આવ્યા અને તેનો અસ્વીકાર કરવામાં આવ્યો.

ત્યારબાદ રાજ્યપાલશ્રીના સંબોધન માટેનો આભાર પ્રસ્તાવ મત ઉપર મૂકવામાં આવ્યો અને તેનો સ્વીકાર કરવામાં આવ્યો.

**સભાગૃહ, સોમવાર તા. ૮મી માર્ચ, ૨૦૨૧ના રોજ**
**બપોરના ૧૨.૦૦ વાગ્યે ફરી મળવા માટે બપોરના ૨.૨૯ વાગ્યે મુલતવી રહ્યું.**

**ગુજરાત વિધાનસભા સચિવાલય,**
**ગાંધીનગર.**
**તા. ૬ઠ્ઠી માર્ચ, ૨૦૨૧**

**ડી.એમ.પટેલ**
**સચિવ,**
**ગુજરાત વિધાનસભા.**

**ક્રમાંક–૬**

**પત્રક ભાગ–૧**
**કાર્યવાહીની ટૂંકી નોંધ**
**ચૌદમી ગુજરાત વિધાનસભા**
**આઠમું સત્ર**

**સોમવાર, તા.૮મી માર્ચ, ૨૦૨૧**
**માનનીય અધ્યક્ષશ્રી રાજેન્દ્ર ત્રિવેદી અધ્યક્ષસ્થાને**
**સભાગૃહ બપોરના ૧૨.૦૦ વાગ્યે ફરી મળ્યું.**

**૧. તારાંકિત પ્રશ્નોત્તરી**

સોમવાર, તા.૮મી માર્ચ, ૨૦૨૧ના રોજની તારાંકિત પ્રશ્નોત્તરીની યાદીમાંના પ્રશ્નો અગ્રતાક્રમ ૧, ૨, ૩, ૪, ૫ અને ૬ના મૌખિક જવાબ આપવામાં આવ્યા.

સમયના અભાવે પૂછી ન શકાયેલા પ્રશ્નો અગ્રતાક્રમ ૭ થી ૨૫૧ને અતારાંકિત ગણવામાં આવ્યા.

પ્રશ્નોત્તરીનો સમય બપોરના ૧.૦૦ વાગ્યે પૂરો થયો.

**૨. તારાંકિત પ્રશ્નોત્તરીના જવાબમાં વિસંગતતા અંગે પોઇન્ટ ઓફ ઓર્ડર**

સભ્યશ્રી વિરજીભાઇ ઠુમ્મરે આજ તા.૦૮–૦૩–૨૦૨૧ની બેઠકની તારાંકિત પ્રશ્નોત્તરીના પ્રશ્ન અગ્રતાક્રમ–૧૨૯ અને તા.૦૩–૦૩–૨૦૨૧ની પહેલી બેઠકના રોજની તારાંકિત પ્રશ્નોત્તરીના પ્રશ્ન અગ્રતાક્રમ–૪ના માનનીય સભ્યશ્રીઓએ પૂછેલા એક સરખા પ્રશ્નોના જવાબોમાં વિસંગતતા હોવા અંગેનો પોઇન્ટ ઓફ ઓર્ડરનો મુદ્દો ઉપસ્થિત કરી માનનીય અધ્યક્ષશ્રીનું માર્ગદર્શન માગતાં, માનનીય મંત્રીશ્રીએ આ બાબતે તપાસ કરી જણાવવામાં આવશે તેમ જણાવતાં, માનનીય અધ્યક્ષશ્રીએ ખુલાસો રજૂ થયેથી, ચકાસણી કરી પોઇન્ટ ઓફ ઓર્ડરનો નિર્ણય આપશે તેમ જણાવ્યું.

**3. તારાંકિત પ્રશ્નોત્તરીના જવાબમાં વિસંગતતા અંગે પોઇન્ટ ઓફ ઓર્ડર**

સભ્યશ્રી પુંજાભાઇ વંશે આજ તા.૦૮–૦૩–૨૦૨૧ની બેઠકની તારાંકિત પ્રશ્નોત્તરીના પ્રશ્ન અગ્રતાક્રમ– ૧૪૫ અને તા.૦૩–૦૩–૨૦૨૧ની પહેલી બેઠકના રોજની તારાંકિત પ્રશ્નોત્તરીના પ્રશ્ન અગ્રતાક્રમ–૧૪૨ તથા તા.૦૮–૦૩–૨૦૨૧ની બેઠકની તારાંકિત પ્રશ્નોત્તરીના પ્રશ્ન અગ્રતાક્રમ– ૨૨૪ અને તા.૦૩–૦૩–૨૦૨૧ની પહેલી બેઠકના રોજની તારાંકિત પ્રશ્નોત્તરીના પ્રશ્ન અગ્રતાક્રમ–૨૦૪ના માનનીય સભ્યશ્રીઓએ પૂછેલા એક સરખા પ્રશ્નોના જવાબોમાં વિસંગતતા હોવા અંગેનો પોઇન્ટ ઓફ ઓર્ડરનો મુદ્દો ઉપસ્થિત કરી માનનીય અધ્યક્ષશ્રીનું માર્ગદર્શન માગતાં, માનનીય મંત્રીશ્રીએ આ બાબતે તપાસ કરી ગૃહને જણાવવામાં આવશે તેમ જણાવતાં, માનનીય અધ્યક્ષશ્રીએ ખુલાસો રજૂ થયેથી, ચકાસણી કરી પોઇન્ટ ઓફ ઓર્ડરનો નિર્ણય આપશે તેમ જણાવ્યું.

**૪. માનનીય અધ્યક્ષશ્રીની જાહેરાત**

માનનીય અધ્યક્ષશ્રીએ ગુજરાત વિધાનસભાની અંદાજ સમિતિ, જાહેર હિસાબ સમિતિ, જાહેર સાહસો માટેની સમિતિ અને પંચાયતિ રાજ સમિતિ ઉપર ૧૫–૧૫ સભ્યોની ચૂંટણી માટેના કાર્યક્રમની જાહેરાત કરી.

**૫. વિધાનસભાની સમિતિના અહેવાલની રજૂઆત**

બિન–સરકારી સભ્યોનાં કામકાજ માટેની સમિતિના સભ્યશ્રી ડો.આશાબેન પટેલે સમિતિનો અગિયારમો અહેવાલ સભાગૃહ સમક્ષ રજૂ કર્યો.

૬. બિન–સરકારી સભ્યોનાં કામકાજ માટેની સમિતના માનનીય સભ્યશ્રી ડો.આશાબેન પટેલે નીચે મુજબનો પ્રસ્તાવ રજૂ કર્યો.

“ આ સભાગૃહ, બિન–સરકારી સભ્યોનાં કામકાજ માટેની સમિતિના અગિયારમા અહેવાલ સાથે સંમત થાય.”

**પ્રસ્તાવ મત માટે મૂકવામાં આવ્યો અને તેનો સર્વાનુમતે સ્વીકાર કરવામાં આવ્યો.**

**૭. વિશ્વ મહિલા દિન નિમિત્તે મહિલાઓને શુભેચ્છા.**

વિશ્વ મહિલા દિન નિમિત્તે માનનીય મુખ્યમંત્રીશ્રી વિજયભાઇ રૂપાણી અને વિપક્ષના નેતાશ્રી પરેશભાઇ ધાનાણીએ સમગ્ર રાજ્ય, દેશ, વિશ્વ અને સભાગૃહની તમામ મહિલાઓને શુભેચ્છાઓ પાઠવી.

**૮. પૂરક માગણીઓ પર ચર્ચા અને મતદાન (પહેલો દિવસ)**

પૂરક માગણીઓ રજૂ કરવાના તબક્કે માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી નીતિનભાઇ પટેલે સન ૨૦૨૦–૨૧ના વર્ષ માટેની પૂરક માગણીઓની વિચારણા કરવા માટે સંવિધાનના અનુચ્છેદ ૨૦૩(૩)ની સાથે વાંચતા અનુચ્છેદ ૨૦૫ અન્વયેની માનનીય રાજ્યપાલશ્રીએ વિધાનસભાને કરેલી સિફારસ વાંચી સંભળાવી.

ત્યારબાદ માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી નીતિનભાઇ પટેલે, શહેરી વિકાસને લગતી સેવા અંગેની શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગની મહેસૂલી અને મૂડી ખર્ચ માટેની પૂરક માગણી ક્રમાંક ૧૦૨, તબીબી અને જાહેર આરોગ્યને લગતી સેવા અંગેની આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગની મહેસૂલ અને મૂડી ખર્ચ માટેની પૂરક માગણી ક્રમાંક ૩૯, સહકારને લગતી સેવા અંગેની કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગની મહેસૂલ અને મૂડી ખર્ચ માટેની પૂરક માગણી ક્રમાંક ૫, શિક્ષણને લગતી સેવા અંગેની શિક્ષણ વિભાગની મહેસૂલી ખર્ચ માટેની પૂરક માગણી ક્રમાંક ૯ અને વીજળી શક્તિ પરિયોજનાઓને લગતી સેવા અંગેની ઊર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગની મહેસૂલી ખર્ચ માટેની પૂરક માગણી ક્રમાંક ૧૩ રજૂ કરી.

પૂરક માગણીઓ જેમ જેમ રજૂ થતી ગઇ તેમ તેમ પૂરક માગણી ક્રમાંક ૧૦૨ ઉપરની કાપ દરખાસ્ત ક્રમાંક–૧, પૂરક માગણી ક્રમાંક ૩૯ ઉપરની કાપ દરખાસ્ત ક્રમાંક–૨, ૩, ૫, ૬, ૭, ૯, ૧૦ અને ૧૧, પૂરક માગણી ક્રમાંક ૫ ઉપરની કાપ દરખાસ્ત ક્રમાંક–૧૨, ૧૩, ૧૪, ૧૫ અને ૧૬, પૂરક માગણી ક્રમાંક ૯ ઉપરની કાપ દરખાસ્ત ક્રમાંક–૧૭, ૧૮, ૧૯ અને ૨૦ તથા પૂરક માગણી ક્રમાંક ૧૩ ઉપરની કાપ દરખાસ્ત ક્રમાંક–૨૧ અને ૨૨ સંબંધિત સભ્યશ્રીઓએ રજૂ કરી.

પૂરક માગણીઓ ઉપરની ચર્ચા શરૂ થવાના તબક્કે માનનીય અધ્યક્ષશ્રીએ પૂરક માગણીઓ પરની ચર્ચાની મર્યાદા અંગે ગૃહને માર્ગદર્શન આપ્યું.

ત્યારબાદ રજૂ થયેલી પૂરક માગણીઓ અને તેના પર રજૂ થયેલી કાપ દરખાસ્તો પર ભેગી ચર્ચા શરૂ થઇ.

ત્યારબાદ નીચેના સભ્યશ્રીઓએ ચર્ચામાં ભાગ લીધો.

(૧) શ્રી પુંજાભાઇ વંશ
(૨) શ્રી સુરેશભાઇ પટેલ
(૩) શ્રી વિવેકભાઇ પટેલ
(૪) ડો. અનિલ જોષીયારા
(૫) શ્રી રાઘવજીભાઇ પટેલ
(૬) શ્રી અરવિંદ રાણા
(૭) શ્રી વિરજીભાઇ ઠુમ્મર
(૮) શ્રી કનુભાઇ દેસાઇ
(૯) શ્રી જગદીશભાઇ પટેલ
(૧૦) ડો. આશાબેન પટેલ
(૧૧) શ્રી વિનોદભાઇ મોરડીયા

**(વિરામ બપોરના ૨–૩૦ થી ૩–૦૦)**

વિરામ બાદ નીચેના વધુ સભ્યશ્રીઓએ ચર્ચામાં ભાગ લીધો.

(૧૨) શ્રી સુખરામભાઇ રાઠવા
(૧૩) શ્રી બલરાજસિંહ ચૌહાણ
(૧૪) શ્રી મહેશકુમાર રાવલ
(૧૫) શ્રી અરૂણસિંહ રણા
(૧૬) શ્રી અમરીષભાઇ ડેર
(૧૭) શ્રીમતી માલતીબેન મહેશ્વરી
(૧૮) શ્રી હિંમતસિંહ પટેલ
(૧૯) શ્રી કેતનભાઇ ઇનામદાર
(૨૦) શ્રી જીગ્નેશકુમાર સેવક
(૨૧) શ્રી રમેશભાઇ કટારા
(૨૨) શ્રી પરસોત્તમભાઇ સાબરીયા
(૨૩) શ્રીમતી ગેનીબેન ઠાકોર
(૨૪) શ્રી વી.ડી. ઝાલાવાડીયા
(૨૫) શ્રી બ્રિજેશ મેરજા
(૨૬) શ્રીમતી સીમાબેન મોહીલે
(૨૭) શ્રી ગ્યાસુદ્દીન શેખ
(૨૮) શ્રી હિતુ કનોડીયા

**૯. માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રીની જાહેરાત**

**વિશ્વ મહિલા દિન નિમિત્તે મહિલા ધારાસભ્યશ્રીઓની ગ્રાન્ટમાં વધારો કરવા બાબત.**

માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી નીતિનભાઇ પટેલે આજના મહિલા દિન નિમિત્તે મહિલા ધારાસભ્યોના મત વિસ્તારમાં માર્ગ અને મકાન વિભાગને લગતી કામગીરીમાં એક કરોડ રૂપિયાની વધારાની ગ્રાન્ટ આપવામાં આવશે તેવી જાહેરાત કરી.

**૧૦. પૂરક માગણીઓ પર ચર્ચા અને મતદાન (પહેલો દિવસ) (ક્રમશઃ)**

ત્યારબાદ નીચેના વધુ સભ્યશ્રીઓએ ચર્ચામાં ભાગ લીધો.

(૨૯) શ્રી કનુભાઇ પટેલ
(૩૧) શ્રી ભગાભાઇ બારડ

(૩૦) શ્રી રમણભાઇ પટેલ

ત્યારબાદ ચર્ચાનો જવાબ માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી નીતિનભાઇ પટેલે આપ્યો.

ત્યારબાદ પૂરક માગણી ક્રમાંક– ૩૯ પરની કાપ દરખાસ્ત ક્રમાંક– ૨, ૩, ૫, ૬, ૭, ૯, ૧૦ અને ૧૧ પરત ખેંચવામાં આવી.

ત્યારબાદ રજૂ થયેલ કાપ દરખાસ્તો ક્રમાંક ૧, ૧૨, ૧૩, ૧૪, ૧૫, ૧૬, ૧૭, ૧૮, ૧૯, ૨૦, ૨૧ અને ૨૨ મત ઉપર મૂકવામાં આવી અને તેનો અસ્વીકાર કરવામાં આવ્યો.

ત્યારબાદ પૂરક માગણી ક્રમાંક ૧૦૨, ૩૯, ૫, ૯ અને ૧૩ મત ઉપર મૂકવામાં આવી અને તેનો સ્વીકાર કરવામાં આવ્યો.

**સભાગૃહ, મંગળવાર તા. ૯મી માર્ચ, ૨૦૨૧ના રોજ**
**બપોરના ૧૨.૦૦ વાગ્યે ફરી મળવા માટે સાંજના ૪.૫૨ વાગ્યે મુલતવી રહ્યું.**

**ગુજરાત વિધાનસભા સચિવાલય,**
**ગાંધીનગર.**
**તા. ૮મી માર્ચ, ૨૦૨૧**

**ડી.એમ.પટેલ**
**સચિવ,**
**ગુજરાત વિધાનસભા.**

ક્રમાંક–૭

**પત્રક ભાગ–૧**
**કાર્યવાહીની ટૂંકી નોંધ**
**ચૌદમી ગુજરાત વિધાનસભા**
**આઠમું સત્ર**
**મંગળવાર, તા.૯મી માર્ચ, ૨૦૨૧**
**માનનીય અધ્યક્ષશ્રી રાજેન્દ્ર ત્રિવેદી અધ્યક્ષસ્થાને**
**સભાગૃહ બપોરના ૧૨.૦૦ વાગ્યે ફરી મળ્યું.**

**૧. તારાંકિત પ્રશ્નોત્તરી**

મંગળવાર, તા.૯મી માર્ચ, ૨૦૨૧ના રોજની તારાંકિત પ્રશ્નોત્તરીની યાદીમાંના પ્રશ્નો અગ્રતાક્રમ ૧, ૨, ૩, ૪, ૫, ૬ અને ૭ના મૌખિક જવાબ આપવામાં આવ્યા.

સમયના અભાવે પૂછી ન શકાયેલા પ્રશ્નો અગ્રતાક્રમ ૮ થી ૩૧૪ને અતારાંકિત ગણવામાં આવ્યા.

પ્રશ્નોત્તરીનો સમય બપોરના ૧.૦૦ વાગ્યે પૂરો થયો.

**૨. તારાંકિત પ્રશ્નોત્તરીના જવાબમાં વિસંગતતા અંગે પોઈન્ટ ઓફ ઓર્ડર**

(૧) સભ્યશ્રી પુંજાભાઇ વંશે આજ તા.૦૯–૦૩–૨૦૨૧ની બેઠકની તારાંકિત પ્રશ્નોત્તરીના પ્રશ્ન અગ્રતાક્રમ– ૧૩૮, ૧૭૦, ૧૯૧, ૨૭૩, ૨૮૨, ૨૮૩ અને ૩૦૯ના પ્રશ્નોના જવાબમાં વિસંગતતા બાબતે તથા અગ્રતાક્રમ ૨૫૪ના જવાબમાં વિસંગતતા બાબતનો પોઇન્ટ ઓફ ઓર્ડરનો મુદ્દો ઉપસ્થિત કરી માનનીય અધ્યક્ષશ્રીનું માર્ગદર્શન માગતાં, માનનીય મંત્રીશ્રીએ આ બાબતે તપાસ કરી જણાવવામાં આવશે તેમ જણાવતાં, માનનીય અધ્યક્ષશ્રીએ ખુલાસો રજૂ થયેથી, ચકાસણી કરી પોઇન્ટ ઓફ ઓર્ડરનો નિર્ણય આપશે તેમ જણાવ્યું.

માનનીય ઊર્જા મંત્રીશ્રી સૌરભભાઇ પટેલે સભ્યશ્રી પુંજાભાઇ વંશના તા.૦૯–૦૩–૨૦૨૧ની બેઠકની તારાંકિત પ્રશ્નોત્તરીના પ્રશ્ન અગ્રતાક્રમ– ૧૩૮, ૧૭૦, ૧૯૧, ૨૭૩, ૨૮૨, ૨૮૩ અને ૩૦૯ના પ્રશ્નોના જવાબમાં વિસંગતતા બાબતે ટાઈપીંગ ક્ષતિ થયાનો સ્વીકાર કર્યો તથા ૨૫૪નો જવાબ બરાબર હોવાનો ખુલાસો કરતાં, માનનીય અધ્યક્ષશ્રીએ તેમનો ખુલાસો ગ્રાહ્ય રાખી પોઇન્ટ ઓફ ઓર્ડરનો નિકાલ કર્યો.

(૨) સભ્યશ્રી વિરજીભાઇ ઠુમ્મરે આજ તા.૦૯–૦૩–૨૦૨૧ની બેઠકની તારાંકિત પ્રશ્નોત્તરીના પ્રશ્ન અગ્રતાક્રમ–૬૦માં વિસંગતતા હોવા અંગેનો પોઇન્ટ ઓફ ઓર્ડરનો મુદ્દો ઉપસ્થિત કરી માનનીય અધ્યક્ષશ્રીનું માર્ગદર્શન માગતાં, માનનીય ઊર્જા મંત્રીશ્રી સૌરભભાઇ પટેલે જવાબમાં વિગતો બરાબર હોવાનું જણાવતાં, માનનીય અધ્યક્ષશ્રીએ તેમનો ખુલાસો ગ્રાહ્ય રાખી પોઇન્ટ ઓફ ઓર્ડર નામંજૂર કર્યો.

**૩. માનનીય અધ્યક્ષશ્રીની જાહેરાત**

માનનીય અધ્યક્ષશ્રીએ સંસદીય કાર્યરીતિ અને પ્રણાલીઓના ખૂબ જ મહત્ત્વના સ્ત્રોત તરીકે સન ૧૯૬૦થી સન ૨૦૨૦ સુધીમાં ગૃહમાં અધ્યક્ષ સ્થાનેથી અપાયેલ નિર્ણયોના સંકિલત પુસ્તકનું માનનીય મુખ્યમંત્રીશ્રી વિજયભાઇ રૂપાણી, નાયબ મુખ્યમંત્રીશ્રી નીતિનભાઇ પટેલ, વિપક્ષના નેતાશ્રી પરેશ ધાનાણી, સંસદીય બાબતોના મંત્રીશ્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમા, રાજ્યકક્ષાના સંસદીય બાબતોના મંત્રીશ્રી પ્રદિપસિંહ જાડેજા, વિપક્ષના ઉપનેતાશ્રી શૈલેષ પરમાર, મુખ્ય દંડકશ્રી પંકજભાઇ દેસાઇ, વિપક્ષના દંડકશ્રી અશ્વિનભાઇ કોટવાલની ઉપસ્થિતિમાં વિમોચન કર્યું. ત્યારબાદ માનનીય મુખ્યમંત્રીશ્રી વિજયભાઇ રૂપાણી, વિપક્ષના નેતાશ્રી પરેશ ધાનાણી, સંસદીય બાબતોના મંત્રીશ્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમા અને રાજ્યકક્ષાના સંસદીય બાબતોના મંત્રીશ્રી પ્રદિપસિંહ જાડેજાએ સંસદીય કાર્યરીતિ અને પ્રણાલીઓના મહત્ત્વ અને સંસદીય કાર્યરીતિ અને પ્રણાલીઓના પુસ્તકની સભાગૃહની કાર્યવાહી દરમિયાનની ઉપયોગીતા વિશે સભાગૃહને જાણકારી આપી અને માનનીય અધ્યક્ષશ્રીને અભિનંદન પાઠવ્યા.

**૪. સભાગૃહના મેજ ઉપર મૂકાયેલા કાગળો**

નીચેના કાગળો તેની નીચે દર્શાવેલ મંત્રીશ્રીઓએ રજૂ કર્યા.

(૧) આલ્કોક એશડાઉન (ગુજરાત) લિમિટેડનો સન ૨૦૧૯–૨૦નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ તેમજ કંપનીની કામગીરી અંગેની સરકારની સમીક્ષા

**ઉદ્યોગ પ્રભાગનો હવાલો ધરાવતા માનનીય મંત્રીશ્રી સૌરભભાઇ પટેલ**

(૨) કામધેનુ યુનિવર્સિટીના સન ૨૦૦૯–૧૦ થી સન ૨૦૧૩–૧૪ના પુરવણી ઓડિટ અહેવાલ, સન ૨૦૧૪–૧૫નો તૃતિય ઓડિટ અહેવાલ અને સન ૨૦૧૫–૧૬નો ચતુર્થ ઓડિટ અહેવાલ તથા આ અહેવાલોને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલા વિલંબ અંગેના કારણો દર્શાવતાં નિવેદન

**માનનીય રાજ્યકક્ષાના પશુપાલન મંત્રીશ્રી બચુભાઇ ખાબડ**

(૩) નવસારી કૃષિ યુનિવર્સિટીનો સન ૨૦૧૪–૧૫નો ઓડિટ અહેવાલ અને તેના ઉપર લેવાયેલ પગલાંનું નિવેદન તથા વાર્ષિક હિસાબ તેમજ આ અહેવાલને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલા વિલંબ અંગેના કારણો દર્શાવતું નિવેદન

**માનનીય રાજ્યકક્ષાના કૃષિ મંત્રીશ્રી જયદ્રથસિંહ પરમાર**

(૪) ગુજરાત હાઉસિંગ બોર્ડનો સન ૨૦૧૯–૨૦નો વાર્ષિક વહીવટી અહેવાલ

**માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી નીતિનભાઇ પટેલ**

(૫) ગુજરાત સ્લમ ક્લીયરન્સ બોર્ડના સન ૨૦૧૭–૧૮ના વાર્ષિક હિસાબો અને ઓડિટ અહેવાલ તેમજ આ અહેવાલને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલા વિલંબ અંગેના કારણો દર્શાવતું નિવેદન

**માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી નીતિનભાઇ પટેલ**

(૬) ગુજરાત ઔદ્યોગિક વિકાસ નિગમના સન ૨૦૧૯–૨૦ના સુધારેલ અંદાજો તથા સન ૨૦૨૦–૨૧ના સૂચિત અંદાજો

**ઉદ્યોગ પ્રભાગનો હવાલો ધરાવતા માનનીય મંત્રીશ્રી સૌરભભાઇ પટેલ**

(૭) ગુજરાત મેરીટાઇમ બોર્ડના સન ૨૦૧૮–૧૯ના વાર્ષિક હિસાબો તેમજ આ હિસાબોને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલા વિલંબ અંગેના કારણો દર્શાવતું નિવેદન

**બંદરો પ્રભાગનો હવાલો ધરાવતા માનનીય મંત્રીશ્રી સૌરભભાઇ પટેલ**

(૮) સન ૨૦૦૩ના ગુજરાત મૂલ્ય વર્ધિત વેરા અધિનિયમ અન્વયેના નાણાં વિભાગના તા.૧૫/૦૬/૨૦૨૦ના જાહેરનામા ક્રમાંક–(જીએચએન–૫૨)વીએટી–૨૦૨૦/એસ.૫(૨)(૫૮)ઠ તેમજ આ જાહેરનામાને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલા વિલંબ અંગેના કારણો દર્શાવતું નિવેદન

**માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી નીતિનભાઇ પટેલ**

(૯) સન ૨૦૦૧ના ગુજરાત મોટર સ્પિરિટ ઉપકર અધિનિયમ અન્વયેના નાણાં વિભાગના તા.૨૫/૦૯/૨૦૨૦ના જાહેરનામા ક્રમાંક–(જીએચએન–૮૮)એમસીઆર–૨૦૨૦(૮)ઠ

**માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી નીતિનભાઇ પટેલ**

(૧૦) સન ૨૦૦૩ના ભારતીય વીજ અધિનિયમ અન્વયેના ઊર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગના તા.૨૫/૦૬/૨૦૨૦ના ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ (પુરવઠો પૂરો પાડવા પેટે કરેલ ખર્ચ અને પ્રકીર્ણ ખર્ચ વસૂલ કરવા પરદાનેદારને સત્તા) (બીજો સુધારો) વિનિયમો, ૨૦૨૦ જાહેરનામા ક્રમાંક–૩/૨૦૨૦ તેમજ આ જાહેરનામાને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલા વિલંબ અંગેના કારણો દર્શાવતું નિવેદન

**માનનીય ઊર્જા મંત્રીશ્રી સૌરભભાઇ પટેલ**

(૧૧) સન ૨૦૧૯ના ગુજરાત ઘર વપરાશ પાણી પુરવઠા (સંરક્ષણ) અધિનિયમ અન્વયેના નર્મદા, જળ સંપત્તિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગના તા.૦૭/૦૭/૨૦૨૦ના જાહેરનામા ક્રમાંક–જીએચએન/૨૦/૨૦૨૦ વીડબલ્યુ એસ–૧૦–૨૦૧૯–વિધેયક–૧–પાર્ટ ફાઇલ–ખ–૪ તેમજ આ જાહેરનામાને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલા વિલંબ અંગેના કારણો દર્શાવતું નિવેદન

**માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી કુંવરજીભાઇ બાવળીયા**

(૧૨) સન ૨૦૧૬ના ગુજરાત રાજ્ય ઉચ્ચ શિક્ષણ પરિષદ અધિનિયમ અન્વયેના, શિક્ષણ વિભાગના તા.૧૯/૦૩/૨૦૨૦ના જાહેરનામા ક્રમાંક–જીએસ/એસએસ/૧૫/ એસએચઇ/૨૦૧૯/૧૪૫૯/ખ–૧ તેમજ આ જાહેરનામાને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલા વિલંબ અંગેના કારણો દર્શાવતું નિવેદન

**માનનીય રાજ્યકક્ષાના શિક્ષણ મંત્રી શ્રીમતી વિભાવરીબેન દવે**

**૫. પૂરક માગણીઓ પર ચર્ચા અને મતદાન (બીજો અને છેલ્લો દિવસ)**

માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી નીતિનભાઇ પટેલે, ઉદ્યોગોને લગતી સેવા અંગેની ઉદ્યોગ અને ખાણ વિભાગની મહેસૂલી ખર્ચ માટેની પૂરક માગણી ક્રમાંક ૪૯, માર્ગો અને પુલને લગતી સેવા અંગેની માર્ગ અને મકાન વિભાગની મૂડી ખર્ચ માટેની પૂરક માગણી ક્રમાંક ૮૬, નાગરિક પુરવઠાને લગતી સેવા અંગેની અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહકોની બાબતોના વિભાગની મહેસૂલી ખર્ચ માટેની પૂરક માગણી ક્રમાંક ૨૨, કુદરતી આફતો અંગે રાહતને લગતી સેવા અંગેની મહેસૂલ વિભાગની મહેસૂલ અને મૂડી ખર્ચ માટેની પૂરક માગણી ક્રમાંક ૭૯ અને સામાજિક સુરક્ષા અને કલ્યાણને લગતી સેવા અંગેની સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગની મહેસૂલી ખર્ચ માટેની પૂરક માગણી ક્રમાંક ૯૨ રજૂ કરી.

પૂરક માગણીઓ જેમ જેમ રજૂ થતી ગઇ તેમ તેમ પૂરક માગણી ક્રમાંક ૪૯ ઉપરની કાપ દરખાસ્ત ક્રમાંક–૧, પૂરક માગણી ક્રમાંક ૨૨ ઉપરની કાપ દરખાસ્ત ક્રમાંક–૨ અને ૩, પૂરક માગણી ક્રમાંક ૭૯ ઉપરની કાપ દરખાસ્ત ક્રમાંક–૪, ૫, ૬ અને ૭ તથા પૂરક માગણી ક્રમાંક ૯૨ ઉપરની કાપ દરખાસ્ત ક્રમાંક–૮ સંબંધિત સભ્યશ્રીઓએ રજૂ કરી.

માનનીય અધ્યક્ષશ્રીએ વિધાનસભાના નિયમોના નિયમ ૨૩૪(૪) અન્વયે ગિલોટીન અંગેની જાહેરાત કરી અને ગિલોટીન માટેનો સમય બપોરના ૨.૨૫ વાગ્યાનો ઠરાવવામાં આવ્યો.

ત્યારબાદ રજૂ થયેલી પૂરક માગણીઓ અને તેના પર રજૂ થયેલી કાપ દરખાસ્તો પર ભેગી ચર્ચા શરૂ થઇ.

ત્યારબાદ નીચેના સભ્યશ્રીઓએ ચર્ચામાં ભાગ લીધો.

(૧) શ્રી વિરજીભાઇ ઠુમ્મર
(૨) શ્રી ભગાભાઇ બારડ
(૩) શ્રી કીરીટકુમાર પટેલ
(૪) શ્રી મોહનલાલ વાળા
(૫) શ્રી અમરીષભાઇ ડેર

ત્યારબાદ ચર્ચાનો જવાબ માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી નીતિનભાઇ પટેલે આપ્યો.

ત્યારબાદ રજૂ થયેલ કાપ દરખાસ્તો ક્રમાંક ૧, ૨, ૩, ૪, ૫, ૬, ૭ અને ૮ મત ઉપર મૂકવામાં આવી અને તેનો અસ્વીકાર કરવામાં આવ્યો.

ત્યારબાદ પૂરક માગણી ક્રમાંક ૪૯, ૮૬, ૨૨, ૭૯ અને ૯૨ મત ઉપર મૂકવામાં આવી અને તેનો સ્વીકાર કરવામાં આવ્યો.

**ગિલોટીન થયેલી માગણીઓ**

ત્યારબાદ માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી નીતિનભાઇ પટેલે સન ૨૦૨૦-૨૦૨૧ના વર્ષના અનુદાનો માટેની પૂરક માગણી ક્રમાંક ૨, ૧૮, ૨૩, ૩૧, ૩૨, ૩૫, ૪૩, ૪૬, ૫૨, ૬૬, ૭૦, ૮૫, ૮૮, ૮૯, ૯૬, ૯૮, ૧૦૧, ૧૦૩, ૧૦૪ અને ૧૦૬ રજૂ કરી, જે મત માટે મૂકવામાં આવી અને તેનો સ્વીકાર કરવામાં આવ્યો.

**(વિરામ બપોરના ૨.૧૨થી ૩.૦૦)**

**૭. બિન-સરકારી કામકાજ**

**(૧) બિન-સરકારી વિધેયકો**

સભ્યશ્રી વિરજીભાઇ ઠુમ્મરે સન ૨૦૨૦નું ગુજરાત લાંબી બિમારીઓની સારવાર માટેનો તબીબી ખર્ચ માફ કરવા બાબત વિધેયક સભાગૃહની અનુમતિથી દાખલ કર્યું.

**(૨) બિન-સરકારી સંકલ્પો**

(૧) સભ્યશ્રી ભરતભાઇ પટેલે '' રાજ્ય સરકાર દ્વારા ગ્રામીણ અર્થતંત્ર ધબકતું કરવા માટે કિસાન સૂર્યોદય યોજના દ્વારા કિસાનોને દિવસે વીજળી મળતાં સારી રીતે ખેતી કરી તેમના પાક ઉત્પાદનમાં અનેકગણો વધારો કરી શકવા અંગેનો'' સંકલ્પ રજૂ કર્યો અને તેના સમર્થનમાં પોતાનું મંતવ્ય વ્યક્ત કર્યું.

સંકલ્પ પરની ચર્ચામાં નીચેના સભ્યશ્રીઓએ ભાગ લીધો.

(૧) શ્રી ઋષિકેશ પટેલ
(૨) શ્રી પુંજાભાઇ વંશ
(૩) શ્રી બ્રિજેશ મેરજા
(૪) શ્રી પ્રેમસિંહભાઇ વસાવા
(૫) શ્રી સુખરામભાઇ રાઠવા

ચર્ચાનો જવાબ માનનીય ઊર્જા મંત્રીશ્રી સૌરભભાઇ પટેલે આપ્યો.

ત્યારબાદ સંકલ્પ મત પર મૂકવામાં આવ્યો અને તેનો સર્વાનુમતે સ્વીકાર કરવામાં આવ્યો.

(૨) સભ્યશ્રી રમેશભાઇ કટારાએ '' કોવિડ-૧૯'' મહામારી સામે નાગરિકોને સુરક્ષિત રાખવા રાજ્ય સરકાર દ્વારા કોરોના રસીકરણ અભિયાન ચાલી રહ્યું છે તે અંગે જાગૃતિ લાવવા અંગેનો'' સંકલ્પ રજૂ કર્યો અને તેના સમર્થનમાં પોતાનું મંતવ્ય વ્યક્ત કર્યું.

સંકલ્પ પરની ચર્ચામાં નીચેના સભ્યશ્રીઓએ ભાગ લીધો.

(૧) શ્રી વિરજીભાઇ ઠુમ્મર
(૨) શ્રી અરવિંદકુમાર પટેલ
(૩) શ્રી હર્ષ સંઘવી
(૪) શ્રી કીરીટકુમાર પટેલ

ચર્ચાનો જવાબ માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી નીતિનભાઇ પટેલે આપ્યો.

ત્યારબાદ સંકલ્પ મત પર મૂકવામાં આવ્યો અને તેનો સર્વાનુમતે સ્વીકાર કરવામાં આવ્યો.

**સભાગૃહ, બુધવાર તા. ૧૦મી માર્ચ, ૨૦૨૧ના રોજ**
**સવારના ૧૦.૦૦ વાગ્યે ફરી મળવા માટે સાંજના ૪.૫૫ વાગ્યે મુલતવી રહ્યું.**

**ગુજરાત વિધાનસભા સચિવાલય,**
**ગાંધીનગર.**
**તા. ૯મી માર્ચ, ૨૦૨૧**

**ડી.એમ.પટેલ**
**સચિવ,**
**ગુજરાત વિધાનસભા.**

**ક્રમાંક–૮**

**પત્રક ભાગ–૧**
**કાર્યવાહીની ટૂંકી નોંધ**
**ચૌદમી ગુજરાત વિધાનસભા**
**આઠમું સત્ર**
**બુધવાર, તા.૧૦મી માર્ચ, ૨૦૨૧**
**પહેલી બેઠક**
**માનનીય અધ્યક્ષશ્રી રાજેન્દ્ર ત્રિવેદી અધ્યક્ષસ્થાને**
**સભાગૃહ સવારના ૧૦.૦૦ વાગ્યે મળ્યું.**

**૧. અંદાજપત્ર પર સામાન્ય ચર્ચા (પહેલો દિવસ)**

બુધવાર, તા. ૩જી માર્ચ, ૨૦૨૧ના રોજ સભાગૃહમાં રજૂ થયેલા સન ૨૦૨૧–૨૦૨૨ના અંદાજપત્ર પરની સામાન્ય ચર્ચા શરૂ થાય તે પહેલા માનનીય અધ્યક્ષશ્રીએ અંદાજપત્ર પરની સામાન્ય ચર્ચાના અવકાશ અંગે ગૃહને માર્ગદર્શન આપ્યું.

ત્યારબાદ નીચેના સભ્યશ્રીઓએ ચર્ચામાં ભાગ લીધો.

(૧) શ્રી સુખરામભાઇ રાઠવા
(૨) શ્રી દુષ્યંતભાઇ પટેલ
(૩) શ્રી શૈલેષ પરમાર
(૪) શ્રી બાબુભાઇ બોખીરીયા
(૫) શ્રી નરેશભાઇ પટેલ
(૬) શ્રી અરવિંદકુમાર ગાં. પટેલ
(૭) શ્રી હર્ષદકુમાર રીબડીયા
(૮) શ્રીમતી સંગીતાબેન પાટીલ
(૯) શ્રી ગોવિંદભાઇ પટેલ
(૧૦) શ્રી હર્ષ સંઘવી
(૧૧) શ્રીમતી ચંદ્રિકાબેન બારીયા
(૧૨) શ્રી મોહનભાઇ ઢોડીયા
(૧૩) શ્રી ધનજીભાઇ પટેલ
(૧૪) શ્રી અરવિંદભાઇ છો.પટેલ

**૨. પોઇન્ટ ઓફ ઓર્ડર**

**પ્રવચન દરમિયાન સભ્યશ્રીના નામનો ઉલ્લેખ કરવા બાબત.**

માનનીય સભ્યશ્રી ભગાભાઇ બારડે પોઇન્ટ ઓફ ઓર્ડર ઉપસ્થિત કરી જણાવ્યું કે જે સભ્યશ્રી ગૃહમાં હાજર ન હોય તેમના નામનો ઉલ્લેખ કરી શકાય નહીં. આ બાબતે માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી નીતિનભાઇ પટેલે સભાગૃહના સભ્ય હોય તો તેમના નામનો ઉલ્લેખ કરી પ્રવચન કરી શકાય. કારણ કે જે સભ્યશ્રીના નામનો ઉલ્લેખ કર્યો હોય તે સભ્યશ્રી તેનો જવાબ આપી શકતા હોવાથી, સભ્યશ્રીના નામનો પ્રવચનમાં ઉલ્લેખ કરી શકાય તેવું મંતવ્ય વ્યક્ત કરતાં, માનનીય અધ્યક્ષશ્રીએ આ બાબતે પછીથી યોગ્ય નિર્ણય કરશે તેમ જણાવ્યું.

**૩. અંદાજપત્ર પર સામાન્ય ચર્ચા (પહેલો દિવસ)(ક્રમશઃ)**

ત્યારબાદ માનનીય સભ્યશ્રી અરવિંદભાઇ પટેલે તેમનું અધૂરું રહેલ પ્રવચન પૂર્ણ કર્યું.

**(વિરામ બપોરના ૧૨.૦૦થી ૧૨.૩૦)**

**૪. પોઇન્ટ ઓફ ઇન્ફર્મેશન**

**વર્ષ ૨૦૨૧–૨૦૨૨ના અંદાજપત્રનું સાહિત્ય સોફ્ટ કોપી કે હાર્ડ કોપી(પુસ્તકના સ્વરૂપ)માં આપવા બાબત.**

સભ્યશ્રી પુંજાભાઇ વંશે સામાજિક આર્થિક સરવે, વિકાસ કાર્યક્રમો એટલે કે પ્રવૃત્તિની રૂપરેખાની જાડી પુસ્તિકા, પ્રકાશન નં. ૨૯(૨) એટલે કે શહેરી સત્તા મંડળ અને પંચાયતી રાજ સંસ્થાઓને લગતી માહિતીની બુક કે પેન ડ્રાઇવ આપવામાં આવેલ ન હોવા બાબતનો મુદ્દો ઉપસ્થિત કરતાં, માનનીય અધ્યક્ષશ્રીએ આ બાબતને સ્વીકારી સભ્યશ્રીઓને સોફ્ટ કોપીમાં માહિતી મળે તેવી વ્યવસ્થા ગોઠવવાનું જણાવ્યું.

**૫. અંદાજપત્ર પર સામાન્ય ચર્ચા (પહેલો દિવસ)(ક્રમશઃ)**

ત્યારબાદ નીચેના વધુ સભ્યશ્રીઓએ ચર્ચામાં ભાગ લીધો.

(૧૫) શ્રી કાન્તિભાઇ ખરાડી
(૧૬) શ્રીમતી સુમનબેન ચૌહાણ
(૧૭) શ્રી જીગ્નેશકુમાર સેવક
(૧૮) શ્રી કનુભાઇ બારૈયા
(૧૯) શ્રી પ્રદ્યુમનસિંહ જાડેજા
(૨૦) શ્રી કિર્તીસિંહ વાઘેલા
(૨૧) શ્રીમતી ઝંખનાબેન પટેલ
(૨૨) શ્રી પ્રવિણભાઇ મુસડીયા
(૨૩) શ્રી ભુપેન્દ્રભાઇ પટેલ
(૨૪) શ્રી મહેશકુમાર રાવલ
(૨૫) શ્રી અમરીષભાઇ ડેર
(૨૬) શ્રી વી.ડી.ઝાલાવાડીયા
(૨૭) શ્રી જશુભાઇ પટેલ
(૨૮) શ્રી ગણપતસિંહ વસાવા (વન મંત્રીશ્રી)

**૬. પોઇન્ટ ઓફ ઇન્ફર્મેશન સંદર્ભે મંત્રીશ્રીની સ્પષ્ટતા**

**અંદાજપત્ર પ્રકાશનો સોફ્ટ કોપીમાં આપવા બાબત**

માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી નીતિનભાઇ પટેલે સભ્યશ્રી પુંજાભાઇ વંશે ઉપસ્થિત કરેલ પોઇન્ટ ઓફ ઇન્ફર્મેશન સંદર્ભે અંદાજ સમિતિની ભલામણ અનુસાર સભ્યશ્રીઓને અંદાજપત્ર પ્રકાશનોની સોફ્ટ કોપી આપવાનો સરકારે નિર્ણય કરેલ હોવાનું જણાવતાં, સભ્યશ્રી શૈલેષ પરમારે વિપક્ષના સભ્યશ્રીઓને અંદાજપત્ર પ્રકાશનો પુસ્તક સ્વરૂપે જ આપવામાં આવે તેવી રજૂઆત કરી. જેમાં માનનીય વિપક્ષના નેતાશ્રીએ સૂર પૂરાવતાં, માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રીએ અંદાજ સમિતિએ ભલામણ કરેલ ઠરાવનો સરકારશ્રીએ અમલ કર્યો હોવાનું ભારપૂર્વક જણાવી, વિપક્ષના કાર્યાલય, માનનીય અધ્યક્ષશ્રીના કાર્યાલય તથા વિધાનસભાની લાઇબ્રેરીમાં અંદાજપત્રના પ્રકાશનો પુસ્તક સ્વરૂપે ઉપલબ્ધ છે તેમ જણાવ્યું.

**સભાગૃહ, બીજી બેઠક માટે સાંજના ૩.૩૦ વાગ્યે**
**ફરી મળવા માટે બપોરના ૨.૩૭ વાગ્યે મુલતવી રહ્યું.**

**બીજી બેઠક**
**માનનીય અધ્યક્ષશ્રી રાજેન્દ્ર ત્રિવેદીના અધ્યક્ષપદે**
**સભાગૃહ બપોરના ૩.૩૦ વાગ્યે ફરી મળ્યું.**

**૧. તારાંકિત પ્રશ્નોત્તરી**

(ક) બુધવાર, તા. ૧૦મી માર્ચ, ૨૦૨૧ના રોજની તારાંકિત પ્રશ્નોત્તરીની યાદીમાંના પ્રશ્નો અગ્રતાક્રમ ૧, ૨, ૩, ૪, ૫ અને ૬ના મૌખિક જવાબ આપવામાં આવ્યા.

સમયના અભાવે પૂછી ન શકાયેલા પ્રશ્નો અગ્રતાક્રમ ૭ થી ૨૮૮ને અતારાંકિત ગણવામાં આવ્યા.

પ્રશ્નોત્તરીનો સમય સાંજના ૪.૩૦ વાગ્યે પૂરો થયો.

**૨. પોઇન્ટ ઓફ ઓર્ડર**

**તારાંકિત પ્રશ્નોના જવાબમાં વિસંગતતા બાબત**

સભ્યશ્રી વિરજીભાઇ ઠુમ્મરે આજ તા.૧૦-૦૩-૨૦૨૧ના રોજની તારાંકિત પ્રશ્નોત્તરીના પ્રશ્ન અગ્રતાક્રમ- ૨૩૦ તરફ સભાગૃહનું ધ્યાન દોરી મહિસાગર અને પંચમહાલ જિલ્લામાં કુટિર ઉદ્યોગ શરૂ કરવા બાબતની મળેલ અરજીઓ અને નિકાલ બાબતના જવાબમાં વિસંગતતા તથા પ્રશ્ન અગ્રતાક્રમ-૨૫૨ તરફ સભાગૃહનું ધ્યાન દોરી આણંદ અને ખેડા જિલ્લામાં કુટિર ઉદ્યોગ શરૂ કરવા બાબતની મળેલ અરજીઓ અને નિકાલ બાબતના જવાબમાં વિસંગતતા અંગે મુદ્દો ઉપસ્થિત કરતાં, માનનીય રાજ્યકક્ષાના અન્ન અને નાગરિક પુરવઠા મંત્રીશ્રીએ જવાબ બરાબર હોવાનું જણાવતાં, માનનીય અધ્યક્ષશ્રીએ સભ્યશ્રી વિરજીભાઇ ઠુમ્મરનો પોઇન્ટ ઓફ ઓર્ડર નામંજૂર કર્યો.

**૩. અતારાંકિત પ્રશ્નોત્તરી**

માનનીય અધ્યક્ષશ્રીએ સાતમી, આઠમી, નવમી, દસમી, અગિયારમી અને બારમી અતારાંકિત યાદી સભાગૃહના મેજ પર મૂકી.

**૪. અંદાજપત્ર પર સામાન્ય ચર્ચા (બીજો દિવસ)**

ઉપર્યુક્ત વિષય પર પહેલી બેઠકમાં અધૂરી રહેલી ચર્ચા આગળ ચાલી, નીચેના વધુ સભ્યશ્રીઓએ ચર્ચામાં ભાગ લીધો.

(૧)શ્રી જેઠાભાઇ આહીર(ભરવાડ)
(૨) શ્રી કુબેરભાઇ ડીંડોર
(૩) શ્રી પ્રેમસિંહભાઇ વસાવા
(૪) શ્રી જીતુભાઇ ચૌધરી
(૫) શ્રી રમણભાઇ પટેલ
(૬) શ્રી નૌશાદ સોલંકી
(૭) શ્રી અજમલજી ઠાકોર
(૮) શ્રીમતી સીમાબેન મોહીલે
(૯) શ્રી ભગાભાઇ બારડ (પ્રવચન અધૂરું)

**(વિરામ સાંજના ૫.૩૦થી ૬.૦૦)**

વિરામ બાદ સભ્યશ્રી ભગાભાઇ બારડે વિરામ પહેલાનું તેમનું અધૂરું રહેલ પ્રવચન પૂરું કર્યું અને નીચેના વધુ સભ્યશ્રીઓએ ચર્ચામાં ભાગ લીધો.

(૧૦) શ્રી બલરાજસિંહ ચૌહાણ
(૧૧) શ્રી અનંતકુમાર પટેલ
(૧૨) શ્રી પ્રદિપભાઇ પરમાર
(૧૩) શ્રી આનંદભાઇ ચૌધરી
(૧૪) શ્રી પરસોત્તમભાઇ સાબરીયા
(૧૫) શ્રી લાખાભાઇ સાગઠીયા
(૧૬) શ્રી હિંમતસિંહ પટેલ
(૧૭) શ્રી ભીખાભાઇ બારૈયા
(૧૮) શ્રી ગોવિંદભાઇ પરમાર
(૧૯) શ્રી પુનમભાઇ પરમાર
(૨૦) શ્રી અભેસિંહ તડવી
(૨૧) શ્રી મોહનલાલ વાળા
(૨૨) શ્રી પ્રદિપસિંહ જાડેજા (રા.ક.ના ગૃહમંત્રીશ્રી)

**સભાગૃહ, સોમવાર તા.૧૫મી માર્ચ, ૨૦૨૧ના રોજ**
**બપોરના ૧૨.૦૦ વાગ્યે ફરી મળવા માટે રાત્રીના ૭.૫૯ વાગ્યે મુલતવી રહ્યું.**

**ગુજરાત વિધાનસભા સચિવાલય,**
**ગાંધીનગર.**
**તા. ૧૦મી માર્ચ, ૨૦૨૧**

**ડી.એમ.પટેલ**
**સચિવ,**
**ગુજરાત વિધાનસભા.**

ક્રમાંક-૯

**પત્રક ભાગ-૧**
**કાર્યવાહીની ટૂંકી નોંધ**
**ચૌદમી ગુજરાત વિધાનસભા**
**આઠમું સત્ર**

**સોમવાર, તા.૧૫મી માર્ચ, ૨૦૨૧**
**માનનીય અધ્યક્ષશ્રી રાજેન્દ્ર ત્રિવેદી અધ્યક્ષસ્થાને**
**સભાગૃહ બપોરના ૧૨.૦૦ વાગ્યે ફરી મળ્યું.**

**૧. તારાંકિત પ્રશ્નોત્તરી**

સોમવાર, તા.૧૫મી માર્ચ, ૨૦૨૧ના રોજની તારાંકિત પ્રશ્નોત્તરીની યાદીમાંના પ્રશ્નો અગ્રતાક્રમ ૧, ૪, ૫, ૬, ૭, ૮, ૯, ૧૨ અને ૧૩ના મૌખિક જવાબ આપવામાં આવ્યા.

ગેરહાજર રહેલ સભ્યશ્રીઓના પ્રશ્ન અગ્રતાક્રમ-૨, ૩, ૧૦ અને ૧૧ને અતારાંકિત ગણવામાં આવ્યા.

સમયના અભાવે પૂછી ન શકાયેલા પ્રશ્નો અગ્રતાક્રમ ૧૪ થી ૨૮૪ને અતારાંકિત ગણવામાં આવ્યા.

પ્રશ્નોત્તરીનો સમય બપોરના ૧.૦૦ વાગ્યે પૂરો થયો.

**૨. અધ્યક્ષશ્રીની જાહેરાત**

(૧) **"એક નવી પહેલ" પુસ્તિકાના પ્રકાશન બાબત**

માનનીય અધ્યક્ષશ્રીએ તા.૧૯-૧૨-૨૦૧૮ના રોજ ૧૪મી ગુજરાત વિધાનસભાના અધ્યક્ષ તરીકે કાર્યભાર સંભાળ્યા બાદ વિધાનસભા સચિવાલયના સંચાલનની કાર્યવાહી, વિધાનસભા સચિવાલયના અધિકારી, કર્મચારીઓ માટે કેટલાક વહીવટી નિર્ણયો અંગેની એક પુસ્તિકા "એક નવી પહેલ" ગણેશ વાસુદેવ માવલંકર સંસદીય અભ્યાસ અને તાલીમ બ્યુરો દ્વારા પ્રકાશિત કરવામાં આવેલ છે. જેનાથી વિધાનસભા સચિવાલયની કામગીરીનું સુચારુ સંચાલન વધુ સુદૃઢ થશે તે અંગેની જાહેરાત કરી.

(૨) **માનનીય અધ્યક્ષશ્રીનો આદેશ**
**ગૃહની ગરિમાને અનુરૂપ વસ્ત્રો પહેરવા બાબત.**

માનનીય અધ્યક્ષશ્રીએ સભાગૃહના તમામ સભ્યશ્રીઓને અગાઉ ટી-શર્ટ જેવો પહેરવેશ ન પહેરવા જણાવેલ હતું. સભ્યશ્રી વિમલભાઇ ચુડાસમાને અગાઉ પણ ટી-શર્ટ પહેરીને સભાગૃહમાં ન આવવા જણાવેલ હોવા છતાં આજે તેઓ ટી-શર્ટ પહેરીને આવેલ હોવાથી, તેમને તે ડ્રેસ બદલીને સભાગૃહમાં આવવા આદેશ આપવા છતાં, તેઓએ માનનીય અધ્યક્ષશ્રીના આદેશની અવગણના કરતાં, માનનીય અધ્યક્ષશ્રીએ સાર્જન્ટ દ્વારા તેમને સભાગૃહની બહાર લઇ જવાનો આદેશ કર્યો. રાજ્યકક્ષાના સંસદીય બાબતોના મંત્રીશ્રી પ્રદિપસિંહ જાડેજાએ સભાગૃહનું ગૌરવ જળવાય તેવો પોષાક પહેરવો જોઇએ તેમ જણાવ્યું. માનનીય સભ્યશ્રી શૈલેષભાઇ પરમારે અને વિપક્ષના નેતાશ્રી માનનીય પરેશભાઇ ધાનાણીએ આ બાબતે રજૂઆત કરતાં, માનનીય મુખ્યમંત્રીશ્રી વિજયભાઇ રૂપાણી અને નાયબ મુખ્યમંત્રીશ્રી નીતિનભાઇ પટેલે સભાગૃહનું ગૌરવ જળવાય અને માનનીય અધ્યક્ષશ્રીના આદેશનું પાલન કરવાની સભાગૃહના તમામ સભ્યશ્રીઓની ફરજ છે તેમ જણાવ્યું.

**૩. તાકીદની જાહેર અગત્યની બાબત પર ધ્યાન દોરવા બાબત (નિયમ-૧૧૬)**
**બનાસકાંઠા જલ્લામાં ધરોઇની પાણી પુરવઠાની પાઇપ લાઇન તૂટતાં સ્થાનિકોને પીવાનું પાણી ન મળવા બાબત.**

સભ્યશ્રી જીગ્નેશકુમાર મેવાણીએ નિયમ-૧૧૬ અન્વયે "તાજેતરમાં બનાસકાંઠા જિલ્લાના વડગામ તાલુકાના ખરોડીયા નજીક ધરોઇની પાણી પુરવઠાની પાઇપ લાઇન તૂટતાં લાખો લિટર પાણી વેડફાઇ રહ્યું છે અને બીજી બાજુ સ્થાનિકોને પીવાનું પાણી ન મળતાં ફેલાયેલ રોષ અને ભયની લાગણી દૂર કરવા" અંગેની તાકીદની જાહેર અગત્યની બાબત પર માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રીનું ધ્યાન દોર્યું.

માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી કુંવરજીભાઇ બાવળીયાએ તેમનું લેખિત નિવેદન રજૂ કર્યું અને તેમાંથી ઉપસ્થિત થયેલા પ્રશ્નોના જવાબો આપ્યા.

**૪. સરકારી વિધેયકો**

માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી નીતિનભાઇ પટેલે સન ૨૦૨૧નું વિધેયક ક્રમાંક–૭, સન ૨૦૨૧નું ગુજરાત (પૂરક) વિનિયોગ વિધેયક દાખલ કર્યા બાદ પહેલા વાચનનો પ્રસ્તાવ રજૂ કર્યો.

**માનનીય અધ્યક્ષશ્રીની જાહેરાત**

માનનીય અધ્યક્ષશ્રીએ, આજ રોજ (પૂરક) વિનિયોગ વિધેયક ઉપરાંત સન ૨૦૨૧ના વર્ષના અંદાજપત્ર પરની ત્રીજા દિવસની સામાન્ય ચર્ચા પણ હાથ ધરવામાં આવનાર હોઇ, અંદાજપત્ર પરની સામાન્ય ચર્ચાને વધુ સમય મળે તે હેતુથી નિયમ ૨૩૯ હેઠળ તેમને મળેલ સત્તાની રૂએ નિયમ–૨૩૮(૩)માં છૂટછાટ મૂકી, (પૂરક) વિનિયોગ વિધેયક પરની ચર્ચા માટે બે સભ્યશ્રીઓએ તેમના મુદ્દા આપ્યા છે, તેમને પાંચ–પાંચ મિનિટનો સમય ફાળવવા તથા તે પૂર્ણ થયે વિનિયોગ વિધેયકને મતદાન ઉપર મૂકવા અંગેની જાહેરાત કરી.

ત્યારબાદ નીચેના સભ્યશ્રીઓએ ચર્ચામાં ભાગ લીધો.

(૧) શ્રી વિરજીભાઇ ઠુમ્મર (૨) શ્રી પુંજાભાઇ વંશ

ત્યારબાદ ચર્ચાનો જવાબ માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી નીતિનભાઇ પટેલે આપ્યો.

ત્યારબાદ પહેલા અને બીજા વાચનના પ્રસ્તાવ મત માટે મૂકવામાં આવ્યા અને તેનો સર્વાનુમતે સ્વીકાર કરવામાં આવ્યો.

**કલમવાર વાચન**

કલમ–૨ અને ૩, અનુસૂચિ, કલમ–૧, દીર્ઘસંજ્ઞા અને ઇનેકટીંગ ફોર્મ્યુલા મત ઉપર મૂકવામાં આવી અને તેનો સર્વાનુમતે સ્વીકાર કરવામાં આવ્યો.

કલમ–૨ અને ૩, અનુસૂચિ, કલમ–૧, દીર્ઘસંજ્ઞા અને ઇનેકટીંગ ફોર્મ્યુલા વિધેયકનો ભાગ બની.

ત્યારબાદ વિધેયકના પ્રભારી મંત્રીશ્રીએ વિધેયકના ત્રીજા વાચનનો પ્રસ્તાવ રજૂ કર્યો, જે મત ઉપર મૂકવામાં આવ્યો, તેનો સર્વાનુમતે સ્વીકાર કરવામાં આવ્યો અને વિધેયક પસાર કરવામાં આવ્યું.

**૫. અંદાજપત્ર પર સામાન્ય ચર્ચા (ત્રીજો દિવસ)**

ઉપર્યુક્ત વિષય પર તા.૧૦–૦૩–૨૦૨૧ના રોજ અધૂરી રહેલી ચર્ચા આગળ ચાલી, નીચેના સભ્યશ્રીઓએ ચર્ચામાં ભાગ લીધો.

(૧) શ્રી જીતેન્દ્રભાઇ વાઘાણી (૨) શ્રી પરેશ ધાનાણી (વિપક્ષના નેતાશ્રી)

**(વિરામ બપોરના ૨–૩૦ થી ૩–૦૦)**

વિરામ બાદ નીચેના વધુ સભ્યશ્રીઓએ ચર્ચામાં ભાગ લીધો.

| | |
|---|---|
| (૩) શ્રી રાકેશભાઇ શાહ | (૧૦) શ્રી જે.ડી.કાકડીયા |
| (૪) ડો.સી.જે.ચાવડા | (૧૧) શ્રી બાબુભાઇ વાજા |
| (૫) શ્રી રાજેન્દ્રસિંહ ચાવડા | (૧૨) શ્રીમતી ગીતાબા જાડેજા |
| (૬) ડો. અનિલ જોષીયારા | (૧૩) શ્રી શૈલેષભાઇ મહેતા |
| (૭) શ્રી શંભુજી ઠાકોર | (૧૪) શ્રી કાંતિભાઇ સોઢાપરમાર |
| (૮) શ્રી વિરજીભાઇ ઠુમ્મર | (૧૫) શ્રી જગદીશભાઇ પટેલ |
| (૯) શ્રીમતી માલતીબેન મહેશ્વરી | (૧૬) શ્રી સૌરભભાઇ પટેલ(ઊર્જા મંત્રીશ્રી) |

**સભાગૃહ, મંગળવાર તા.૧૬મી માર્ચ, ૨૦૨૧ના રોજ**
**સવારના ૧૦.૦૦ વાગ્યે ફરી મળવા માટે સાંજના ૪.૫૮ વાગ્યે મુલતવી રહ્યું.**

**ડી.એમ.પટેલ**
**સચિવ,**
**ગુજરાત વિધાનસભા.**

**ગુજરાત વિધાનસભા સચિવાલય,**
**ગાંધીનગર.**
**તા. ૧૫મી માર્ચ, ૨૦૨૧**

**ક્રમાંક–૧૦**

**પત્રક ભાગ–૧**
**કાર્યવાહીની ટૂંકી નોંધ**
**ચૌદમી ગુજરાત વિધાનસભા**
**આઠમું સત્ર**

**મંગળવાર, તા.૧૬મી માર્ચ, ૨૦૨૧**

**પહેલી બેઠક**

**માનનીય અધ્યક્ષશ્રી રાજેન્દ્ર ત્રિવેદી અધ્યક્ષસ્થાને**
**સભાગૃહ સવારના ૧૦.૦૦ વાગ્યે મળ્યું.**

**૧. અંદાજપત્ર પર સામાન્ય ચર્ચા (ચોથો અને છેલ્લો દિવસ)**

ઉપરોક્ત વિષય પર તા.૧૫મી માર્ચ ૨૦૨૧ના રોજ અધૂરી રહેલી ચર્ચા આગળ ચાલી, નીચેના વધુ સભ્યશ્રીઓએ ચર્ચામાં ભાગ લીધો.

(૧) શ્રી વિવેકભાઇ પટેલ
(૨) શ્રી પુંજાભાઇ વંશ (પ્રવચન અધૂરું)

**૨. પોઇન્ટ ઓફ ઓર્ડર**
**આક્ષેપો અંગેના પુરાવા રજૂ કરવા બાબત.**

માનનીય રાજ્યકક્ષાના વૈધાનિક અને સંસદીય બાબતોના મંત્રીશ્રી પ્રદિપસિંહ જાડેજાએ માનનીય સભ્યશ્રી પુંજાભાઇ વંશે સૌની યોજનામાં ગેરરીતિ થયેલ છે તેમ તેઓ તેમના પ્રવચનમાં ઉલ્લેખ કરી રહ્યા છે. આ ઉલ્લેખો રેકર્ડ ઉપરથી દૂર કરવા જોઇએ અને માનનીય સભ્યશ્રી પુંજાભાઇ વંશને તેમણે કરેલા આક્ષેપો અંગેના આધાર–પુરાવા સભાગૃહ સમક્ષ રજૂ કરવા જણાવવા બાબતનો પોઇન્ટ ઓફ ઓર્ડરનો મુદ્દો ઉપસ્થિત કરતાં, માનનીય વૈધાનિક અને સંસદીય બાબતોના મંત્રીશ્રી ભુપેન્દ્રસિંહ ચુડાસમાએ આ અંગે નામદાર હાઇકોર્ટમાં પિટિશન થઇ હતી અને તેમાં આક્ષેપો સાબિત થયેલ ન હોઇ, માનનીય સભ્યશ્રીએ તેમણે કરેલા આક્ષેપોના આધાર–પુરાવા રજૂ કરવા જોઇએ તેમ જણાવતાં, માનનીય અધ્યક્ષશ્રીએ સભ્યશ્રી પુંજાભાઇ વંશને તેમણે કરેલા આક્ષેપો અંગેના આધાર પુરાવા રજૂ કરવા જણાવ્યું, આધાર–પુરાવા રજૂ થયા બાદ તેઓ પોઇન્ટ ઓફ ઓર્ડરનો નિર્ણય આપશે તેમ જણાવ્યું.

**૩. અંદાજપત્ર પર સામાન્ય ચર્ચા (ચોથો અને છેલ્લો દિવસ)(ક્રમશઃ)**

માનનીય સભ્યશ્રી પુંજાભાઇ વંશે તેમનું અધૂરું રહેલ પ્રવચન પૂર્ણ કર્યા બાદ નીચેના વધુ સભ્યશ્રીઓએ ચર્ચામાં ભાગ લીધો.

(૩) શ્રી કનુભાઇ પટેલ
(૪) શ્રી ગુલાબસિંહ રાજપુત
(૫) શ્રી ઋષિકેશ પટેલ
(૬) શ્રીમતી ગેનીબેન ઠાકોર
(૭) શ્રી શશીકાન્ત પંડ્યા
(૮) શ્રી રાજેન્દ્રસિંહ ઠાકોર
(૯) શ્રી જીગ્નેશકુમાર મેવાણી
(૧૦) શ્રી જગદીશ વિશ્વકર્મા
(૧૧) શ્રી લલીત વસોયા
(૧૨) શ્રી ભરતભાઇ પટેલ
(૧૩) શ્રી પ્રતાપ દૂધાત
(૧૪)શ્રી સુરેશભાઇ પટેલ (પ્રવચન અધૂરું)

**(વિરામ બપોરના ૧૨.૦૦થી ૧૨.૩૦)**

વિરામ બાદ સભ્યશ્રી સુરેશભાઇ પટેલે તેમનું અધૂરું રહેલ પ્રવચન પૂર્ણ કર્યા બાદ નીચેના વધુ સભ્યશ્રીઓએ ચર્ચામાં ભાગ લીધો.

(૧૫) શ્રી રાઘવજીભાઇ મકવાણા
(૧૬) શ્રી અર્જુનસિંહ ચૌહાણ
(૧૭) શ્રી ઇન્દ્રજીતસિંહ પરમાર
(૧૮) શ્રી કનુભાઇ દેસાઇ
(૧૯) શ્રી અરવિંદ રાણા
(૨૦) શ્રી સુખરામભાઇ રાઠવા
(૨૧) શ્રી પ્રવિણભાઇ ઘોઘારી
(૨૨) શ્રી મુકેશભાઇ પટેલ
(૨૩) શ્રી રાજેશકુમાર ગોહિલ
(૨૪) શ્રી કેતનભાઇ ઇનામદાર

ત્યારબાદ અંદાજપત્ર પરની સામાન્ય ચર્ચાનો જવાબ માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી નીતિનભાઇ પટેલે આપ્યો.

**સભાગૃહ, બીજી બેઠક માટે સાંજના ૩.૩૦ વાગ્યે**
**ફરી મળવા માટે બપોરના ૨.૨૯ વાગ્યે મુલતવી રહ્યું.**

**બીજી બેઠક**
**માનનીય અધ્યક્ષશ્રી રાજેન્દ્ર ત્રિવેદીના અધ્યક્ષપદે**
**સભાગૃહ બપોરના ૩.૩૦ વાગ્યે ફરી મળ્યું.**

**૧. તારાંકિત પ્રશ્નોત્તરી**

મંગળવાર, તા. ૧૬મી માર્ચ, ૨૦૨૧ના રોજની તારાંકિત પ્રશ્નોત્તરીની યાદીમાંના પ્રશ્નો અગ્રતાક્રમ ૧, ૨, ૩, ૫ અને ૬ના મૌખિક જવાબ આપવામાં આવ્યા.

ગેરહાજર રહેલ સભ્યશ્રીનો પ્રશ્ન અગ્રતાક્રમ ૪ને અતારાંકિત ગણવામાં આવ્યો.

સમયના અભાવે પૂછી ન શકાયેલા પ્રશ્નો અગ્રતાક્રમ ૭ થી ૨૭૩ને અતારાંકિત ગણવામાં આવ્યા.

પ્રશ્નોત્તરીનો સમય સાંજના ૪.૩૦ વાગ્યે પૂરો થયો.

**૨. માનનીય અધ્યક્ષશ્રીની જાહેરાત**

(૧) **અધ્યક્ષશ્રીના કાર્યક્ષેત્રમાં સમાવિષ્ટ બાબત અંગે.**

માનનીય અધ્યક્ષશ્રીએ વિધાનસભા સચિવાલયના કાર્યક્ષેત્ર સંબંધે કોઇ મુદ્દો હોય તો તેમને તેમની ચેમ્બરમાં મળીને રજૂઆત કરવા સંબંધે પૂર્વ અધ્યક્ષશ્રીઓએ ઘણા નિર્ણયો આપેલ છે તેમ જણાવી, સભ્યશ્રી જીગ્નેશકુમાર મેવાણીએ આજ તા.૧૬-૦૩-૨૦૨૧ના રોજ તેમના પ્રવચન દરમિયાન વિધાનસભાની બિલ્ડીંગમાં કામ કરતા રોજમદાર સફાઇ કર્મચારી, લિફ્ટમેન અને પટાવાળાઓનો ઉલ્લેખ કરેલ હતો. જે રેકર્ડ ઉપરથી દૂર કરવાનો આદેશ આપી ચર્ચા દરમિયાન ઉક્ત બાબત ધ્યાનમાં રાખવાનું સભ્યશ્રીઓને જણાવ્યું.

(૨) **સભ્યશ્રીઓની અટકાયત બાદ છૂટકારો.**

માનનીય અધ્યક્ષશ્રીએ તા.૧૨-૦૩-૨૦૨૧ના રોજ બપોરના ૨.૩૦ વાગ્યે સભ્યશ્રી અમિતભાઇ ચાવડા (૧૧૦-આંકલાવ), શ્રી ઋત્વિકભાઇ મકવાણા(૬૩-ચોટીલા), શ્રી રાજેશકુમાર ગોહિલ (૫૯-ધંધુકા), શ્રી પુંજાભાઇ વંશ (૯૩-ઊના), શ્રી ઇમરાન ખેડાવાલા (૫૨- જમાલપુર ખાડીયા), શ્રી પરેશભાઇ ધાનાણી (૯૫-અમરેલી), શ્રી લાખાભાઇ ભરવાડ (૩૯-વિરમગામ)ની દાંડીયાત્રા દિવસ નિમિત્તે પરવાનગી વગર પ્રિતમનગર ઢાળ પાસે રેલી કાઢતાં અટકાયત કરી અને સર્વેને સાંજે ૫.૧૫ વાગ્યે મુકત કર્યા અંગેની જાહેરાત કરી.

**૩. માનનીય અધ્યક્ષશ્રીને અભિનંદન**

માનનીય સભ્યશ્રી પિયુષભાઇ દેસાઇએ માનનીય અધ્યક્ષશ્રી દ્વારા ‘‘અધ્યક્ષશ્રીના અગત્યના નિર્ણયો’’ અને ‘‘એક નવી પહેલ’’ નામના પુસ્તકો બહાર પાડવામાં આવેલ છે. જે સભ્યશ્રીઓને વિધાનસભાની કાર્યવાહીમાં ખૂબ જ મદદરૂપ થશે તેમ જણાવી સમગ્ર ગૃહ વતી માનનીય અધ્યક્ષશ્રીને અભિનંદન આપ્યા.

**૪. માનનીય અધ્યક્ષશ્રીની જાહેરાત(ક્રમશઃ)**

માનનીય અધ્યક્ષશ્રીએ ગુજરાત વિધાનસભાની અંદાજ સમિતિ, જાહેર હિસાબ સમિતિ, જાહેર સાહસો માટેની સમિતિ અને પંચાયતી રાજ સમિતિ ઉપર ૧૫-૧૫ સભ્યોની ચૂંટણી માટેના કાર્યક્રમની જાહેરાત કરેલ હતી. જે બાબતમાં માનનીય વિપક્ષના નેતાશ્રી પરેશ ધાનાણીએ ફોર્મ ભરવાની અંતિમ તારીખ લંબાવવા માટે કરેલ વિનંતીને ધ્યાનમાં લઇ, માનનીય અધ્યક્ષશ્રીએ ઉક્ત સમિતિઓના સુધારેલા કાર્યક્રમની જાહેરાત કરી.

**૫. સભાગૃહના મેજ ઉપર મૂકાયેલા કાગળો**

નીચેના કાગળો તેની નીચે દર્શાવેલ મંત્રીશ્રીઓએ સભાગૃહના મેજ ઉપર મૂક્યા.

(૧) ગુજ-ટુર ડેવલપમેન્ટ કંપની લિમિટેડનો સન ૨૦૧૯-૨૦નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ તેમજ કંપનીની કામગીરી અંગેની સરકારની સમીક્ષા

**માનનીય પ્રવાસન મંત્રીશ્રી જવાહરભાઇ ચાવડા**

(૨) ગુજરાત પાવર કોર્પોરેશન લિમિટેડનો સન ૨૦૧૯-૨૦નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ તેમજ કોર્પોરેશનની કામગીરી અંગેની સરકારની સમીક્ષા

**માનનીય ઊર્જા મંત્રીશ્રી સૌરભભાઇ પટેલ**

(૩) ગુજરાત ઊર્જા વિકાસ નિગમ લિમિટેડનો સન ૨૦૧૯–૨૦નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ તેમજ નિગમની કામગીરી અંગેની સરકારની સમીક્ષા

**માનનીય ઊર્જા મંત્રીશ્રી સૌરભભાઇ પટેલ**

(૪) ગુજરાત રાજ્ય પોલીસ આવાસ નિગમ લિમિટેડનો સન ૨૦૧૯–૨૦નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ તેમજ નિગમની કામગીરી અંગેની સરકારની સમીક્ષા

**માનનીય રાજ્યકક્ષાના ગૃહ મંત્રીશ્રી પ્રદિપસિંહ જાડેજા**

(૫) ગુજરાત ડેરી વિકાસ નિગમ લિમિટેડનો સન ૨૦૧૯–૨૦નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ તેમજ નિગમની કામગીરી અંગેની સરકારની સમીક્ષા

**માનનીય રાજ્યકક્ષાના પશુપાલન મંત્રીશ્રી બચુભાઇ ખાબડ**

(૬) ગુજરાત વિચરતી અને વિમુક્ત જાતિ વિકાસ નિગમનો સન ૨૦૧૯–૨૦નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ તેમજ નિગમની કામગીરી અંગેની સરકારની સમીક્ષા

**માનનીય રાજ્યકક્ષાના સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગોનું કલ્યાણ મંત્રીશ્રી વાસણભાઇ આહિર**

(૭) ગુજરાત આદિજાતિ વિકાસ કોર્પોરેશનનો સન ૨૦૧૭–૧૮નો વાર્ષિક અહેવાલ તથા આ અહેવાલને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલા વિલંબ અંગેના કારણો દર્શાવતું નિવેદન

**માનનીય રાજ્યકક્ષાના આદિજાતિ વિકાસ મંત્રીશ્રી રમણભાઇ પાટકર**

(૮) ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગના સન ૨૦૧૯–૨૦ના વાર્ષિક અહેવાલ અને વાર્ષિક હિસાબ

**માનનીય ઊર્જા મંત્રીશ્રી સૌરભભાઇ પટેલ**

(૯) ગુજરાત પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડના સન ૨૦૧૯–૨૦ના વાર્ષિક હિસાબો અને ઓડિટ અહેવાલ

**માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી કુંવરજીભાઇ બાવળીયા**

(૧૦) ગુજરાત રાજ્ય અન્ન આયોગનો સન ૨૦૧૯–૨૦નો વાર્ષિક અહેવાલ

**માનનીય રાજ્યકક્ષાના અન્ન, નાગરિક પુરવઠા મંત્રીશ્રી ધર્મેન્દ્રસિંહ જાડેજા**

(૧૧) ગુજરાત મ્યુનિસિપલ ફાઇનાન્સ બોર્ડના સન ૨૦૧૯–૨૦ના વાર્ષિક હિસાબો અને ઓડિટ અહેવાલ

**માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી નીતિનભાઇ પટેલ**

(૧૨) સન ૨૦૧૩ના રાષ્ટ્રીય અન્ન સુરક્ષા અધિનિયમ અન્વયેના અન્ન, નાગરિક પુરવઠો અને ગ્રાહકોની બાબતોના વિભાગના તા.૨૯/૧૦/૨૦૨૦ના જાહેરનામા ક્રમાંક–જીટીએચ/૨૦૨૦/૧૫/પીડીએસ/૧૦૨૦૧૭/૯૩/ક–૧ તથા જીટીએચ/૨૦૨૦/૧૬/પીડીએસ/૧૦૨૦૨૦/૧૯૮/ક–૧

**માનનીય રાજ્યકક્ષાના અન્ન, નાગરિક પુરવઠા મંત્રીશ્રી ધર્મેન્દ્રસિંહ જાડેજા**

## ૬. વધારાના ખર્ચની માગણીઓ પર ચર્ચા અને મતદાન

માનનીય અધ્યક્ષશ્રીએ વધારાના ખર્ચની માગણીઓ પર ચર્ચા અને મતદાન સંબંધમાં ગૃહને માર્ગદર્શન આપતી જાહેરાત કરી અને માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રીને વધારાના ખર્ચ માટેની માગણીઓ સભાગૃહ સમક્ષ રજૂ કરવા જણાવ્યું.

શરૂઆતમાં માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રીએ સન ૨૦૧૨–૧૩ના વર્ષ માટેના વધારાના ખર્ચની માગણીઓ પર વિચારણા કરવા માટે સંવિધાનના અનુચ્છેદ ૨૦૩(૩) ની સાથે વાંચતા તેના અનુચ્છેદ ૨૦૫ અન્વયે નામદાર રાજ્યપાલશ્રીએ વિધાનસભાને કરેલી સિફારસ વાંચી સંભળાવી.

ત્યારબાદ માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી નીતિનભાઇ પટેલે સન ૨૦૧૨–૧૩ના વર્ષ માટેની વધારાના ખર્ચની માગણી ક્રમાંક ૯, ૧૨, ૧૮, ૨૬, ૭૩, ૮૧, ૮૬ અને ૮૮ રજૂ કરી.

સન ૨૦૧૨–૧૩ના વર્ષ માટેની વધારાના ખર્ચની માગણી ક્રમાંક ૯, ૧૨, ૧૮, ૨૬, ૭૩, ૮૧, ૮૬ અને ૮૮ મત માટે મૂકવામાં આવી અને તેનો સર્વાનુમતે સ્વીકાર કરવામાં આવ્યો.

## ૭. માગણીઓ પર ચર્ચા અને મતદાન (પહેલો દિવસ)

માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી નીતિનભાઇ પટેલે સન ૨૦૨૧–૨૦૨૨ના વર્ષ માટેના અંદાજપત્રની માગણીઓની વિચારણા કરવા માટે સંવિધાનના અનુચ્છેદ ૨૦૩(૩) અન્વયેની નામદાર રાજ્યપાલશ્રીની

સિફારસ વાંચી સંભળાવી.

વનને લગતી સેવા અંગેની વન અને પર્યાવરણ વિભાગની મહેસૂલી અને મૂડી ખર્ચ માટેની માગણી ક્રમાંક–૨૬, અનુસૂચિત આદિજાતિઓનું કલ્યાણને લગતી સેવા અંગેની આદિજાતિ વિકાસ વિભાગની મહેસૂલી અને મૂડી ખર્ચ માટેની માગણી ક્રમાંક–૯૩, આદિજાતિ વિસ્તાર પેટા યોજનાને લગતી સેવા અંગેની આદિજાતિ વિકાસ વિભાગની મહેસૂલી અને મૂડી ખર્ચ માટેની માગણી ક્રમાંક– ૯૬ તથા મહિલા અને બાળ વિકાસ વિભાગને લગતી સેવા અંગેની મહિલા અને બાળ વિકાસ વિભાગની મહેસૂલી ખર્ચ માટેની માગણી ક્રમાંક–૧૦૫ માનનીય વન અને પર્યાવરણ મંત્રીશ્રી ગણપતસિંહ વસાવાએ રજૂ કરી.

માગણીઓ જેમ જેમ રજૂ થતી ગઇ તેમ તેમ માગણી ક્રમાંક– ૨૬ ઉપરની કાપ દરખાસ્ત ક્રમાંક– ૨, ૩, ૪, ૭, ૮, ૯, ૧૦, ૧૧, ૧૨, ૧૩, ૧૪, ૧૫ અને ૧૬ માગણી ક્રમાંક–૯૩ ઉપરની કાપ દરખાસ્ત ક્રમાંક– ૧૭, ૧૮, ૧૯, ૨૦, ૨૧, ૨૨, ૨૩, ૨૪, ૨૭, ૨૮, ૨૯, ૩૦, ૩૧ અને ૩૩ માગણી ક્રમાંક– ૯૬ ઉપરની કાપ દરખાસ્ત ક્રમાંક– ૩૪, ૩૭ અને ૩૮ તથા માગણી ક્રમાંક–૧૦૫ પરની કાપ દરખાસ્ત ક્રમાંક– ૪૦, ૪૧, ૪૨, ૪૩, ૪૫, ૪૭, ૪૮ અને ૪૯ સંબંધિત સભ્યશ્રીઓએ રજૂ કરી.

ત્યારબાદ ઉપરોક્ત માગણીઓ અને તેના પર રજૂ થયેલી કાપ દરખાસ્તો પર ભેગી ચર્ચા શરૂ થઇ. નીચેના સભ્યશ્રીઓએ ચર્ચામાં ભાગ લીધો.

(૧) ડો. અનિલ જોષીયારા
(૨) શ્રી નરેશભાઇ પટેલ
(૩) શ્રી પ્રેમસિંહભાઇ વસાવા
(૪) શ્રીમતી સંગીતાબેન પાટીલ
(૫) શ્રી સુખરામભાઇ રાઠવા(પ્રવચન અધૂરું)

**(વિરામ સાંજના ૫.૩૦થી ૬.૦૦)**

વિરામ બાદ સભ્યશ્રી સુખરામભાઇ રાઠવાએ વિરામ પહેલાનું તેમનું અધૂરું રહેલ પ્રવચન પૂરું કર્યું અને નીચેના વધુ સભ્યશ્રીઓએ ચર્ચામાં ભાગ લીધો.

(૬) શ્રી જીતુભાઇ ચૌધરી
(૭) શ્રીમતી ચંદ્રિકાબેન બારીયા
(૮) શ્રી અરવિંદભાઇ પટેલ
(૯) શ્રી પુનાભાઇ ગામીત
(૧૦) શ્રીમતી મનીષાબેન વકીલ
(૧૧) શ્રી વિજયભાઇ પટેલ
(૧૨) શ્રી કાન્તિભાઇ ખરાડી
(૧૩) શ્રી કુબેરભાઇ ડીંડોર
(૧૪) શ્રી રમેશભાઇ કટારા
(૧૫) શ્રી અનંતકુમાર પટેલ
(૧૬) શ્રી અભેસિંહ તડવી

ત્યારબાદ માનનીય આદિજાતિ અને વન મંત્રીશ્રી ગણપતસિંહ વસાવાએ ચર્ચાનો જવાબ આપ્યો.

ત્યારબાદ રજૂ થયેલ કાપ દરખાસ્તો ક્રમાંક– ૨, ૩, ૪, ૭, ૮, ૯, ૧૦, ૧૧, ૧૨, ૧૩, ૧૪, ૧૫, ૧૬, ૧૭, ૧૮, ૧૯, ૨૦, ૨૧, ૨૨, ૨૩, ૨૪, ૨૭, ૨૮, ૨૯, ૩૦, ૩૧, ૩૩, ૩૪, ૩૭, ૩૮, ૪૦, ૪૧, ૪૨, ૪૩, ૪૫, ૪૭, ૪૮ અને ૪૯ મત ઉપર મૂકવામાં આવી અને તેનો અસ્વીકાર કરવામાં આવ્યો.

ત્યારબાદ માગણી ક્રમાંક–૨૬, ૯૩, ૯૬ અને ૧૦૫ મત ઉપર મૂકવામાં આવી અને તેનો સ્વીકાર કરવામાં આવ્યો.

**સભાગૃહ, બુધવાર તા.૧૭મી માર્ચ, ૨૦૨૧ના રોજ**
**બપોરના ૧૨.૦૦ વાગ્યે ફરી મળવા માટે રાત્રીના ૮.૦૦ વાગ્યે મુલતવી રહ્યું.**

**ગુજરાત વિધાનસભા સચિવાલય,**
**ગાંધીનગર.**
**તા. ૧૬મી માર્ચ, ૨૦૨૧**

**ડી.એમ.પટેલ**
**સચિવ,**
**ગુજરાત વિધાનસભા.**

**ક્રમાંક–૧૧**

**પત્રક ભાગ–૧**
**કાર્યવાહીની ટૂંકી નોંધ**
**ચૌદમી ગુજરાત વિધાનસભા**
**આઠમું સત્ર**
**બુધવાર, તા.૧૭મી માર્ચ, ૨૦૨૧**
**માનનીય અધ્યક્ષશ્રી રાજેન્દ્ર ત્રિવેદી અધ્યક્ષસ્થાને**
**સભાગૃહ બપોરના ૧૨.૦૦ વાગ્યે ફરી મળ્યું.**

**૧. તારાંકિત પ્રશ્નોત્તરી**

બુધવાર, તા. ૧૭મી માર્ચ, ૨૦૨૧ના રોજની તારાંકિત પ્રશ્નોત્તરીની યાદીમાંના પ્રશ્નો અગ્રતાક્રમ ૧, ૨, ૩, ૪ અને ૫ ના મૌખિક જવાબ આપવામાં આવ્યા.

સમયના અભાવે પૂછી ન શકાયેલા પ્રશ્નો અગ્રતાક્રમ ૬ થી ૨૩૩ને અતારાંકિત ગણવામાં આવ્યા.

**પ્રશ્નોત્તરીનો સમય બપોરના ૧.૦૦ વાગ્યે પૂરો થયો.**

**૨. વિધાનસભાની સમિતિના અહેવાલોની રજૂઆત**

(૧) **બિન–સરકારી સભ્યોના કામકાજ માટેની સમિતિના બારમા અહેવાલની રજૂઆત**

બિન–સરકારી સભ્યોના કામકાજ માટેની સમિતિના માનનીય સભ્યશ્રી જગદીશભાઇ પટેલે સમિતિનો બારમો અહેવાલ સભાગૃહ સમક્ષ રજૂ કર્યો.

(૨) **અનુસૂચિત જનજાતિઓના કલ્યાણ માટેની સમિતિના પાંચમા અહેવાલની રજૂઆત**

અનુસૂચિત જનજાતિઓના કલ્યાણ માટેની સમિતિના પ્રમુખ શ્રી નરેશભાઇ પટેલે સમિતિનો પાંચમો અહેવાલ રજૂ કર્યો.

(૩) **પંચાયતી રાજ સમિતિના પાંચમા અહેવાલની રજૂઆત**

પંચાયતી રાજ સમિતિના પ્રમુખ શ્રી ગોવિંદભાઇ પટેલે સમિતિનો પાંચમો અહેવાલ રજૂ કર્યો.

(૪) **સભાગૃહની બેઠકોમાંથી સભ્યોની ગેરહાજરી બાબતની સમિતિના છટ્ઠા અને સાતમા અહેવાલની રજૂઆત**

સભાગૃહની બેઠકોમાંથી સભ્યોની ગેરહાજરી બાબતની સમિતિના પ્રમુખ શ્રી અર્જુનસિંહ ચૌહાણે સમિતિનો છટ્ઠો અને સાતમો અહેવાલ રજૂ કર્યો.

**૩. બિન–સરકારી સભ્યોનાં કામકાજ માટેની સમિતિના માનનીય સભ્યશ્રી જગદીશભાઇ પટેલનો પ્રસ્તાવ**

બિન–સરકારી સભ્યોનાં કામકાજ માટેની સમિતિના માનનીય સભ્યશ્રી જગદીશભાઇ પટેલે નીચે મુજબનો પ્રસ્તાવ રજૂ કર્યો.

‘‘આ સભાગૃહ, બિન–સરકારી સભ્યોનાં કામકાજ માટેનીસમિતિના બારમા અહેવાલ સાથે સંમત થાય.’’

**પ્રસ્તાવ મત માટે મૂકવામાં આવ્યો અને તેનો સર્વાનુમતે સ્વીકાર કરવામાં આવ્યો.**

**૪. સભાગૃહની બેઠકોમાંથી સભ્યોની ગેરહાજરી બાબતની સમિતિના માનનીય પ્રમુખશ્રી અર્જુનસિંહ ચૌહાણનો પ્રસ્તાવ**

સભાગૃહની બેઠકોમાંથી સભ્યોની ગેરહાજરી બાબતની સમિતિના પ્રમુખ શ્રી અર્જુનસિંહ ચૌહાણે નીચે મુજબનો પ્રસ્તાવ રજૂ કર્યો.

‘‘આ સભાગૃહ, સભાગૃહની બેઠકોમાંથી સભ્યોની ગેરહાજરી બાબતની
સમિતિના છટ્ઠા અને સાતમા અહેવાલ સાથે સંમત થાય.’’

**પ્રસ્તાવ મત માટે મૂકવામાં આવ્યો અને તેનો સર્વાનુમતે સ્વીકાર કરવામાં આવ્યો.**

**૫. માગણીઓ પર ચર્ચા અને મતદાન (બીજો દિવસ)**

જિલ્લા વહીવટને લગતી સેવા અંગેની મહેસૂલ વિભાગની મહેસૂલી ખર્ચ માટેની માગણી ક્રમાંક–૭૮ અને કુદરતી આફતો અંગે રાહતને લગતી સેવા અંગેની મહેસૂલ વિભાગની મહેસૂલી અને મૂડી ખર્ચ માટેની માગણી ક્રમાંક–૭૯ માનનીય મહેસૂલ મંત્રીશ્રી કૌશિકભાઇ પટેલે રજૂ કરી. ત્યારબાદ સામાજિક સુરક્ષા અને કલ્યાણને લગતી સેવા અંગેની સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગની મહેસૂલી અને મૂડી ખર્ચ માટેની માગણી ક્રમાંક– ૯૨ તથા અનુસૂચિત જાતિ પેટા યોજનાને લગતી સેવા અંગેની સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગની મહેસૂલી અને મૂડી ખર્ચ માટેની માગણી ક્રમાંક–૯૫ માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના મંત્રીશ્રી ઇશ્વરભાઇ પરમારે રજૂ કરી.

માગણીઓ જેમ જેમ રજૂ થતી ગઇ તેમ તેમ માગણી ક્રમાંક– ૭૮ ઉપરની કાપ દરખાસ્ત ક્રમાંક– ૨, ૪, ૫, ૬, ૭ અને ૮, માગણી ક્રમાંક–૭૯ ઉપરની કાપ દરખાસ્ત ક્રમાંક– ૯, ૧૦, ૧૧, ૧૨,

૧૩, ૧૪, ૧૫, ૧૬, ૨૦, ૨૧, ૨૨, ૨૩, ૨૫, ૨૬ અને ૨૭ માગણી ક્રમાંક– ૯૨ ઉપરની કાપ દરખાસ્ત ક્રમાંક–૩૧, ૩૨, ૩૩, ૩૪, ૩૫, ૩૬, ૩૭, ૩૯, ૪૦, ૪૧, ૪૨, ૪૩, ૪૬, ૪૭, ૪૮, ૪૯, ૫૧, ૫૨, ૫૩ અને ૫૪ તથા માગણી ક્રમાંક–૯૫ પરની કાપ દરખાસ્ત ક્રમાંક–૫૫, ૫૬, ૫૮ અને ૫૯ સંબંધિત સભ્યશ્રીઓએ રજૂ કરી.

ત્યારબાદ ઉપરોક્ત માગણીઓ અને તેના પર રજૂ થયેલી કાપ દરખાસ્તો પર ભેગી ચર્ચા શરૂ થઇ.

નીચેના સભ્યશ્રીઓએ ચર્ચામાં ભાગ લીધો.

(૧) શ્રી શૈલેષ પરમાર
(૨) શ્રી પૂર્ણેશ મોદી
(૩) ડો.સી.જે.ચાવડા
(૪) શ્રી અરવિંદ રાણા
(૫) શ્રી ગ્યાસુદ્દીન શેખ
(૬) શ્રી આત્મારામભાઇ પરમાર
(૭) શ્રી ઋત્વિકભાઇ મકવાણા
(૮) શ્રી કિર્તીસિંહ વાઘેલા
(૯) શ્રી નૌશાદ સોલંકી

**(વિરામ બપોરના ૨.૩૦થી ૩.૦૦)**

વિરામ બાદ નીચેના વધુ સભ્યશ્રીઓએ ચર્ચામાં ભાગ લીધો.

(૧૦) શ્રી શંભુજી ઠાકોર
(૧૧) શ્રી અમરીષભાઇ ડેર
(૧૨) શ્રી પ્રદિપભાઇ પરમાર
(૧૩) શ્રી પ્રતાપ દૂધાત
(૧૪) શ્રી મોહનલાલ વાળા
(૧૫) શ્રી કેતનભાઇ ઇનામદાર
(૧૬) શ્રીમતી ગેનીબેન ઠાકોર
(૧૭) શ્રી હિતુ કનોડીયા
(૧૮) શ્રી ઇમરાન ખેડાવાલા
(૧૯) શ્રી જીગ્નેશકુમાર મેવાણી

ત્યારબાદ સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગની ચર્ચાનો માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી ઇશ્વરભાઇ પરમારે જવાબ આપ્યો.

ત્યારબાદ મહેસૂલ વિભાગની ચર્ચાનો જવાબ માનનીય મહેસૂલ મંત્રીશ્રી કૌશિકભાઇ પટેલે આપ્યો.

ત્યારબાદ રજૂ થયેલ કાપ દરખાસ્તો ક્રમાંક– ૨, ૪, ૫, ૬, ૭, ૮, ૯, ૧૦, ૧૧, ૧૨, ૧૩, ૧૪, ૧૫, ૧૬, ૨૦, ૨૧, ૨૨, ૨૩, ૨૫, ૨૬, ૨૭, ૩૧, ૩૨, ૩૩, ૩૪, ૩૫, ૩૬, ૩૭, ૩૯, ૪૦, ૪૧, ૪૨, ૪૩, ૪૬, ૪૭, ૪૮, ૪૯, ૫૧, ૫૨, ૫૩, ૫૪, ૫૫, ૫૬, ૫૮ અને ૫૯ મત ઉપર મૂકવામાં આવી અને તેનો અસ્વીકાર કરવામાં આવ્યો.

ત્યારબાદ માગણી ક્રમાંક–૭૮, ૭૯, ૯૨ અને ૯૫ મત ઉપર મૂકવામાં આવી અને તેનો સ્વીકાર કરવામાં આવ્યો.

**૬. નિયમ ૯૨ અન્વયે અરધા કલાકની ચર્ચા**

સભ્યશ્રી વિરજીભાઇ ઠુમ્મરે તા.૦૩–૦૩–૨૦૨૧ના રોજ (પહેલી બેઠક) સભાગૃહમાં રજૂ થયેલ તારાંકિત પ્રશ્ન ક્રમાંક–૩૧૩૦૬ (અગ્રતા–૯૪)ના માનનીય મુખ્યમંત્રીશ્રી (શહેરી વિકાસ) એ આપેલા લેખિત જવાબ ઉપરથી ઉપસ્થિત કરેલી જાહેર અગત્યની બાબત ઉપર અરધા કલાકની ચર્ચાનો મુદ્દો ઉપસ્થિત કર્યો અને તેના સમર્થનમાં પોતાનું મંતવ્ય રજૂ કર્યું.

સભ્યશ્રીએ ઉપસ્થિત કરેલ મુદ્દાઓના જવાબો શહેરી વિકાસ વિભાગનો હવાલો ધરાવતા માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી નીતિનભાઇ પટેલે આપ્યા.

**૭. માનનીય અધ્યક્ષશ્રીની જાહેરાત**

માનનીય અધ્યક્ષશ્રીએ આજની બેઠકનું કામકાજ પૂર્ણ થયા બાદ કોમનવેલ્થ પાર્લામેન્ટરી એસોસિએશનની વાર્ષિક સામાન્ય સભા વિધાનસભાના મકાનમાં ચોથા માળે આવેલ શાસકપક્ષના બેઠક ખંડમાં મળવા બાબતની જાહેરાત કરી.

**સભાગૃહ, ગુરુવાર તા.૧૮ માર્ચ, ૨૦૨૧ના રોજ**
**બપોરના ૧૨.૦૦ વાગ્યે ફરી મળવા માટે સાંજના ૫.૦૮ વાગ્યે મુલતવી રહ્યું.**

**ડી.એમ.પટેલ**
**સચિવ,**
**ગુજરાત વિધાનસભા.**

**ગુજરાત વિધાનસભા સચિવાલય,**
**ગાંધીનગર.**
**તા. ૧૭મી માર્ચ, ૨૦૨૧**

ક્રમાંક–૧૨

**પત્રક ભાગ–૧**
**કાર્યવાહીની ટૂંકી નોંધ**
**ચૌદમી ગુજરાત વિધાનસભા**
**આઠમું સત્ર**
**ગુરુવાર, તા.૧૮મી માર્ચ, ૨૦૨૧**
**માનનીય અધ્યક્ષશ્રી રાજેન્દ્ર ત્રિવેદી અધ્યક્ષસ્થાને**
**સભાગૃહ બપોરના ૧૨.૦૦ વાગ્યે ફરી મળ્યું.**

**૧. તારાંકિત પ્રશ્નોત્તરી**

ગુરુવાર, તા. ૧૮મી માર્ચ, ૨૦૨૧ના રોજની તારાંકિત પ્રશ્નોત્તરીની યાદીમાંના પ્રશ્નો અગ્રતાક્રમ ૧, ૪, ૫, ૭ અને ૮ના મૌખિક જવાબ આપવામાં આવ્યા. ત્યારબાદ તારાંકિત પ્રશ્નોત્તરીની યાદીમાંના પ્રશ્ન અગ્રતાક્રમ ૯ ની ચર્ચા હાથ ધરવામાં આવી,

**૨. સભાગૃહની બેઠક મુલતવી રાખવા અંગે.**

સભ્યશ્રી અમિત ચાવડાના પ્રશ્નનો જવાબ માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી નીતિનભાઇ પટેલ આપી રહ્યા હતા ત્યારે શાસકપક્ષ અને વિપક્ષના સભ્યશ્રીઓએ સામસામા સૂત્રોચ્ચાર કરતાં અને માનનીય અધ્યક્ષશ્રીની વારંવારની વિનંતી છતાં સભાગૃહની કાર્યવાહી આગળ ચલાવવાનું અશક્ય લાગતાં, માનનીય અધ્યક્ષશ્રીએ સભાગૃહને બપોરના ૧.૦૦ વાગ્યા સુધી મુલતવી રાખ્યું.(બપોરના ૧૨.૪૮)

ગેરહાજર રહેલ સભ્યશ્રીઓના પ્રશ્ન અગ્રતાક્રમ ૨, ૩ અને ૬ને અતારાંકિત ગણવામાં આવ્યા.

સમયના અભાવે પૂછી ન શકાયેલા પ્રશ્નો અગ્રતાક્રમ ૧૦ થી ૩૪૯ને અતારાંકિત ગણવામાં આવ્યા.

**(મુલતવી રહેલ સભાગૃહની બેઠક બપોરના ૧.૦૦ વાગ્યે ફરી મળી)**

**૩. માનનીય અધ્યક્ષશ્રીનો આદેશ**

માનનીય મુખ્ય દંડકશ્રી પંકજભાઇ દેસાઇએ આજની તારાંકિત પ્રશ્નોત્તરી દરમિયાન સભ્યશ્રી ઋત્વિક મકવાણાએ તેમના પ્રશ્નની રજૂઆત દરમિયાન વીર સાવરકર માટે ઉચ્ચારેલા વાંધાજનક શબ્દો અહેવાલમાંથી દૂર કરવાની રજૂઆત કરતાં, માનનીય અધ્યક્ષશ્રીએ ઉક્ત શબ્દો અહેવાલમાંથી દૂર કરવાની અને સભ્યશ્રીએ તેના આધાર–પુરાવા રજૂ કરવા અને જો તેમ કરવામાં કસૂર થાય તો તેમણે સભાગૃહમાં માફી માગવા જણાવ્યું.

**૪. વિધાનસભાની સમિતિના અહેવાલોની રજૂઆત**

(૧) **જાહેર સાહસો માટેની સમિતિના અગિયારમા, બારમા, તેરમા અને ચૌદમા અહેવાલની રજૂઆત**

જાહેર સાહસો માટેની સમિતિના માનનીય પ્રમુખ ડો. નીમાબેન આચાર્યે સમિતિનો અગિયારમો, બારમો, તેરમો અને ચૌદમો અહેવાલ સભાગૃહ સમક્ષ રજૂ કર્યો.

(૨) **સરકારે આપેલી ખાતરીઓ માટેની સમિતિના બીજા અને ત્રીજા અહેવાલની રજૂઆત**

સરકારે આપેલી ખાતરીઓ માટેની સમિતિના પ્રમુખશ્રી વલ્લભભાઇ કાકડીયાએ સમિતિનો બીજો અને ત્રીજો અહેવાલ રજૂ કર્યો.

(૩) **અંદાજ સમિતિના ચોથા અહેવાલની રજૂઆત**

અંદાજ સમિતિના પ્રમુખશ્રી બાબુભાઇ બોખીરીયાએ સમિતિનો ચોથો અહેવાલ રજૂ કર્યો.

**૫. માગણીઓ પર ચર્ચા અને મતદાન (ત્રીજો દિવસ)**

ગૃહ વિભાગને લગતી સેવા અંગેની ગૃહ વિભાગની મહેસૂલી ખર્ચ માટેની માગણી ક્રમાંક–૪૨, પોલીસને લગતી સેવા અંગેની ગૃહ વિભાગની મહેસૂલી ખર્ચ માટેની માગણી ક્રમાંક–૪૩ તથા જેલને લગતી સેવા અંગેની ગૃહ વિભાગની મહેસૂલી ખર્ચ માટેની માગણી ક્રમાંક–૪૪ રાજ્યકક્ષાના ગૃહ મંત્રીશ્રી પ્રદિપસિંહ જાડેજાએ રજૂ કરી.

માગણીઓ જેમ જેમ રજૂ થતી ગઇ તેમ તેમ માગણી ક્રમાંક– ૪૨ ઉપરની કાપ દરખાસ્ત ક્રમાંક– ૧, ૨, ૩, ૪, ૬, ૭, ૮, ૯, ૧૦, ૧૨, ૧૩, ૧૪, ૧૫, ૧૬, ૧૭, ૧૮, ૧૯ અને ૨૦, માગણી ક્રમાંક–૪૩ ઉપરની કાપ દરખાસ્ત ક્રમાંક– ૨૧, ૨૨, ૨૩, ૨૪, ૨૫, ૨૮, ૨૯, ૩૧, ૩૨, ૩૩, ૩૪, ૩૫, ૩૬, ૩૭, ૩૮, ૩૯, ૪૦, ૪૧, ૪૨, ૪૩, ૪૫, ૪૭, ૪૮, ૪૯, ૫૦ અને ૫૨ અને માગણી ક્રમાંક– ૪૪ ઉપરની કાપ દરખાસ્ત ક્રમાંક– ૫૩, ૫૪ અને ૫૭ સંબંધિત સભ્યશ્રીઓએ રજૂ કરી.

ત્યારબાદ ઉપરોક્ત માગણીઓ અને તેના પર રજૂ થયેલી કાપ દરખાસ્તો પર ભેગી ચર્ચા શરૂ થઇ. નીચેના સભ્યશ્રીઓએ ચર્ચામાં ભાગ લીધો.

(૧) શ્રી પરેશ ધાનાણી(વિપક્ષના નેતાશ્રી) (૩) શ્રી અમિત ચાવડા
(૨) શ્રી હર્ષ સંઘવી (૪) શ્રી જેઠાભાઇ ભરવાડ

ત્યારબાદ ગૃહ વિભાગની ચર્ચાનો જવાબ રાજ્યકક્ષાના માનનીય ગૃહ મંત્રીશ્રી પ્રદિપસિંહ જાડેજાએ આપવાનું શરૂ કર્યું.

**૬. સભાત્યાગ**

માનનીય રાજ્યકક્ષાના ગૃહ મંત્રીશ્રી પ્રદિપસિંહ જાડેજા ગૃહ વિભાગની માગણીઓનો જવાબ આપી રહ્યા હતા ત્યારે તેમના જવાબથી અસંતોષ વ્યક્ત કરી વિપક્ષના નેતાશ્રી સાથે વિપક્ષના તમામ સભ્યશ્રીઓ સૂત્રોચ્ચાર કરતા સભાત્યાગ કરી ગયા.

**૭. માનનીય અધ્યક્ષશ્રીનો આદેશ**

**સભ્યશ્રીને સભાગૃહમાંથી દૂર કરવા અંગે**

સભ્યશ્રી જીગ્નેશકુમાર મેવાણીએ પોતાના સ્થાનેથી સભાગૃહની કાર્યવાહીમાં ખલેલ પહોંચાડતાં, સભાગૃહમાં શાંતિ જાળવવાની અધ્યક્ષશ્રી દ્વારા વારંવાર અપીલ કરવા છતાં, સભ્યશ્રી જીગ્નેશકુમાર મેવાણીએ પોતાના સ્થાન ઉપર ઊભા રહી સભાગૃહમાં ખલેલ પહોંચાડવાનું ચાલુ રાખતાં, તેમને સભાગૃહમાંથી બહાર લઇ જવાનો સાર્જન્ટને આદેશ આપ્યો.

**૮. માગણીઓ પર ચર્ચા અને મતદાન (ત્રીજો દિવસ)(ક્રમશઃ)**

ત્યારબાદ ગૃહ વિભાગની ચર્ચાનો અધૂરો રહેલ જવાબ રાજ્યકક્ષાના માનનીય ગૃહ મંત્રીશ્રી પ્રદિપસિંહ જાડેજાએ આપ્યો.

ત્યારબાદ રજૂ થયેલ કાપ દરખાસ્તો ક્રમાંક- ૧, ૨, ૩, ૪, ૬, ૭, ૮, ૯, ૧૦, ૧૨, ૧૩, ૧૪, ૧૫, ૧૬, ૧૭, ૧૮, ૧૯, ૨૦, ૨૧, ૨૨, ૨૩, ૨૪, ૨૫, ૨૮, ૨૯, ૩૧, ૩૨, ૩૩, ૩૪, ૩૫, ૩૬, ૩૭, ૩૮, ૩૯, ૪૦, ૪૧, ૪૨, ૪૩, ૪૫, ૪૭, ૪૮, ૪૯, ૫૦, ૫૨, ૫૩, ૫૪ અને ૫૭ મત ઉપર મૂકવામાં આવી અને તેનો અસ્વીકાર કરવામાં આવ્યો.

ત્યારબાદ માગણી ક્રમાંક–૪૨, ૪૩ અને ૪૪ મત ઉપર મૂકવામાં આવી અને તેનો સ્વીકાર કરવામાં આવ્યો.

**(વિરામ બપોરના ૨.૨૯ થી ૩.૦૦)**

**૯. બિન–સરકારી કામકાજ**

**બિન–સરકારી વિધેયકો**

**(૧) દાખલ કરવાના બિન–સરકારી વિધેયક**

(૧) સભ્યશ્રી જગદીશ વિશ્વકર્માએ સન ૨૦૨૧નું ગુજરાત જાહેર સ્થળોમાં નાગરિકો અને સફાઇ કામદારો દ્વારા કચરાને સળગાવવા પર પ્રતિબંધ બાબત વિધેયક સભાગૃહની અનુમતિથી દાખલ કર્યું.

(૨) સન ૨૦૨૧નું ગુજરાત ખાનગી વાહનોના ડ્રાઇવરોનું ફરજિયાત રજિસ્ટ્રેશન અને નિયમન કરવા બાબત વિધેયક – માનનીય સભ્યશ્રી બાબુભાઇ પટેલ ગેરહાજર.

(૩) સન ૨૦૨૧નું ગુજરાત જાહેર સ્થળોએ વિરોધ પ્રદર્શન કરવા પર પ્રતિબંધ મૂકવા બાબત વિધેયક – માનનીય સભ્યશ્રી ભુપેન્દ્રભાઇ પટેલ ગેરહાજર.

**(૨) પહેલા, બીજા અને ત્રીજા વાંચન માટેના બિન–સરકારી વિધેયકો**

૧. સન ૨૦૧૯નું વિધેયક ક્રમાંક–૧૪–સન ૨૦૧૯નું ગુજરાત દેવસ્થાન વિસ્તાર વિકાસ સત્તામંડળ વિધેયક– માનનીય સભ્યશ્રી પૂર્ણેશ મોદી ગેરહાજર.

૨. સન ૨૦૧૯નું વિધેયક ક્રમાંક–૨૮–સન ૨૦૧૯નું ગુજરાત સરકારી પાણી પુરવઠા તંત્રમાંથી લોકોને ગેરકાયદે પાણી ખેંચતા અટકાવવા બાબત વિધેયક– માનનીય સભ્યશ્રી રમણભાઇ પટેલ ગેરહાજર

૩. સન ૨૦૧૮નું વિધેયક ક્રમાંક–૩૦–સન ૨૦૧૮નું ગુજરાત નાના કુટુંબને વૃદ્ધિ (પ્રોત્સાહન) વિધેયક– માનનીય સભ્ય ડો. નીમાબેન આચાર્ય ગેરહાજર.

૪. સન ૨૦૧૯નું વિધેયક ક્રમાંક–૨૯–સન ૨૦૧૯નું ગુજરાત પાણી પ્રદૂષણ (નિવારણ અને નદીઓનું શુદ્ધિકરણ) વિધેયક– માનનીય સભ્યશ્રી અરવિંદભાઇ પટેલ ગેરહાજર.

**સભાગૃહ, શુક્રવાર તા.૧૯મી માર્ચ, ૨૦૨૧ના રોજ**
**બપોરના ૧૨.૦૦ વાગ્યે ફરી મળવા માટે બપોરના ૩.૦૩ વાગ્યે મુલતવી રહ્યું.**

**ગુજરાત વિધાનસભા સચિવાલય,**
**ગાંધીનગર.**
**તા. ૧૮મી માર્ચ, ૨૦૨૧**

**ડી.એમ.પટેલ**
**સચિવ,**
**ગુજરાત વિધાનસભા.**

ક્રમાંક–૧૩

**પત્રક ભાગ–૧**
**કાર્યવાહીની ટૂંકી નોંધ**
**ચૌદમી ગુજરાત વિધાનસભા**
**આઠમું સત્ર**
**શુક્રવાર, તા.૧૯મી માર્ચ, ૨૦૨૧**
**માનનીય અધ્યક્ષશ્રી રાજેન્દ્ર ત્રિવેદી અધ્યક્ષસ્થાને**
**સભાગૃહ બપોરના ૧૨.૦૦ વાગ્યે ફરી મળ્યું.**

**૧. તારાંકિત પ્રશ્નોત્તરી**

શુક્રવાર, તા. ૧૯મી માર્ચ, ૨૦૨૧ના રોજની તારાંકિત પ્રશ્નોત્તરીની યાદીમાંના પ્રશ્ન અગ્રતાક્રમ ૧ પરની ચર્ચા હાથ ધરવામાં આવી.

**૨. માનનીય અધ્યક્ષશ્રીનો આદેશ**

**સભાગૃહ છોડી જવા અંગે.**

માનનીય અધ્યક્ષશ્રીએ સભ્યશ્રી ઋત્વિકભાઇ મકવાણા, શ્રી શશીકાંત પંડ્યા અને શ્રી અમરીષભાઇ ડેરને તારાંકિત પ્રશ્નોત્તરીની યાદીમાંના પ્રશ્ન અગ્રતાક્રમ ૧ પરની ચર્ચા દરમિયાન સભાગૃહની કાર્યવાહીમાં સતત ખલેલ પહોંચાડવા બદલ પ્રશ્નોત્તરીનો સમય પૂર્ણ થાય ત્યાં સુધી સભાગૃહ છોડી જવા આદેશ આપ્યો. (બપોરના ૧૨.૩૮)

ત્યારબાદ પ્રશ્ન અગ્રતાક્રમ –૧ના મૌખિક જવાબ આપવામાં આવ્યા. ત્યારબાદ પ્રશ્ન અગ્રતા ક્રમાંક ૨, ૬, ૭, ૮ અને ૯ ના મૌખિક જવાબ આપવામાં આવ્યા.

ગેરહાજર રહેલ સભ્યશ્રીઓના પ્રશ્ન અગ્રતાક્રમ ૩, ૪ અને ૫ને અતારાંકિત ગણવામાં આવ્યા.

સમયના અભાવે પૂછી ન શકાયેલા પ્રશ્નો અગ્રતાક્રમ ૧૦ થી ૨૩૯ને અતારાંકિત ગણવામાં આવ્યા.

**પ્રશ્નોત્તરીનો સમય બપોરના ૧.૦૦ વાગ્યે પૂરો થયો.**

**૩. સભાગૃહના મેજ ઉપર મૂકાયેલા કાગળો**

નીચેના કાગળો તેની નીચે દર્શાવેલ મંત્રીશ્રીઓએ સભાગૃહના મેજ ઉપર મૂક્યા.

(૧) ગુજરાત રાજ્ય બીજ નિગમ લિમિટેડના સન ૨૦૧૮–૧૯ અને સન ૨૦૧૯–૨૦ના વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ, નિગમની કામગીરી અંગેની સરકારની સમીક્ષા તેમજ સન ૨૦૧૮–૧૯ના અહેવાલને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલ વિલંબ અંગેના કારણો દર્શાવતું નિવેદન

**માનનીય રાજ્યકક્ષાના કૃષિ મંત્રીશ્રી જયદ્રથસિંહ પરમાર**

(૨) ગુજરાત ગોપાલક વિકાસ નિગમ લિમિટેડનો સન ૨૦૧૬–૧૭નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ, નિગમની કામગીરી અંગેની સરકારની સમીક્ષા તેમજ આ અહેવાલને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલા વિલંબ અંગેના કારણો દર્શાવતું નિવેદન

**માનનીય રાજ્યકક્ષાના સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગોનું કલ્યાણ મંત્રીશ્રી વાસણભાઇ આહિર**

(૩) ગુજરાત રાજ્ય હાથશાળ અને હસ્તકલા વિકાસ નિગમ લિમિટેડનો સન ૨૦૧૭–૧૮નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ, નિગમની કામગીરી અંગેની સરકારની સમીક્ષા તેમજ આ અહેવાલને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલા વિલંબ અંગેના કારણો દર્શાવતું નિવેદન

**માનનીય રાજ્યકક્ષાના કુટિર ઉદ્યોગ મંત્રીશ્રી ધર્મેન્દ્રસિંહ જાડેજા**

(૪) ગુજરાત મેટ્રો રેલ કોર્પોરેશન લિમિટેડનો સન ૨૦૧૯–૨૦નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનલરની ટિપ્પણ તેમજ કોર્પોરેશનની કામગીરી અંગેની સરકારી સમીક્ષા

**માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી નીતિનભાઇ પટેલ**

(૫) ધોલેરા ઇન્ટરનેશનલ એરપોર્ટ કંપની લિમિટેડનો સન ૨૦૧૯–૨૦નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ તેમજ કંપનીની કામગીરી અંગેની સરકારની સમીક્ષા

**ઉદ્યોગ પ્રભાગનો હવાલો ધરાવતા માનનીય મંત્રીશ્રી સૌરભભાઇ પટેલ**

(૬) ગુજરાત રાજ્ય બાળ અધિકાર સંરક્ષણ આયોગના સન ૨૦૧૮–૧૯ અને સન ૨૦૧૯–૨૦ના વાર્ષિક અહેવાલો તેમજ સન ૨૦૧૮–૧૯ના વાર્ષિક અહેવાલને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલા વિલંબ અંગેના કારણો દર્શાવતું નિવેદન

**માનનીય રાજયકક્ષાના સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી વાસણભાઇ આહિર**

(૭) ગુજરાત પછાત વર્ગ વિકાસ નિગમનો સન ૨૦૧૯–૨૦નો વાર્ષિક વહીવટી અહેવાલ

**માનનીય રાજયકક્ષાના સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગોનું કલ્યાણ મંત્રીશ્રી વાસણભાઇ આહિર**

(૮) ગુજરાત રાજ્ય મહિલા આયોગનો સન ૨૦૧૯–૨૦નો વાર્ષિક વહીવટી અહેવાલ

**માનનીય રાજયકક્ષાના મહિલા અને બાળ કલ્યાણ મંત્રી શ્રીમતી વિભાવરીબેન દવે**

(૯) ગુજરાત આદિજાતિ વિકાસ કોર્પોરેશનનો સન ૨૦૧૮–૧૯નો વાર્ષિક અહેવાલ તેમજ આ અહેવાલને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલા વિલંબ અંગેના કારણો દર્શાવતું નિવેદન

**માનનીય રાજયકક્ષાના આદિજાતિ વિકાસ મંત્રીશ્રી રમણભાઇ પાટકર**

(૧૦) ગુજરાત રીયલ એસ્ટેટ રેગ્યુલેટરી ઓથોરીટીના સન ૨૦૧૭–૧૮ અને ૨૦૧૮–૧૯ના વાર્ષિક હિસાબો તથા ઓડિટ અહેવાલ તેમજ આ અહેવાલોને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલા વિલંબ અંગેના કારણો દર્શાવતાં નિવેદન

**માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી નીતિનભાઇ પટેલ**

(૧૧) ગુજરાત ઔદ્યોગિક વિકાસ નિગમનો સન ૨૦૧૮–૧૯નો વાર્ષિક હિસાબ અને તપાસણી અહેવાલ તેમજ આ અહેવાલને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલા વિલંબ અંગેના કારણો દર્શાવતું નિવેદન

**ઉદ્યોગ પ્રભાગનો હવાલો ધરાવતા માનનીય મંત્રીશ્રી સૌરભભાઇ પટેલ**

**૪. માગણીઓ પર ચર્ચા અને મતદાન (ચોથો દિવસ)**

મંત્રી પરિષદને લગતી સેવા અંગેની સામાન્ય વહીવટ વિભાગની મહેસૂલી ખર્ચ માટેની માગણી ક્રમાંક–૩૦, ચૂંટણીને લગતી સેવા અંગેની સામાન્ય વહીવટ વિભાગની મહેસૂલી અને મૂડી ખર્ચ માટેની માગણી ક્રમાંક–૩૧, સામાન્ય વહીવટ વિભાગને લગતી સેવા અંગેની સામાન્ય વહીવટ વિભાગની મહેસૂલી ખર્ચ માટેની માગણી ક્રમાંક–૩૩, સિંચાઇ અને ભૂમિ સંરક્ષણને લગતી સેવા અંગેની નર્મદા, જળસંપત્તિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગની મહેસૂલી અને મૂડી ખર્ચ માટેની માગણી ક્રમાંક–૬૬, શહેરી આવાસનને લગતી સેવા અંગેની શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગની મહેસૂલી ખર્ચ માટેની માગણી ક્રમાંક–૧૦૧ તથા શહેરી વિકાસને લગતી સેવા અંગેની શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગની મહેસૂલી અને મૂડી ખર્ચ માટેની માગણી ક્રમાંક–૧૦૨ સામાન્ય વહીવટ વિભાગ, નર્મદા, જળસંપત્તિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ તથા શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગનો હવાલો ધરાવતા માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી નીતિનભાઇ પટેલે રજૂ કરી.

માગણીઓ જેમ જેમ રજૂ થતી ગઇ તેમ તેમ માગણી ક્રમાંક– ૩૦ ઉપરની કાપ દરખાસ્ત ક્રમાંક– ૧, ૨, ૩, ૪, ૫ અને ૬, માગણી ક્રમાંક–૩૧ ઉપરની કાપ દરખાસ્ત ક્રમાંક– ૮, ૯, ૧૦, ૧૧, ૧૨, ૧૩ અને ૧૪, માગણી ક્રમાંક– ૩૩ ઉપરની કાપ દરખાસ્ત ક્રમાંક– ૧૬, ૧૮, ૧૯, ૨૦, ૨૧, ૨૨ અને ૨૩, માગણી ક્રમાંક– ૬૬ ઉપરની કાપ દરખાસ્ત ક્રમાંક– ૨૪, ૨૫, ૨૬, ૨૭, ૨૮, ૨૯, ૩૦, ૩૧, ૩૨, ૩૩, ૩૪, ૩૫ અને ૩૬, માગણી ક્રમાંક– ૧૦૧ ઉપરની કાપ દરખાસ્ત ક્રમાંક– ૩૭, ૪૦, ૪૧, ૪૨ અને ૪૩ તથા માગણી ક્રમાંક– ૧૦૨ ઉપરની કાપ દરખાસ્ત ક્રમાંક– ૪૪, ૪૫, ૪૬, ૪૭, ૪૯, ૫૨, ૫૩, ૫૫ અને ૫૬ સંબંધિત સભ્યશ્રીઓએ રજૂ કરી.

**૫. માનનીય અધ્યક્ષશ્રીનો આદેશ**

**સભ્યશ્રીને સસ્પેન્ડ કરવા બાબત**

સભ્યશ્રી જીગ્નેશકુમાર મેવાણીએ પોતાના સ્થાન ઉપરથી ઊભા થઇ સભાગૃહની કાર્યવાહીમાં ખલેલ પહોંચાડતાં, સભાગૃહમાં શાંતિ જાળવવા માનનીય અધ્યક્ષશ્રી દ્વારા સભાગૃહમાં શાંતિ જાળવવાની વારંવાર અપીલ કરવા છતાં અને સભાગૃહમાં તેમનું સ્થાન લેવા માટેની વારંવારની વિનંતી કરવા છતાં, તેઓએ સભાગૃહમાં સતત ખલેલ પહોંચાડવાનું ચાલુ રાખતાં, માનનીય અધ્યક્ષશ્રીએ સભાગૃહની આજના દિવસની કાર્યવાહીમાંથી તેમને સસ્પેન્ડ કરવાની જાહેરાત કરી અને સાર્જન્ટ દ્વારા તેમને સભાગૃહમાંથી બહાર લઇ જવામાં આવ્યા.

**૬. માગણીઓ પર ચર્ચા અને મતદાન (ચોથો દિવસ)(ક્રમશઃ)**

ત્યારબાદ ઉપરોક્ત માગણીઓ અને તેના પર રજૂ થયેલી કાપ દરખાસ્તો પર ભેગી ચર્ચા શરૂ થઇ. નીચેના સભ્યશ્રીઓએ ચર્ચામાં ભાગ લીધો.

(૧) ડો. સી.જે.ચાવડા

(૬) શ્રી ભુપેન્દ્રભાઇ પટેલ

(૨) શ્રી રાકેશભાઇ શાહ
(૩) શ્રી પુંજાભાઇ વંશ
(૪) શ્રી જેઠાભાઇ આહિર (ભરવાડ)
(૫) શ્રી નથાભાઇ પટેલ
(૭) શ્રી રઘુભાઇ દેસાઇ
(૮) શ્રી જીતેન્દ્ર સુખડીયા
(૯) શ્રી વિમલભાઇ ચુડાસમા

**(વિરામ બપોરના ૨.૩૦થી ૩.૦૦)**

વિરામ બાદ નીચેના વધુ સભ્યશ્રીઓએ ચર્ચામાં ભાગ લીધો.

(૧૦) શ્રી અભેસિંહ તડવી
(૧૧) શ્રી ચંદનજી ઠાકોર
(૧૨) શ્રી ગોવિંદભાઇ પટેલ
(૧૩) શ્રી સુખરામભાઇ રાઠવા
(૧૪) શ્રી વિવેકભાઇ પટેલ
(૧૫) શ્રી અમરીષભાઇ ડેર
(૧૬) શ્રી મહેશભાઇ વસાવા
(૧૭) શ્રીમતી સંગીતાબેન પાટીલ
(૧૮) શ્રીમતી ગેનીબેન ઠાકોર
(૧૯) શ્રી બાબુભાઇ બોખીરીયા
(૨૦) શ્રી ઋષિકેશ પટેલ
(૨૧) શ્રી કીરીટકુમાર પટેલ
(૨૨) શ્રી સુરેશભાઇ પટેલ
(૨૩) શ્રી હર્ષ સંઘવી
(૨૪) શ્રી શૈલેષ પરમાર

ત્યારબાદ ચર્ચાનો જવાબ સામાન્ય વહીવટ વિભાગ, નર્મદા, જળસંપત્તિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ તથા શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગનો હવાલો ધરાવતા માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી નીતિનભાઇ પટેલે આપ્યો.

ત્યારબાદ રજૂ થયેલ કાપ દરખાસ્તો ક્રમાંક– ૧, ૨, ૩, ૪, ૫, ૬, ૮, ૯, ૧૦, ૧૧, ૧૨, ૧૩, ૧૪, ૧૬, ૧૮, ૧૯, ૨૦, ૨૧, ૨૨, ૨૩, ૨૪, ૨૫, ૨૬, ૨૭, ૨૮, ૨૯, ૩૦, ૩૧, ૩૨, ૩૩, ૩૪, ૩૫, ૩૬, ૩૭, ૪૦, ૪૧, ૪૨, ૪૩, ૪૪, ૪૫, ૪૬, ૪૭, ૪૯, ૫૨, ૫૩, ૫૫ અને ૫૬ મત ઉપર મૂકવામાં આવી અને તેનો અસ્વીકાર કરવામાં આવ્યો.

ત્યારબાદ માગણી ક્રમાંક–૩૦, ૩૧, ૩૩, ૬૬, ૧૦૧ અને ૧૦૨ મત ઉપર મૂકવામાં આવી અને તેનો સ્વીકાર કરવામાં આવ્યો.

**સભાગૃહ, શનિવાર તા.૨૦મી માર્ચ, ૨૦૨૧ના રોજ**
**સવારના ૧૦.૦૦ વાગ્યે ફરી મળવા માટે સાંજના ૫.૦૦ વાગ્યે મુલતવી રહ્યું.**

**ગુજરાત વિધાનસભા સચિવાલય,**
**ગાંધીનગર.**
**તા. ૧૯મી માર્ચ, ૨૦૨૧**

**ડી.એમ.પટેલ**
**સચિવ,**
**ગુજરાત વિધાનસભા.**

ક્રમાંક–૧૪

**પત્રક ભાગ–૧**
**કાર્યવાહીની ટૂંકી નોંધ**
**ચૌદમી ગુજરાત વિધાનસભા**
**આઠમું સત્ર**
**શનિવાર, તા.૨૦મી માર્ચ, ૨૦૨૧**
**માનનીય અધ્યક્ષશ્રી રાજેન્દ્ર ત્રિવેદી અધ્યક્ષસ્થાને**
**સભાગૃહ સવારના ૧૦.૦૦ વાગ્યે ફરી મળ્યું.**

**૧. તારાંકિત પ્રશ્નોત્તરી**

શનિવાર, તા. ૨૦મી માર્ચ, ૨૦૨૧ના રોજની તારાંકિત પ્રશ્નોત્તરીની યાદીમાંના પ્રશ્નો અગ્રતાક્રમ ૧, ૨, ૩, ૪, ૫ અને ૬ના મૌખિક જવાબ આપવામાં આવ્યા.

સમયના અભાવે પૂછી ન શકાયેલા પ્રશ્નો અગ્રતાક્રમ ૭ થી ૨૪૬ને અતારાંકિત ગણવામાં આવ્યા.

**પ્રશ્નોત્તરીનો સમય સવારના ૧૧.૦૦ વાગ્યે પૂરો થયો.**

**૨. પોઇન્ટ ઓફ ઓર્ડર**

**તારાંકિત પ્રશ્નોના જવાબમાં વિસંગતતા અંગે.**

સભ્યશ્રી વિરજીભાઇ ઠુમ્મરે આજની તારાંકિત પ્રશ્નોત્તરીના પ્રશ્ન અગ્રતા ક્રમાંક– ૧૦૧ ના જવાબમાં વિસંગતતા બાબતનો પોઇન્ટ ઓફ ઓર્ડરનો મુદ્દો ઉપસ્થિત કરતાં, માનનીય અધ્યક્ષશ્રીએ આ બાબતે સભ્યશ્રીને તેમને લેખિતમાં રજૂઆત કરવાનું જણાવ્યું.

**૩. માગણીઓ પર ચર્ચા અને મતદાન (પાંચમો દિવસ)**

ઉદ્યોગોને લગતી સેવા અંગેની ઉદ્યોગ અને ખાણ વિભાગની મહેસૂલી અને મૂડી ખર્ચ માટેની માગણી ક્રમાંક–૪૯, ખાણ અને ખનિજને લગતી સેવા અંગેની ઉદ્યોગ અને ખાણ વિભાગની મહેસૂલી અને મૂડી ખર્ચ માટેની માગણી ક્રમાંક–૫૦ તથા બંદરો અને વાહન વ્યવહાર વિભાગને લગતું અન્ય ખર્ચને લગતી સેવા અંગેની બંદરો અને વાહન વ્યવહાર વિભાગની મહેસૂલી અને મૂડી ખર્ચ માટેની માગણી ક્રમાંક–૭૫ ઉદ્યોગ અને ખાણ વિભાગ તથા બંદરો અને વાહન વ્યવહાર વિભાગનો હવાલો ધરાવતા માનનીય ઊર્જા મંત્રીશ્રી સૌરભભાઇ પટેલે રજૂ કરી. ત્યારબાદ કર વસૂલાત ખર્ચ (ઊર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગ)ને લગતી સેવા અંગેની ઊર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગની મહેસૂલી ખર્ચ માટેની માગણી ક્રમાંક–૧૨ તથા વીજળી શક્તિ પરિયોજનાઓને લગતી સેવા અંગેની ઊર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગની મહેસૂલી અને મૂડી ખર્ચ માટેની માગણી ક્રમાંક–૧૩ માનનીય ઊર્જા મંત્રીશ્રી સૌરભભાઇ પટેલે રજૂ કરી.

માગણીઓ જેમ જેમ રજૂ થતી ગઇ તેમ તેમ માગણી ક્રમાંક–૪૯ ઉપરની કાપ દરખાસ્ત ક્રમાંક– ૧, ૨, ૩, ૫, ૬, ૭, ૮, ૧૩ અને ૧૪, માગણી ક્રમાંક–૫૦ ઉપરની કાપ દરખાસ્ત ક્રમાંક– ૧૫, ૧૭, ૧૮, ૨૦, ૨૧, ૨૩, ૨૪, ૨૬, ૨૮ અને ૨૯, માગણી ક્રમાંક– ૭૫ ઉપરની કાપ દરખાસ્ત ક્રમાંક–૩૨, ૩૩, ૩૫ અને ૩૭, માગણી ક્રમાંક– ૧૨ ઉપરની કાપ દરખાસ્ત ક્રમાંક–૩૯, ૪૦, ૪૧, ૪૩, ૪૪, ૪૫ અને ૪૬ તથા માગણી ક્રમાંક–૧૩ ઉપરની કાપ દરખાસ્ત ક્રમાંક–૪૮, ૫૦, ૫૧, ૫૨, ૫૩, ૫૪, ૫૬, ૫૭ અને ૫૯ સંબંધિત સભ્યશ્રીઓએ રજૂ કરી.

ત્યારબાદ ઉપરોક્ત માગણીઓ અને તેના પર રજૂ થયેલી કાપ દરખાસ્તો પર ભેગી ચર્ચા શરૂ થઇ. નીચેના સભ્યશ્રીઓએ ચર્ચામાં ભાગ લીધો.

(૧) શ્રી લલીત વસોયા
(૨) શ્રી દુષ્યંતભાઇ પટેલ
(૩) શ્રી પુંજાભાઇ વંશ
(૪) શ્રી આર.સી. મકવાણા
(૫) શ્રી ભગાભાઇ બારડ(પ્રવચન અધૂરું)

**(વિરામ બપોરના ૧૨.૦૦થી ૧૨.૩૦)**

વિરામ બાદ સભ્યશ્રી ભગાભાઇ બારડે તેમનું અધૂરું રહેલ પ્રવચન પૂર્ણ કર્યા બાદ નીચેના વધુ સભ્યશ્રીઓએ ચર્ચામાં ભાગ લીધો.

(૬) શ્રી જગદીશભાઇ પટેલ
(૭) શ્રી બાબુભાઇ વાજા
(૮) શ્રી ઋષિકેશ પટેલ
(૯) શ્રી પિયુષભાઇ દેસાઇ
(૧૦) ડો. અનિલ જોષીયારા
(૧૧) શ્રી ધનજીભાઇ પટેલ
(૧૨) શ્રી જે.વી.કાકડીયા
(૧૩) શ્રી કાન્તીભાઇ ખરાડી
(૧૪) શ્રી કનુભાઇ પટેલ
(૧૫) શ્રી કનુભાઇ દેસાઇ
(૧૬) શ્રી વિમલભાઇ ચુડાસમા

ત્યારબાદ ઉદ્યોગ અને ખાણ વિભાગ, બંદરો અને વાહન વ્યવહાર વિભાગનો હવાલો ધરાવતા તથા ઊર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગની માગણીઓ પરની ચર્ચાનો જવાબ માનનીય ઊર્જા મંત્રીશ્રી સૌરભભાઇ પટેલે આપ્યો.

ત્યારબાદ રજૂ થયેલ કાપ દરખાસ્તો ક્રમાંક–૧, ૨, ૩, ૫, ૬, ૭, ૮, ૧૩, ૧૪, ૧૫, ૧૭, ૧૮, ૨૦, ૨૧, ૨૩, ૨૪, ૨૬, ૨૮, ૨૯, ૩૨, ૩૩, ૩૫, ૩૭, ૩૯, ૪૦, ૪૧, ૪૩, ૪૪, ૪૫, ૪૬, ૪૮, ૫૦, ૫૧, ૫૨, ૫૩, ૫૪, ૫૬, ૫૭ અને ૫૯ મત ઉપર મૂકવામાં આવી અને તેનો અસ્વીકાર કરવામાં આવ્યો.

ત્યારબાદ માગણી ક્રમાંક–૪૯, ૫૦, ૭૫, ૧૨ અને ૧૩ મત ઉપર મૂકવામાં આવી અને તેનો સ્વીકાર કરવામાં આવ્યો.

**સભાગૃહ, સોમવાર તા.૨૨મી માર્ચ, ૨૦૨૧ના રોજ**
**બપોરના ૧૨.૦૦ વાગ્યે ફરી મળવા માટે બપોરના ૨.૩૨ વાગ્યે મુલતવી રહ્યું.**

**ગુજરાત વિધાનસભા સચિવાલય,**
**ગાંધીનગર.**
**તા. ૨૦મી માર્ચ, ૨૦૨૧**

**ડી.એમ.પટેલ**
**સચિવ,**
**ગુજરાત વિધાનસભા.**

ક્રમાંક–૧૫

**પત્રક ભાગ–૧**
**કાર્યવાહીની ટૂંકી નોંધ**
**ચૌદમી ગુજરાત વિધાનસભા**
**આઠમું સત્ર**
**સોમવાર, તા.૨૨મી માર્ચ, ૨૦૨૧**
**માનનીય અધ્યક્ષશ્રી રાજેન્દ્ર ત્રિવેદી અધ્યક્ષસ્થાને**
**સભાગૃહ બપોરના ૧૨.૦૦ વાગ્યે ફરી મળ્યું.**

**૧. તારાંકિત પ્રશ્નોત્તરી**

સોમવાર, તા. ૨૧મી માર્ચ, ૨૦૨૧ના રોજની તારાંકિત પ્રશ્નોત્તરીની યાદીમાંના પ્રશ્નો અગ્રતાક્રમ ૧, ૨, ૩, ૪, ૫, ૬ અને ૭ના મૌખિક જવાબ આપવામાં આવ્યા.

સમયના અભાવે પૂછી ન શકાયેલા પ્રશ્નો અગ્રતાક્રમ ૮ થી ૨૭૧ને અતારાંકિત ગણવામાં આવ્યા.

**પ્રશ્નોત્તરીનો સમય બપોરના ૧.૦૦ વાગ્યે પૂરો થયો.**

**૨. માગણીઓ પર ચર્ચા અને મતદાન (છઠ્ઠો દિવસ)**

તબીબી અને જાહેર આરોગ્યને લગતી સેવા અંગેની આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગની મહેસૂલી અને મૂડી ખર્ચ માટેની માગણી ક્રમાંક–૩૯, પરિવાર કલ્યાણને લગતી સેવા અંગેની આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગની મહેસૂલી અને મૂડી ખર્ચ માટેની માગણી ક્રમાંક–૪૦, નર્મદા વિકાસ યોજનાને લગતી સેવા અંગેની નર્મદા, જળસંપત્તિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગની મહેસૂલી અને મૂડી ખર્ચ માટેની માગણી ક્રમાંક–૬૫, રહેણાંકના મકાનોને લગતી સેવા અંગેની માર્ગ અને મકાન વિભાગની મહેસૂલી અને મૂડી ખર્ચ માટેની માગણી ક્રમાંક–૮૫, માર્ગ અને પુલને લગતી સેવા અંગેની માર્ગ અને મકાન વિભાગની મહેસૂલી અને મૂડી ખર્ચ માટેની માગણી ક્રમાંક–૮૬ તથા ગુજરાતના પાટનગર બાંધકામની યોજનાને લગતી સેવા અંગેની માર્ગ અને મકાન વિભાગની મહેસૂલી અને મૂડી ખર્ચ માટેની માગણી ક્રમાંક–૮૭ વિભાગ માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી નીતિનભાઇ પટેલે રજૂ કરી.

માગણીઓ જેમ જેમ રજૂ થતી ગઇ તેમ તેમ માગણી ક્રમાંક–૩૯ ઉપરની કાપ દરખાસ્ત ક્રમાંક– ૧, ૨, ૪, ૫, ૬, ૭, ૮, ૯, ૧૦, ૧૧, ૧૪, ૧૬, ૧૭, ૧૯ અને ૨૦, માગણી ક્રમાંક–૪૦ ઉપરની કાપ દરખાસ્ત ક્રમાંક– ૨૧ અને ૨૨, માગણી ક્રમાંક– ૬૫ ઉપરની કાપ દરખાસ્ત ક્રમાંક–૨૩, ૨૬, ૨૭, ૨૮, ૩૦, ૩૧, ૩૨ અને ૩૩, માગણી ક્રમાંક–૮૫ ઉપરની કાપ દરખાસ્ત ક્રમાંક–૩૬ અને ૩૭, માગણી ક્રમાંક–૮૬ ઉપરની કાપ દરખાસ્ત ક્રમાંક–૩૮, ૪૧, ૪૩, ૪૪, ૪૫, ૪૭, ૫૦, ૫૧, ૫૨, ૫૩, ૫૪, ૫૫ અને ૫૬ તથા માગણી ક્રમાંક–૮૭ ઉપરની કાપ દરખાસ્ત ક્રમાંક–૫૭, ૫૮ અને ૫૯ સંબંધિત સભ્યશ્રીઓએ રજૂ કરી.

ત્યારબાદ ઉપરોક્ત માગણીઓ અને તેના પર રજૂ થયેલી કાપ દરખાસ્તો પર ભેગી ચર્ચા શરૂ થઇ. નીચેના સભ્યશ્રીઓએ ચર્ચામાં ભાગ લીધો.

(૧) શ્રી વિરજીભાઇ ઠુમ્મર
(૨) ડો. નીમાબેન આચાર્ય
(૩) શ્રી પુંજાભાઇ વંશ
(૪) શ્રી અભેસિંહ તડવી
(૫) શ્રી બળદેવજી ઠાકોર
(૬) શ્રી આત્મારામ પરમાર
(૭) શ્રી ગ્યાસુદ્દીન શેખ
(૮) શ્રી રાઘવજીભાઇ પટેલ
(૯) ડો. અનિલ જોષીયારા
(૧૦) શ્રી રાજેન્દ્રસિંહ ચાવડા

**(વિરામ બપોરના ૨.૩૦થી ૩.૦૦)**

વિરામ બાદ નીચેના વધુ સભ્યશ્રીઓએ ચર્ચામાં ભાગ લીધો.

(૧૧) શ્રીમતી સંગીતાબેન પાટીલ
(૧૨) શ્રી અનંતકુમાર પટેલ
(૧૩) શ્રી શંભુજી ઠાકોર
(૧૪) શ્રી સુખરામભાઇ રાઠવા
(૧૫) શ્રી વલ્લભભાઇ કાકડીયા
(૧૬) શ્રી અમરીષભાઇ ડેર
(૧૭) શ્રી અરવિંદકુમાર પટેલ
(૧૮) શ્રી પ્રતાપ દૂધાત
(૧૯) શ્રી વિનોદભાઇ મોરડીયા
(૨૦) શ્રી ગુલાબસિંહ રાજપુત
(૨૧) શ્રી જીતુભાઇ ચૌધરી
(૨૨) શ્રી ભગાભાઇ બારડ

ત્યારબાદ આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ, નર્મદા, જળસંપત્તિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ તથા માર્ગ અને મકાન વિભાગની માગણીઓ પરની ચર્ચાનો જવાબ માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી નીતિનભાઇ પટેલે આપ્યો.

ત્યારબાદ માગણી ક્રમાંક–૬૫ પરની કાપ દરખાસ્ત ક્રમાંક ૨૩, ૨૬, ૨૭, ૨૮, ૩૦, ૩૧, ૩૨ અને ૩૩ પરત ખેંચવામાં આવી.

ત્યારબાદ માગણી ક્રમાંક–૬૫ મત ઉપર મૂકવામાં આવી અને તેનો સર્વાનુમતે સ્વીકાર કરવામાં આવ્યો.

ત્યારબાદ માગણી ક્રમાંક–૩૯, ૪૦, ૮૫, ૮૬ અને ૮૭ ઉપર રજૂ થયેલ કાપ દરખાસ્તો ક્રમાંક– ૧, ૨, ૪, ૫, ૬, ૭, ૮, ૯, ૧૦, ૧૧, ૧૪, ૧૬, ૧૭, ૧૯, ૨૦, ૨૧, ૨૨, ૩૬, ૩૭, ૩૮, ૪૧, ૪૩, ૪૪, ૪૫, ૪૭, ૫૦, ૫૧, ૫૨, ૫૩, ૫૪, ૫૫, ૫૬, ૫૭, ૫૮ અને ૫૯ મત ઉપર મૂકવામાં આવી અને તેનો અસ્વીકાર કરવામાં આવ્યો.

ત્યારબાદ માગણી ક્રમાંક–૩૯, ૪૦, ૮૫, ૮૬ અને ૮૭ મત ઉપર મૂકવામાં આવી અને તેનો સ્વીકાર કરવામાં આવ્યો.

**૩. નિયમ ૯૨ અન્વયે અરધા કલાકની ચર્ચા**

સભ્ય ડો. સી.જે. ચાવડાએ તા.૧૫–૦૩–૨૦૨૧ના રોજ સભાગૃહમાં રજૂ થયેલ તારાંકિત પ્રશ્ન ક્રમાંક–૩૩૮૮૫ (અગ્રતા–૬૬)ના માનનીય નાગરિક ઉડ્ડયન મંત્રીશ્રીએ આપેલા લેખિત જવાબ ઉપરથી ઉપસ્થિત કરેલી જાહેર અગત્યની બાબત ઉપર અરધા કલાકની ચર્ચાનો મુદ્દો ઉપસ્થિત કર્યો અને તેના સમર્થનમાં પોતાનું મંતવ્ય રજૂ કર્યું.

સભ્યશ્રીએ ઉપસ્થિત કરેલ મુદ્દાઓના જવાબો માનનીય નાગરિક ઉડ્ડયન મંત્રીશ્રી ભુપેન્દ્રસિંહ ચુડાસમાએ આપ્યા.

**સભાગૃહ, મંગળવાર તા.૨૩મી માર્ચ, ૨૦૨૧ના રોજ**
**સવારના ૧૦.૦૦ વાગ્યે ફરી મળવા માટે સાંજના ૫.૧૭ વાગ્યે મુલતવી રહ્યું.**

**ગુજરાત વિધાનસભા સચિવાલય,**
**ગાંધીનગર.**
**તા. ૨૨મી માર્ચ, ૨૦૨૧**

**ડી.એમ.પટેલ**
**સચિવ,**
**ગુજરાત વિધાનસભા.**

ક્રમાંક–૧૬

**પત્રક ભાગ–૧**
**કાર્યવાહીની ટૂંકી નોંધ**
**ચૌદમી ગુજરાત વિધાનસભા**
**આઠમું સત્ર**
**મંગળવાર, તા.૨૩મી માર્ચ, ૨૦૨૧**
**પહેલી બેઠક**
**માનનીય અધ્યક્ષશ્રી રાજેન્દ્ર ત્રિવેદી અધ્યક્ષસ્થાને**
**સભાગૃહ સવારના ૧૦.૦૦ વાગ્યે મળ્યું.**

**૧. માગણીઓ પર ચર્ચા અને મતદાન (સાતમો દિવસ)**

કૃષિને લગતી સેવા અંગેની કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગની મહેસૂલી અને મૂડી ખર્ચ માટેની માગણી ક્રમાંક–૨ અને નાની સિંચાઇ, ભૂમિ સંરક્ષણ અને વિસ્તાર વિકાસને લગતી સેવા અંગેની કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગની મહેસૂલી અને મૂડી ખર્ચ માટેની માગણી ક્રમાંક–૩ કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગના માનનીય મંત્રીશ્રી આર.સી.ફળદુએ, તથા પશુપાલન અને ડેરી વિકાસને લગતી સેવા અંગેની કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગની મહેસૂલી ખર્ચ માટેની માગણી ક્રમાંક–૪ અને પાણી પુરવઠાને લગતી સેવા અંગેની નર્મદા, જળસંપત્તિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગની મહેસૂલી અને મૂડી ખર્ચ માટેની માગણી ક્રમાંક–૬૭ માનનીય પાણી પુરવઠા મંત્રી શ્રી કુંવરજીભાઇ બાવળીયાએ, ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસને લગતી સેવા અંગેની પંચાયત, ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગની મહેસૂલી અને મૂડી ખર્ચ માટેની માગણી ક્રમાંક–૭૧ તથા વાહન વ્યવહારને લગતી સેવા અંગેની બંદરો અને વાહન વ્યવહાર વિભાગની મહેસૂલી અને મૂડી ખર્ચ માટેની માગણી ક્રમાંક–૭૪ બંદરો અને વાહન વ્યવહાર વિભાગના માનનીય મંત્રીશ્રી આર.સી. ફળદુએ રજૂ કરી.

માગણીઓ જેમ જેમ રજૂ થતી ગઇ તેમ તેમ માગણી ક્રમાંક–૨ ઉપરની કાપ દરખાસ્ત ક્રમાંક–૨, ૩, ૬, ૯, ૧૦, ૧૨, ૧૩, ૧૪ અને ૧૬, માગણી ક્રમાંક–૩ ઉપરની કાપ દરખાસ્ત ક્રમાંક–૧૮, ૧૯ અને ૨૦, માગણી ક્રમાંક–૪ ઉપરની કાપ દરખાસ્ત ક્રમાંક–૨૨ અને ૨૩, માગણી ક્રમાંક–૬૭ ઉપરની કાપ દરખાસ્ત ક્રમાંક– ૩૧, ૩૩, ૩૫, ૩૮, ૩૯, ૪૧ અને ૪૨, માગણી ક્રમાંક–૭૧ ઉપરની કાપ દરખાસ્ત ક્રમાંક–૪૬, ૪૮, ૪૯, ૫૦ અને ૫૨, તથા માગણી ક્રમાંક–૭૪ ઉપરની કાપ દરખાસ્ત ક્રમાંક–૫૪, ૫૫, ૫૭, ૫૯, ૬૧, ૬૨, ૬૩, ૬૪, ૬૬ અને ૬૭ સંબંધિત સભ્યશ્રીઓએ રજૂ કરી.

ત્યારબાદ ઉપરોક્ત માગણીઓ અને તેના પર રજૂ થયેલી કાપ દરખાસ્તો પર ભેગી ચર્ચા શરૂ થઇ. નીચેના સભ્યશ્રીઓએ ચર્ચામાં ભાગ લીધો.

(૧) શ્રી હર્ષદકુમાર રીબડીયા
(૨) શ્રી બાબુભાઇ બોખીરીયા
(૩) શ્રી લાખાભાઇ ભરવાડ
(૪) શ્રી નરેશભાઇ પટેલ
(૫) શ્રી વિરજીભાઇ ઠુમ્મર
(૬) ડો.આશાબેન પટેલ
(૭) શ્રી નથાભાઇ પટેલ
(૮) શ્રી વી.ડી.ઝાલાવાડીયા
(૯) શ્રી શીવાભાઇ ભુરીયા
(૧૦) શ્રી કિર્તીસિંહ વાઘેલા
(૧૧) શ્રી મોહનસિંહ રાઠવા
(૧૨) શ્રી ભરતભાઇ પટેલ
(૧૩) શ્રી રઘુભાઇ દેસાઇ
(૧૪) શ્રી દેવાભાઇ માલમ
(૧૫) શ્રી અમરીષભાઇ ડેર
(૧૬) શ્રીમતી માલતીબેન મહેશ્વરી(પ્રવચન અધૂરુ)

**(વિરામ બપોરના ૧૨.૦૦થી ૧૨.૩૦)**

વિરામ બાદ સભ્ય શ્રીમતી માલતીબેન મહેશ્વરીએ પોતાનું અધૂરુ રહેલ પ્રવચન પૂર્ણ કર્યા બાદ નીચેના વધુ સભ્યશ્રીઓએ ચર્ચામાં ભાગ લીધો.

(૧૭) શ્રી મોહનલાલ વાળા
(૧૮) શ્રી અરવિંદભાઇ પટેલ
(૧૯) શ્રી પ્રવિણભાઇ મુછડીયા
(૨૦) શ્રી અજમલજી ઠાકોર
(૨૧) શ્રી ઇન્દ્રજીતસિંહ પરમાર
(૨૨) શ્રીમતી ગેનીબેન ઠાકોર
(૨૩) શ્રી બાબુભાઇ વાજા

ત્યારબાદ પાણી પુરવઠો તથા ગ્રામ ગૃહનિર્માણ અને ગ્રામ વિકાસ અંગે માંગણીની ચર્ચાનો જવાબ માનનીય મંત્રીશ્રી કુંવરજીભાઇ બાવળીયાએ આપ્યો.

**૨. સભાત્યાગ**

માનનીય વિપક્ષના નેતાશ્રી પરેશભાઇ ધાનાણીએ આજ રોજ શહીદ દિન અને દેશના પાટનગર દિલ્હી ખાતે ચાલી રહેલા કિસાન આંદોલનમાં ૨૫૦ જેટલા ખેડૂતોના મૃત્યુને ધ્યાનમાં રાખીને સભાગૃહમાં તેમના માનમાં બે મિનિટ મૌન પાળવાની અપીલ કરતાં, માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી નીતિનભાઇ પટેલે દેશના પાટનગર દિલ્હી ખાતે ચાલી રહેલા કિસાન આંદોલનમાં ૨૫૦ જેટલા ખેડૂતોના મૃત્યુને શહીદી ગણીને બે મિનિટ મૌન પાળવાની વિપક્ષના નેતાશ્રીની અપીલને રાજકીય ગણી તેનો વિરોધ કરતાં, વિપક્ષના નેતાશ્રી અને વિપક્ષના સભાગૃહમાં હાજર રહેલ તમામ સભ્યશ્રીઓ સૂત્રોચ્ચાર કરતાં, કરતાં સભાગૃહ છોડી ગયા.

**૩. શહીદ દિન નિમિત્તે બે મિનિટ મૌન**

ત્યારબાદ માનનીય મંત્રીશ્રી આર.સી. ફળદુએ આજ રોજ શહીદ દિન હોવાથી શહીદોના માનમાં સભાગૃહમાં બે મિનિટ મૌન પાળવાની અપીલ કરતાં સભાગૃહમાં ઉપસ્થિત તમામ સભ્યશ્રીઓએ પોતાની બેઠક પર ઊભા રહી બે મિનિટ મૌન પાળ્યું.

**૪. માગણીઓ પર ચર્ચા અને મતદાન (સાતમો દિવસ)(ક્રમશઃ)**

ત્યારબાદ કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગ તથા તથા બંદરો અને વાહન વ્યવહાર વિભાગની માંગણીની ચર્ચાનો જવાબ માનનીય મંત્રીશ્રી આર.સી. ફળદુએ આપ્યો.

ત્યારબાદ નર્મદા, જળસંપત્તિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગની માંગણીની ચર્ચાનો બાકી રહેતો જવાબ માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી કુંવરજીભાઇ બાવળીયાએ આપ્યો.

ત્યારબાદ રજૂ થયેલ કાપ દરખાસ્તો ક્રમાંક– ૨, ૩, ૬, ૯, ૧૦, ૧૨, ૧૩, ૧૪, ૧૬, ૧૮, ૧૯, ૨૦, ૨૨, ૨૩, ૩૧, ૩૩, ૩૫, ૩૮, ૩૯, ૪૧, ૪૨, ૪૬, ૪૮, ૪૯, ૫૦, ૫૨, ૫૪, ૫૫, ૫૭, ૫૯, ૬૧, ૬૨, ૬૩, ૬૪, ૬૬ અને ૬૭ મત ઉપર મૂકવામાં આવી અને તેનો અસ્વીકાર કરવામાં આવ્યો.

ત્યારબાદ માગણી ક્રમાંક–૨, ૩, ૪, ૬૭, ૭૧ અને ૭૪ મત ઉપર મૂકવામાં આવી અને તેનો સ્વીકાર કરવામાં આવ્યો.

**સભાગૃહ, બીજી બેઠક માટે સાંજના ૩.૩૦ વાગ્યે**
**ફરી મળવા માટે બપોરના ૨.૧૮ વાગ્યે મુલતવી રહ્યું.**
**બીજી બેઠક**
**માનનીય અધ્યક્ષશ્રી રાજેન્દ્ર ત્રિવેદીના અધ્યક્ષપદે**
**સભાગૃહ બપોરના ૩.૩૦ વાગ્યે ફરી મળ્યું.**

**૧. તારાંકિત પ્રશ્નોત્તરી**

મંગળવાર, તા. ૨૩મી માર્ચ, ૨૦૨૧ના રોજની તારાંકિત પ્રશ્નોત્તરીની યાદીમાંના પ્રશ્નો અગ્રતાક્રમ ૧, ૨, ૩, ૪, ૫, ૬, ૭ અને ૮ના મૌખિક જવાબ આપવામાં આવ્યા.

સમયના અભાવે પૂછી ન શકાયેલા પ્રશ્નો અગ્રતાક્રમ ૯ થી ૨૧૫ને અતારાંકિત ગણવામાં આવ્યા.

**પ્રશ્નોત્તરીનો સમય સાંજના ૪.૩૦ વાગ્યે પૂરો થયો.**

**૨. સભાગૃહના મેજ ઉપર મૂકાયેલા કાગળો**

નીચેના કાગળો તેની નીચે દર્શાવેલ મંત્રીશ્રીઓએ સભાગૃહના મેજ ઉપર મૂક્યા.

(૧) ગુજરાત સ્ટેટ ફાઇનાન્સિયલ સર્વિસિસ લિમિટેડનો સન ૨૦૧૯–૨૦નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ તેમજ કંપનીની કામગીરી અંગેની સરકારની સમીક્ષા

**માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી નીતિનભાઇ પટેલ**

(૨) ગુજરાત રાજ્ય માર્ગ વિકાસ નિગમ લિમિટેડનો સન ૨૦૧૯–૨૦નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ તેમજ નિગમની કામગીરી અંગેની સરકારની સમીક્ષા

**માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી નીતિનભાઇ પટેલ**

(૩) ગુજરાત વોટર ઇન્ફ્રાસ્ટ્રકચર લિમિટેડનો સન ૨૦૧૯–૨૦નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ તેમજ કંપનીની કામગીરી અંગેની સરકારની સમીક્ષા

**માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી કુંવરજીભાઇ બાવળીયા**

(૪) ગુજરાત લાઇવલી હુડ પ્રમોશન કંપની લિમિટેડના સન ૨૦૧૩–૧૪, ૨૦૧૪–૧૫ અને ૨૦૧૫–૧૬ના વાર્ષિક અહેવાલો તથા આ અહેવાલોને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલા વિલંબ અંગેના કારણો દર્શાવતાં નિવેદન

**માનનીય રાજ્યકક્ષાના ગ્રામ વિકાસ મંત્રીશ્રી બચુભાઇ ખાબડ**

(૫) ગુજરાત રાજ્ય વન વિકાસ નિગમ લિમિટેડનો સન ૨૦૧૮-૧૯નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ, નિગમની કામગીરી અંગેની સરકારની સમીક્ષા તેમજ આ અહેવાલને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલા વિલંબ અંગેના કારણો દર્શાવતું નિવેદન

**માનનીય રાજ્યકક્ષાના વન મંત્રીશ્રી રમણલાલ પાટકર**

(૬) ગુજરાત શહેરી વિકાસ કંપની લિમિટેડનો સન ૨૦૧૮-૧૯નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ, કંપનીની કામગીરી અંગેની સરકારની સમીક્ષા તેમજ આ અહેવાલને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલા વિલંબ અંગેના કારણો દર્શાવતું નિવેદન

**માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી નીતિનભાઇ પટેલ**

(૭) દહેજ સેઝ લિમિટેડનો સન ૨૦૧૯-૨૦નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ તેમજ કંપનીની કામગીરી અંગેની સરકારની સમીક્ષા

**ઉદ્યોગ પ્રભાગનો હવાલો ધરાવતા માનનીય મંત્રીશ્રી સૌરભભાઇ પટેલ**

(૮) ગુજરાત પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડનો સન ૨૦૧૯-૨૦નો વાર્ષિક વહીવટી અહેવાલ

**માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી કુંવરજીભાઇ બાવળીયા**

(૯) ગુજરાત પ્રદૂષણ નિયંત્રણ બોર્ડનો સન ૨૦૧૯-૨૦નો વાર્ષિક અહેવાલ

**માનનીય રાજ્યકક્ષાના પર્યાવરણ મંત્રીશ્રી જયદ્રથસિંહ પરમાર**

(૧૦) નિરીક્ષકશ્રી, સ્થાનિક ભંડોળ હિસાબનો સન ૨૦૧૩-૧૪ના વર્ષ માટેનો મહાનગરપાલિકાઓનો ઓડિટ અહેવાલ તેમજ આ અહેવાલને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલા વિલંબ અંગેના કારણો દર્શાવતું નિવેદન

**માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી નીતિનભાઇ પટેલ**

**૩. માગણીઓ પર ચર્ચા અને મતદાન (આઠમો દિવસ)**

સહકારને લગતી સેવા અંગેની કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગની મહેસૂલી અને મૂડી ખર્ચ માટેની માગણી ક્રમાંક-૫, નાગરિક પુરવઠાને લગતી સેવા અંગેની અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહકોની બાબતોનો વિભાગની મહેસૂલી ખર્ચ માટેની માગણી ક્રમાંક-૨૨, અન્નને લગતી સેવા અંગેની અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહકોની બાબતોનો વિભાગની મહેસૂલી અને મૂડી ખર્ચ માટેની માગણી ક્રમાંક-૨૩ તથા યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓને લગતી સેવા અંગેની રમત-ગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓનો વિભાગની મહેસૂલી અને મૂડી ખર્ચ માટેની માગણી ક્રમાંક-૯૮ માનનીય સહકાર પ્રભાગ, અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહકોની બાબતોના તથા રમત-ગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓના મંત્રીશ્રી જયેશભાઇ રાદડીયાએ રજૂ કરી.

માગણીઓ જેમ જેમ રજૂ થતી ગઇ તેમ તેમ માગણી ક્રમાંક-૫ ઉપરની કાપ દરખાસ્ત ક્રમાંક- ૨, ૩, ૪, ૫, ૬, ૭, ૯, ૧૧ અને ૧૪, માગણી ક્રમાંક-૨૨ ઉપરની કાપ દરખાસ્ત ક્રમાંક- ૧૫, ૧૬, ૧૮, ૨૦, ૨૧, ૨૨, ૨૩, ૨૫, ૨૮, ૨૯, ૩૦ અને ૩૧, માગણી ક્રમાંક- ૨૩ ઉપરની કાપ દરખાસ્ત ક્રમાંક-૩૨, ૩૪, ૩૭, ૩૮ અને ૩૯ તથા માગણી ક્રમાંક-૯૮ પરની કાપ દરખાસ્ત ક્રમાંક- ૪૦, ૪૧, ૪૩, ૪૪, ૪૫, ૪૬, ૪૭, ૪૮, ૪૯, ૫૦, ૫૧, ૫૨, ૫૪, ૫૫, ૫૭ અને ૫૮ સંબંધિત સભ્યશ્રીઓએ રજૂ કરી.

ત્યારબાદ ઉપરોક્ત માગણીઓ અને તેના પર રજૂ થયેલી કાપ દરખાસ્તો પર ભેગી ચર્ચા શરૂ થઇ. નીચેના સભ્યશ્રીઓએ ચર્ચામાં ભાગ લીધો.

(૧) શ્રી શૈલેષ પરમાર
(૨) શ્રી સી.કે. રાઉલજી
(૩) શ્રી વિરજીભાઇ ઠુમ્મર
(૪) શ્રી જીતેન્દ્ર સુખડીઆ
(૫) શ્રી ભગાભાઇ બારડ(પ્રવચન અધૂરું)

**(વિરામ સાંજના ૫.૩૦થી ૬.૦૦)**

વિરામ બાદ સભ્યશ્રી ભગાભાઇ બારડે વિરામ પહેલાનું તેમનું અધૂરું રહેલ પ્રવચન પૂર્ણ કર્યા બાદ નીચેના વધુ સભ્યશ્રીઓએ ચર્ચામાં ભાગ લીધો.

(૬) શ્રી કિશોર ચૌહાણ
(૭) શ્રી કીરીટકુમાર પટેલ
(૮) શ્રી સુરેશભાઇ પટેલ
(૯) શ્રી ગુલાબસિંહ રાજપુત
(૧૨) શ્રી અરૂણસિંહ રણા
(૧૩) શ્રી સુખરામભાઇ રાઠવા
(૧૪) શ્રીમતી ઝંખનાબેન પટેલ
(૧૫) શ્રી જશુભાઇ પટેલ

(૧૦) શ્રીમતી મનીષાબેન વકીલ　　　(૧૬) શ્રી પરેશ ધાનાણી(વિપક્ષના નેતાશ્રી)
(૧૧) ડો. અનિલ જોષીયારા

ત્યારબાદ સહકાર પ્રભાગ, અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહકોની બાબતોનો વિભાગ તથા રમત-ગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓના વિભાગની માગણીઓનો જવાબ મંત્રીશ્રી જયેશભાઇ રાદડીયા આપ્યો.

ત્યારબાદ રજૂ થયેલ કાપ દરખાસ્તો ક્રમાંક- ૨, ૩, ૪, ૫, ૬, ૭, ૯, ૧૧, ૧૪, ૧૫, ૧૬, ૧૮, ૨૦, ૨૧, ૨૨, ૨૩, ૨૫, ૨૮, ૨૯, ૩૦, ૩૧, ૩૨, ૩૪, ૩૭, ૩૮, ૩૯, ૪૦, ૪૧, ૪૩, ૪૪, ૪૫, ૪૬, ૪૭, ૪૮, ૪૯, ૫૦, ૫૧, ૫૨, ૫૪, ૫૫, ૫૭ અને ૫૮ મત ઉપર મૂકવામાં આવી અને તેનો અસ્વીકાર કરવામાં આવ્યો.

ત્યારબાદ માગણી ક્રમાંક-૫, ૨૨, ૨૩ અને ૯૮ મત ઉપર મૂકવામાં આવી અને તેનો સ્વીકાર કરવામાં આવ્યો.

**સભાગૃહ, બુધવાર તા.૨૪મી માર્ચ, ૨૦૨૧ના રોજ**
**બપોરના ૧૨.૦૦ વાગ્યે ફરી મળવા માટે રાત્રીના ૭.૫૭ વાગ્યે મુલતવી રહ્યું.**

**ગુજરાત વિધાનસભા સચિવાલય,**
**ગાંધીનગર.**
**તા. ૨૩મી માર્ચ, ૨૦૨૧**

**ડી.એમ.પટેલ**
**સચિવ,**
**ગુજરાત વિધાનસભા.**

**ક્રમાંક-૧૭**

**પત્રક ભાગ-૧**
**કાર્યવાહીની ટૂંકી નોંધ**
**ચૌદમી ગુજરાત વિધાનસભા**
**આઠમું સત્ર**
**બુધવાર, તા.૨૪મી માર્ચ, ૨૦૨૧**
**માનનીય અધ્યક્ષશ્રી રાજેન્દ્ર ત્રિવેદી અધ્યક્ષસ્થાને**
**સભાગૃહ બપોરના ૧૨.૦૦ વાગ્યે ફરી મળ્યું.**

**૧. તારાંકિત પ્રશ્નોત્તરી**

(ક) બુધવાર, તા.૨૪મી માર્ચ, ૨૦૨૧ના રોજની તારાંકિત પ્રશ્નોત્તરીની યાદીમાંના પ્રશ્નો અગ્રતાક્રમ ૧, ૨, ૫, ૬, ૭, ૮, ૯, ૧૦ અને ૧૧ ના મૌખિક જવાબ આપવામાં આવ્યા.

ગેરહાજર રહેલ સભ્યશ્રીઓના પ્રશ્ન અગ્રતા ક્રમ ૩ અને ૪ને અતારાંકિત ગણવામાં આવ્યા.

સમયના અભાવે પૂછી ન શકાયેલા પ્રશ્નો અગ્રતાક્રમ ૧૨ થી ૩૨૮ને પણ અતારાંકિત ગણવામાં આવ્યા.

**પ્રશ્નોત્તરીનો સમય બપોરના ૧.૦૦ વાગ્યે પૂરો થયો.**

(ખ) **અતારાંકિત પ્રશ્નોત્તરી**

માનનીય અધ્યક્ષશ્રીએ તેરમી, ચૌદમી અને પંદરમી અતારાંકિત યાદી સભાગૃહના મેજ ઉપર મૂકી.

**૨. તાકીદની જાહેર અગત્યની બાબત પર ધ્યાન દોરવા બાબત(નિયમ- ૧૧૬)**

પ્રભારી સભ્યશ્રી પુંજાભાઇ વંશ ગેરહાજર હોઇ ચર્ચા માટે હાથ ધરી શકાઇ નહીં.

**૩. વિધાનસભાની સમિતિના અહેવાલની રજૂઆત**

બિન-સરકારી સભ્યોનાં કામકાજ માટેની સમિતિના સભ્યશ્રી જગદીશભાઇ પટેલે સમિતિનો તેરમો અહેવાલ સભાગૃહ સમક્ષ રજૂ કર્યો.

**૪.** બિન-સરકારી સભ્યોનાં કામકાજ માટેની સમિતિના માનનીય સભ્યશ્રી જગદીશભાઇ પટેલે નીચે મુજબનો પ્રસ્તાવ રજૂ કર્યો.

'' આ સભાગૃહ, બિન-સરકારી સભ્યોનાં કામકાજ માટેની સમિતિના તેરમા અહેવાલ સાથે સંમત થાય.''

**પ્રસ્તાવ મત માટે મૂકવામાં આવ્યો અને તેનો સર્વાનુમતે સ્વીકાર કરવામાં આવ્યો.**

**૫. માગણીઓ પર ચર્ચા અને મતદાન (નવમો દિવસ)**

માહિતી અને પ્રચારને લગતી સેવા અંગેની માહિતી અને પ્રસારણ વિભાગની મહેસૂલી ખર્ચ માટેની માગણી ક્રમાંક ૫૪, વિજ્ઞાન અને પ્રૌદ્યોગિકી વિભાગને લગતી સેવા અંગેની વિજ્ઞાન અને પ્રૌદ્યોગિકી વિભાગની મહેસૂલી ખર્ચ માટેની માગણી ક્રમાંક-૮૯ અને ક્લાઇમેટ ચેઇન્જ વિભાગને લગતી સેવા અંગેની ક્લાઇમેટ ચેઇન્જ વિભાગની મહેસૂલી ખર્ચ માટેની માગણી ક્રમાંક-૧૦૭, માહિતી અને પ્રસારણ વિભાગ, વિજ્ઞાન અને પ્રૌદ્યોગિકી વિભાગ અને કલાઇમેટ ચેઇન્જ વિભાગનો હવાલો ધરાવતા માનનીય મંત્રીશ્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમાએ રજૂ કરી. શિક્ષણને લગતી સેવા અંગેની શિક્ષણ વિભાગની મહેસૂલી અને મૂડી ખર્ચ માટેની માગણી ક્રમાંક- ૯ અને શિક્ષણ વિભાગને લગતું અન્ય ખર્ચને લગતી સેવા અંગેની શિક્ષણ વિભાગની મહેસૂલી અને મૂડી ખર્ચ માટેની માગણી ક્રમાક-૧૦ શિક્ષણ મંત્રીશ્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમાએ રજૂ કરી. ન્યાયતંત્રનો વહીવટને લગતી સેવા અંગેની કાયદા વિભાગની મહેસૂલી ખર્ચ માટેની માગણી ક્રમાંક-૬૦ માનનીય રાજ્યકક્ષાના કાયદા મંત્રીશ્રી પ્રદિપસિંહ જાડેજાએ રજૂ કરી.

માગણીઓ જેમ જેમ રજૂ થતી ગઇ તેમ તેમ માગણી ક્રમાંક-૫૪ ઉપરની કાપ દરખાસ્ત ક્રમાંક- ૧, ૨, ૪, ૬, ૭, ૮, ૯, ૧૦, ૧૧, ૧૨, ૧૩ અને ૧૪, માગણી ક્રમાંક-૮૯ ઉપરની કાપ દરખાસ્ત ક્રમાંક- ૧૫, ૧૬ અને ૧૭, માગણી ક્રમાંક-૧૦૭ ઉપરની કાપ દરખાસ્ત ક્રમાંક-૧૮, ૧૯, ૨૧ અને ૨૨, માગણી ક્રમાંક-૯ ઉપરની કાપ દરખાસ્ત ક્રમાંક-૨૫, ૨૭, ૨૯, ૩૦, ૩૧, ૩૩, ૩૪, ૩૫, ૩૭, ૩૮, ૪૦, ૪૧, ૪૨, ૪૩, ૪૪, ૪૫, ૪૬, ૪૭, ૪૯, ૫૦ અને ૫૧ તથા માગણી ક્રમાંક-૬૦ ઉપરની કાપ દરખાસ્ત ક્રમાંક- ૫૩, ૫૪, ૫૫, ૫૭, ૫૮ અને ૫૯ સંબંધિત સભ્યશ્રીઓએ રજૂ કરી.

**૬. માગણીઓ પર ચર્ચા અને મતદાન (નવમો દિવસ)(ક્રમશઃ)**

ત્યારબાદ રજૂ થયેલી માગણીઓ અને તેના પર રજૂ થયેલી કાપ દરખાસ્તો પર ભેગી ચર્ચા શરૂ થઇ.

ત્યારબાદ નીચેના સભ્યશ્રીઓએ ચર્ચામાં ભાગ લીધો.

(૧) ડો. અનિલ જોષીયારા
(૨) શ્રી વિવેકભાઇ પટેલ
(૩) શ્રી હિંમતસિંહ પટેલ
(૪) શ્રી રાકેશભાઇ શાહ
(૫) શ્રી પ્રેમસિંહભાઇ વસાવા

**૭. વિરામનો સમય વધારવા બાબત**

માનનીય મુખ્ય દંડકશ્રી પંકજ દેસાઇએ વિરામનો સમય અડધા કલાકને બદલે એક કલાકનો કરવા

અંગેની દરખાસ્ત કરતાં, માનનીય વિપક્ષના દંડકશ્રી અશ્વિનભાઇ કોટવાલે દરખાસ્તને ટેકો આપતાં, માનનીય અધ્યક્ષશ્રીએ વિરામનો સમય બપોરના ૨.૩૦થી ૩.૩૦નો રહેશે તેમ જણાવ્યું.

**૮. માગણીઓ પર ચર્ચા અને મતદાન (નવમો દિવસ)(ક્રમશઃ)**

(૬) શ્રી કુબેરભાઇ ડીંડોર
(૭) શ્રી કીરીટકુમાર પટેલ
(૮) શ્રી આત્મારામ પરમાર
(૯) શ્રી ગુલાબસિંહ રાજપુત
(૧૦) શ્રી ગોવિંદભાઇ પટેલ
(૧૧) શ્રી ગ્યાસુદ્દીન શેખ(પ્રવચન અધૂરુ)

**(વિરામ બપોરના ૨–૩૦ થી ૩–૩૦)**

વિરામ બાદ સભ્યશ્રી ગ્યાસુદ્દીન શેખે તેમનું અધૂરુ રહેલ પ્રવચન પૂર્ણ કર્યા બાદ નીચેના વધુ સભ્યશ્રીઓએ ચર્ચામાં ભાગ લીધો.

(૧૨) શ્રીમતી સીમાબેન મોહીલે
(૧૩) શ્રી ભગાભાઇ બારડ
(૧૪) ડો. આશાબેન પટેલ
(૧૫) શ્રી સુનિલભાઇ ગામીત
(૧૬) શ્રી જગદીશભાઇ પટેલ
(૧૭) શ્રી પુનમભાઇ પરમાર
(૧૮) શ્રી પ્રતાપભાઇ દૂધાત
(૧૯) શ્રી પરસોત્તમભાઇ સાબરીયા
(૨૦) શ્રીમતી ગેનીબેન ઠાકોર
(૨૧) શ્રી સુખરામભાઇ રાઠવા
(૨૨) શ્રી શીવાભાઇ ભુરીયા

ત્યારબાદ કાયદા વિભાગની ચર્ચાનો જવાબ રાજ્યકક્ષાના માનનીય કાયદા મંત્રીશ્રી પ્રદિપસિંહ જાડેજાએ આપ્યો.

ત્યારબાદ માહિતી અને પ્રસારણ, વિજ્ઞાન અને પ્રોદ્યોગિકી અને કલાઇમેટ ચેઇન્જ વિભાગની તથા શિક્ષણ વિભાગની ચર્ચાનો જવાબ માનનીય શિક્ષણ મંત્રીશ્રી ભુપેન્દ્રસિંહ ચુડાસમા આપી રહ્યા હતા ત્યારે સભાગૃહનો સમય પૂર્ણ થવા આવતાં સભાગૃહનો સમય લંબાવવાનો પ્રસ્તાવ રજૂ કરવામાં આવ્યો.

**૯. સભાગૃહનો સમય લંબાવવા બાબત.**

મુખ્ય દંડકશ્રી પંકજભાઇ દેસાઇએ માનનીય મંત્રીશ્રીનું પ્રવચન પૂર્ણ થાય અને માગણીઓ પરનું મતદાન પૂર્ણ થાય ત્યાં સુધી સભાગૃહનો સમય લંબાવવાની દરખાસ્ત કરતાં, વિપક્ષના ઉપ નેતાશ્રી શૈલેષભાઇ પરમારે દરખાસ્તને ટેકો આપતાં, માનનીય અધ્યક્ષશ્રીએ મંત્રીશ્રીનું પ્રવચન પૂર્ણ થાય પછી વધુ પાંચ મિનિટ અને માગણીઓ પરનું મતદાન પૂર્ણ થાય ત્યાં સુધી સભાગૃહનો સમય લંબાવવાની જાહેરાત કરી.

**૧૦. માગણીઓ પર ચર્ચા અને મતદાન (નવમો દિવસ)(ક્રમશઃ)**

ત્યારબાદ અધૂરો રહેલ માહિતી અને પ્રસારણ, વિજ્ઞાન અને પ્રોદ્યોગિકી અને કલાઇમેટ ચેઇન્જ વિભાગની તથા શિક્ષણ વિભાગની ચર્ચાનો જવાબ માનનીય શિક્ષણ મંત્રીશ્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમા એ આપ્યો.

ત્યારબાદ રજૂ થયેલ કાપ દરખાસ્તો ક્રમાંક ૧, ૨, ૪, ૬, ૭, ૮, ૯, ૧૦, ૧૧, ૧૨, ૧૩, ૧૪, ૧૫, ૧૬, ૧૭, ૧૮, ૧૯, ૨૧, ૨૨, ૨૫, ૨૭, ૨૯, ૩૦, ૩૧, ૩૩, ૩૪, ૩૫, ૩૭, ૩૮, ૪૦, ૪૧, ૪૨, ૪૩, ૪૪, ૪૫, ૪૬, ૪૭, ૪૯, ૫૦, ૫૧, ૫૩, ૫૪, ૫૫, ૫૭, ૫૮ અને ૫૯ મત ઉપર મૂકવામાં આવી અને તેનો અસ્વીકાર કરવામાં આવ્યો.

ત્યારબાદ માગણી ક્રમાંક ૫૪, ૮૯, ૧૦૭, ૯, ૧૦ અને ૬૦ મત ઉપર મૂકવામાં આવી અને તેનો સ્વીકાર કરવામાં આવ્યો.

**૧૧. માનનીય અધ્યક્ષશ્રીની જાહેરાત**

માનનીય અધ્યક્ષશ્રીએ સભ્યશ્રી જીગ્નેશકુમાર મેવાણી (૧૧–વડગામ) ની સચિવાલય, ગાંધીનગરના ગેટ નં.૧ ખાતેથી તા.૨૩–૩–૨૦૨૧ના રોજ સવારે ૧૧.૩૦ વાગ્યે પોલીસ દ્વારા ધરપકડ અને તે જ દિવસે સાંજે ૬.૩૫ કલાકે મુક્ત થયા અંગેની જાણકારી સભાગૃહને આપી.

**સભાગૃહ, ગુરુવાર તા. ૨૫મી માર્ચ, ૨૦૨૧ના રોજ**
**બપોરના ૧૨.૦૦ વાગ્યે ફરી મળવા માટે સાંજના ૫.૫૪ વાગ્યે મુલતવી રહ્યું.**

**ગુજરાત વિધાનસભા સચિવાલય,**
**ગાંધીનગર.**
**તા. ૨૪મી માર્ચ, ૨૦૨૧**

**ડી.એમ.પટેલ**
**સચિવ,**
**ગુજરાત વિધાનસભા.**

ક્રમાંક–૧૮

**પત્રક ભાગ–૧**
**કાર્યવાહીની ટૂંકી નોંધ**
**ચૌદમી ગુજરાત વિધાનસભા**
**આઠમું સત્ર**
**ગુરુવાર, તા.૨૫મી માર્ચ, ૨૦૨૧**
**માનનીય અધ્યક્ષશ્રી રાજેન્દ્ર ત્રિવેદી અધ્યક્ષસ્થાને**
**સભાગૃહ બપોરના ૧૨.૦૦ વાગ્યે ફરી મળ્યું.**

**૧. પ્રશ્નોત્તરી**

(ક) **ટૂંકી મુદતનો પ્રશ્ન**

ટૂંકી મુદતનો પ્રશ્ન ક્રમાંક– ૬૮નો મૌખિક જવાબ આપવામાં આવ્યો.

(ખ) **તારાંકિત પ્રશ્નોત્તરી**

ગુરુવાર, તા. ૨૫મી માર્ચ, ૨૦૨૧ના રોજની તારાંકિત પ્રશ્નોત્તરીની યાદીમાંના પ્રશ્નો અગ્રતાક્રમ ૧, ૩, ૪, ૫, ૬ અને ૭ના મૌખિક જવાબ આપવામાં આવ્યા.

ગેરહાજર રહેલ સભ્યશ્રીનો પ્રશ્ન અગ્રતાક્રમ ૨ ને અતારાંકિત ગણવામાં આવ્યો.

સમયના અભાવે પૂછી ન શકાયેલા પ્રશ્નો અગ્રતાક્રમ ૮ થી ૨૬૬ને અતારાંકિત ગણવામાં આવ્યા.

**પ્રશ્નોત્તરીનો સમય બપોરના ૧.૦૦ વાગ્યે પૂરો થયો.**

**૨. તા.૧૮–૩–૨૦૨૧ના રોજ પ્રશ્નોત્તરીકાળ દરમ્યાન સભ્યશ્રી ઋત્વિકભાઇ મકવાણાએ સભાગૃહમાં કરેલ ઉચ્ચારણો સંબંધમાં માનનીય અધ્યક્ષશ્રીનો નિર્ણય**

તા.૧૮–૦૩–૨૦૨૧ના રોજ પ્રશ્નોત્તરીકાળ દરમ્યાન અગ્રતાક્રમ–૮ પરના પ્રશ્નની ચર્ચા દરમ્યાન સભ્યશ્રી ઋત્વિકભાઇ મકવાણાએ વીર સાવરકર માટે જે વાંધાજનક ઉચ્ચારણો કરેલ, તેને જે તે સમયે અહેવાલમાંથી દૂર કરવામાં આવેલ હતા. પરંતુ સભ્યશ્રી ઋત્વિકભાઇ મકવાણાએ પોતાની પાસે આધાર–પુરાવા હોવાનું જણાવેલ. આથી માનનીય અધ્યક્ષશ્રીએ તેમને તે આધાર–પુરાવા રજૂ કરવા જણાવેલ. સભ્યશ્રી ઋત્વિકભાઇ મકવાણાએ તા.૨૨–૦૩–૨૦૨૧ના રોજ તેમના ઉચ્ચારણોના સમર્થનમાં ‘‘ધી વાયર મેગેઝીન, બી.બી.સી. ન્યૂઝ હિન્દી દ્વારા પ્રકાશિત લેખ, આર.બી.આઇ.ના પૂર્વ ગવર્નરની સોશિયલ મીડિયામાં રજૂ થયેલ ટ્વીટ તા શ્રી જયવંત જોગલેકર લિખિત પુસ્તકના સંદર્ભો’’આધાર–પુરાવા તરીકે માનનીય અધ્યક્ષશ્રીને સુપરત કરેલ હતા. જે સોશિયલ મીડિયા અને વર્તમાનપત્ર પર આધારિત હોઇ, જે તે લેખકના વ્યક્તિગત અભિપ્રાયો માત્ર હોઇ તે માન્ય ગણી શકાય નહીં તેમ જણાવી માનનીય અધ્યક્ષશ્રીએ સભ્યશ્રી ઋત્વિકભાઇ મકવાણાને ઠપકો આપી, સભાગૃહના તમામ સભ્યશ્રીઓને ગૃહની ગરિમાને તેમજ કોઈ પ્રતિષ્ઠિત વ્યક્તિના ગૌરવને હાનિ પહોંચતી હોય તેવા ઉચ્ચારણો ન કરવા અને ભવિષ્યમાં આવી રીતે દેશના સન્માનનીય મહાપુરુષ સંદર્ભે આક્ષેપ નહિ કરવા જણાવ્યું.

**૩. પોઇન્ટ ઓફ ઓર્ડર**

**તારાંકિત પ્રશ્નોત્તરીમાં ટૂંકી મુદતના પ્રશ્નનો સમાવેશ કરવા અંગે**

માનનીય વિપક્ષના નેતાશ્રી પરેશભાઇ ધાનાણીએ અધ્યક્ષશ્રીના અગત્યના નિર્ણયો સન ૧૯૬૦થી ૨૦૨૦ના પેજ નં.૯૭, પ્રકરણ–૪ તરફ માનનીય અધ્યક્ષશ્રીનું ધ્યાન દોરી આજની તારાંકિત પ્રશ્નોત્તરી અગાઉ ટૂંકી મુદતના પ્રશ્નની ચર્ચા માટે ૧૨ થી ૧૫ મિનિટ જેટલો સમય પસાર થયેલ છે. તેથી ટૂંકી મુદતના પ્રશ્ન માટે અલગ સમય ફાળવવા રજૂઆત કરી. ત્યારબાદ રાજ્યકક્ષાના સંસદીય બાબતોના મંત્રીશ્રી પ્રદિપસિંહ જાડેજાએ સંસદીય પ્રણાલિકા અને કાર્યરીતિ પુસ્તક ભાગ–૧ના પેજ ૩૨૫ને ટાંકીને ટૂંકી મુદતના પ્રશ્નો તારાંકિત પ્રશ્નોત્તરીની શરૂઆતમાં જ લેવાય છે તેમ જણાવ્યું. માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી નીતિનભાઇ પટેલ અને સંસદીય બાબતોના મંત્રીશ્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમાએ પણ આ બાબતનું સમર્થન કર્યું. માનનીય અધ્યક્ષશ્રીએ આ બાબતે તેઓ વિગતવાર નિર્ણય પછીથી જાહેર કરશે તેમ જણાવ્યું.

**૪. માગણીઓ પર ચર્ચા અને મતદાન (દસમો દિવસ)**

પર્યાવરણને લગતી સેવા અંગેની વન અને પર્યાવરણ વિભાગની મહેસૂલી ખર્ચ માટેની માગણી ક્રમાંક–૨૭ અને સમૂહ વિકાસને લગતી સેવા અંગેની પંચાયત, ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગની મહેસૂલી ખર્ચ માટેની માગણી ક્રમાંક–૭૦ રાજ્યકક્ષાના પર્યાવરણ અને પંચાયત, ગ્રામ ગૃહનિર્માણ અને ગ્રામ વિકાસ મંત્રીશ્રી જયદ્રથસિંહજી પરમારે રજૂ કરી.

માગણીઓ જેમ જેમ રજૂ થતી ગઇ તેમ તેમ માગણી ક્રમાંક–૨૭ ઉપરની કાપ દરખાસ્ત ક્રમાંક– ૧, ૨, ૩, ૪, ૫, ૬, ૭, ૮, ૧૦, ૧૧, ૧૩ અને ૧૪ અને માગણી ક્રમાંક–૭૦ ઉપરની કાપ દરખાસ્ત ક્રમાંક– ૧૫, ૧૬, ૧૭, ૧૮, ૨૦, ૨૧, ૨૨, ૨૫, ૨૬, ૨૭, ૨૯, ૩૦, ૩૨, ૩૩, ૩૪, ૩૫, ૩૬, ૩૭, ૩૮ અને ૩૯ સંબંધિત સભ્યશ્રીઓએ રજૂ કરી.

ત્યારબાદ ઉપરોક્ત માગણીઓ અને તેના પર રજૂ થયેલી કાપ દરખાસ્તો પર ભેગી ચર્ચા શરૂ થઇ. નીચેના સભ્યશ્રીઓએ ચર્ચામાં ભાગ લીધો.

(૧) શ્રી હર્ષદકુમાર રીબડીયા (૫) શ્રી રાઘવજી પટેલ

(૨) શ્રી સુરેશભાઇ ધ. પટેલ
(૩) શ્રી વિરજીભાઇ ઠુમ્મર
(૪) શ્રી મોહનલાલ વાળા
(૬) શ્રી ભગાભાઇ બારડ
(૭)શ્રી જશુભાઇ પટેલ

ત્યારબાદ પર્યાવરણ અને પંચાયત વિભાગની માગણીઓ પરની ચર્ચાનો જવાબ રાજ્યકક્ષાના માનનીય પર્યાવરણ અને પંચાયત મંત્રીશ્રી જયદ્રથસિંહજી પરમાર આપી રહ્યા હતા ત્યારે સભાગૃહનો સમય પૂર્ણ થવા આવતાં તેમણે માનનીય અધ્યક્ષશ્રીને થોડો વધુ સમય આપવા વિનંતી કરી.

**૫. સભાગૃહનો સમય લંબાવવા બાબત**

મુખ્ય દંડકશ્રી પંકજભાઇ દેસાઇએ સભાગૃહનો સમય લંબાવવાની દરખાસ્ત કરતાં, વિપક્ષના દંડકશ્રી અશ્વિનભાઇ કોટવાલે સંમતિ આપતાં, માનનીય અધ્યક્ષશ્રીએ સભાગૃહનો સમય દસ મિનિટ લંબાવવાની જાહેરાત કરી.

**૬. માગણીઓ પર ચર્ચા અને મતદાન (દસમો દિવસ)(ક્રમશઃ)**

ત્યારબાદ પર્યાવરણ અને પંચાયત વિભાગની માગણીઓ પરની ચર્ચાનો જવાબ રાજ્યકક્ષાના માનનીય પર્યાવરણ અને પંચાયત મંત્રીશ્રી જયદ્રથસિંહજી પરમારે આપ્યો.

ત્યારબાદ રજૂ થયેલ કાપ દરખાસ્તો ક્રમાંક–૧, ૨, ૩, ૪, ૫, ૬, ૭, ૮, ૧૦, ૧૧, ૧૩, ૧૪, ૧૫, ૧૬, ૧૭, ૧૮, ૨૦, ૨૧, ૨૨, ૨૫, ૨૬, ૨૭, ૨૯, ૩૦, ૩૨, ૩૩, ૩૪, ૩૫, ૩૬, ૩૭, ૩૮ અને ૩૯ મત ઉપર મૂકવામાં આવી અને તેનો અસ્વીકાર કરવામાં આવ્યો.

ત્યારબાદ માગણી ક્રમાંક–૨૭ અને ૭૦ મત ઉપર મૂકવામાં આવી અને તેનો સ્વીકાર કરવામાં આવ્યો.

**(વિરામ બપોરના ૨.૩૯ થી ૩.૩૦)**

**૭. બિન–સરકારી કામકાજ**

**બિન–સરકારી વિધેયકો**

**(૧) દાખલ કરવાના બિન–સરકારી વિધેયક**

(૧) સન ૨૦૨૧નું ગુજરાત ખાનગી વાહનોના ડ્રાઇવરોનું ફરજિયાત રજિસ્ટ્રેશન અને નિયમન કરવા બાબત વિધેયક – માનનીય સભ્યશ્રી બાબુભાઇ પટેલ ગેરહાજર હોઇ વિધેયક દાખલ ન થયું.

(૨) સભ્યશ્રી ભુપેન્દ્રભાઇ પટેલે સન ૨૦૨૧નું ગુજરાત જાહેર સ્થળોએ વિરોધ પ્રદર્શન કરવા પર પ્રતિબંધ મૂકવા બાબત વિધેયક સભાગૃહની અનુમતિથી દાખલ કર્યું.

**(૨) બિન–સરકારી સંકલ્પો**

૧. સભ્યશ્રી સંજયભાઇ સોલંકીએ, '' કોરોના મહામારીના કારણે નાગરિકોના ધંધા–રોજગાર પર માઠી અસર પડતાં અને મોંઘવારી વધવાના કારણે નાના અને મધ્યમ વર્ગના નાગરિકોને પડતી મુશ્કેલીમાં રાહત આપવા માટે જીવન જરૂરી ચીજવસ્તુઓના ભાવોને અંકુશમાં લાવવા '' અંગેનો પોતાનો સંકલ્પ રજૂ કર્યો અને તેના સમર્થનમાં પોતાનું મંતવ્ય વ્યક્ત કર્યું.

નીચેના સભ્યશ્રીઓએ ચર્ચામાં ભાગ લીધો.

(૧) શ્રી બાબુભાઇ બોખીરીયા
(૨) શ્રી વિરજીભાઇ ઠુમ્મર
(૩) શ્રી કનુભાઇ દેસાઇ

ચર્ચાનો જવાબ માનનીય અન્ન અને નાગરિક પુરવઠા મંત્રીશ્રી જયેશભાઇ રાદડીયાએ આપ્યો.

**ત્યારબાદ સંકલ્પ મત ઉપર મૂકવામાં આવ્યો અને તેનો અસ્વીકાર કરવામાં આવ્યો.**

૨. સભ્યશ્રી ઋત્વિકભાઇ મકવાણાએ, ''રાજ્યમાં શિક્ષિત અને અર્ધશિક્ષિત બેરોજગારોને સરકારી નોકરી મળતી નથી અને બીજી બાજુ રાજ્ય સરકારના લાખોને નોકરી આપવાના અને દસ વર્ષના ભરતી કેલેન્ડર મુજબ ભરતીના દાવાઓ સામે વાસ્તવિકતા કંઇક અલગ જ હોઇ, બેરોજગારો અને રોજગાર વાંચ્છુઓને રોજગારી આપવા ''અંગેનો પોતાનો સંકલ્પ રજૂ કર્યો અને તેના સમર્થનમાં પોતાનું મંતવ્ય વ્યક્ત કર્યું.

નીચેના સભ્યશ્રીઓએ ચર્ચામાં ભાગ લીધો.

(૧) શ્રી પિયુષભાઇ દેસાઇ
(૨) ડો. અનિલ જોષીયારા
(૩) શ્રી વિવેકભાઇ પટેલ
(૪) શ્રી ભગાભાઇ બારડ
(૫) શ્રી કુબેરભાઇ ડીંડોર

ચર્ચાનો જવાબ માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી દિલીપકુમાર ઠાકોરે આપ્યો.

**ત્યારબાદ સંકલ્પ મત ઉપર મૂકવામાં આવ્યો અને તેનો અસ્વીકાર કરવામાં આવ્યો.**

**સભાગૃહ, શુક્રવાર તા.૨૬મી માર્ચ, ૨૦૨૧ના રોજ**
**સવારના ૧૦.૦૦ વાગ્યે ફરી મળવા માટે સાંજના ૫.૧૭ વાગ્યે મુલતવી રહ્યું.**

**ગુજરાત વિધાનસભા સચિવાલય,**
**ગાંધીનગર.**
**તા. ૨૫મી માર્ચ, ૨૦૨૧**

**ડી.એમ.પટેલ**
**સચિવ,**
**ગુજરાત વિધાનસભા.**

**ક્રમાંક–૧૯**

**પત્રક ભાગ–૧**
**કાર્યવાહીની ટૂંકી નોંધ**
**ચૌદમી ગુજરાત વિધાનસભા**
**આઠમું સત્ર**

**શુક્રવાર, તા.૨૬મી માર્ચ, ૨૦૨૧**
**માનનીય અધ્યક્ષશ્રી રાજેન્દ્ર ત્રિવેદી અધ્યક્ષસ્થાને**
**સભાગૃહ સવારના ૧૦.૦૦ વાગ્યે મળ્યું.**

**૧. તારાંકિત પ્રશ્નોત્તરી**

(ક) શુક્રવાર, તા. ૨૬મી માર્ચ, ૨૦૨૧ના રોજની તારાંકિત પ્રશ્નોત્તરીની યાદીમાંના પ્રશ્નો અગ્રતાક્રમ ૧, ૩, ૪, ૭, ૮, ૯ અને ૧૦ના મૌખિક જવાબ આપવામાં આવ્યા.

ગેરહાજર રહેલ સભ્યશ્રીઓના પ્રશ્ન અગ્રતાક્રમ ૨, ૫ અને ૬ને અતારાંકિત ગણવામાં આવ્યા.

સમયના અભાવે પૂછી ન શકાયેલા પ્રશ્નો અગ્રતાક્રમ ૧૧ થી ૨૬૧ને અતારાંકિત ગણવામાં આવ્યા.

**પ્રશ્નોત્તરીનો સમય સવારના ૧૧.૦૦ વાગ્યે પૂરો થયો.**

(ખ) **અતારાંકિત પ્રશ્નોત્તરી**

માનનીય અધ્યક્ષશ્રીએ સોળમી, સત્તરમી, અઢારમી, ઓગણીસમી અને વીસમી અતારાંકિત યાદીઓ સભાગૃહના મેજ ઉપર મૂકી.

**૨. શોકદર્શક ઉલ્લેખો**

માનનીય મુખ્યમંત્રીશ્રી વિજયભાઇ રૂપાણીએ ગુજરાત રાજ્યના પૂર્વ રાજ્યપાલ સ્વ.શ્રી અંશુમાન સિંહ, ગુજરાત રાજ્યના પૂર્વ રાજ્યકક્ષાના મંત્રી સ્વ. શ્રી મોહનભાઇ લાલજીભાઇ પટેલ તથા ગુજરાત રાજ્યના પૂર્વ સભ્ય સ્વ. શ્રી હેમાજી દરઘાજી રાજપૂતના અવસાન અંગેના શોકદર્શક ઉલ્લેખો કર્યા અને સ્વર્ગસ્થોને અંજલિ આપી.

ત્યારબાદ માનનીય વિરોધપક્ષના નેતાશ્રી પરેશભાઇ ધાનાણી, નાયબ મુખ્યમંત્રીશ્રી નીતિનભાઇ પટેલ, સભ્યશ્રી રાઘવજી પટેલ, શ્રી અમિત ચાવડા, શ્રી વિરજીભાઇ ઠુમ્મર, શ્રીમતી ગેનીબેન ઠાકોર, શ્રી ગુલાબજી રાજપુતે શોકદર્શક ઉલ્લેખોમાં પોતાનો સૂર પૂરાવી શોકાંજલિ આપી.

ત્યારબાદ માનનીય અધ્યક્ષશ્રીએ પણ શોકદર્શક ઉલ્લેખોમાં સૂર પૂરાવ્યો અને સ્વર્ગસ્થોને અંજલિ આપી.

ત્યારબાદ સભ્યશ્રીઓએ ઉભા થઇને બે મિનિટ મૌન પાળ્યું.

ત્યારબાદ માનનીય અધ્યક્ષશ્રીએ સ્વર્ગસ્થોના કુટુંબીજનોને ગૃહની આ લાગણી પહોંચાડવામાં આવશે તેવી જાહેરાત કરી.

**૩. સભાગૃહના મેજ ઉપર મૂકાયેલા કાગળો**

નીચેના કાગળો તેની નીચે દર્શાવેલ મંત્રીશ્રીઓએ સભાગૃહના મેજ ઉપર મૂક્યા.

(૧) ગુજરાત સ્ટેટ ઇન્વેસ્ટમેન્ટસ લિમિટેડનો સન ૨૦૧૯–૨૦નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ તેમજ કંપનીની કામગીરી અંગેની સરકારી સમીક્ષા

**માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી નીતિનભાઇ પટેલ**

(૨) ગુજરાત સ્ટેટ એવીએશન ઇન્ફ્રાસ્ટ્રકચર કંપની લિમિટેડનો સન ૨૦૧૭–૧૮નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ તેમજ કંપનીની કામગીરી અંગેની સરકારી સમીક્ષા તેમજ આ અહેવાલને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલા વિલંબ અંગેના કારણો દર્શાવતું નિવેદન

**માનનીય નાગરિક ઉડ્ડયન મંત્રીશ્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમા**

(૩) ગુજરાત ઠાકોર અને કોળી વિકાસ નિગમનો સન ૨૦૧૮–૧૯નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ, નિગમની કામગીરી અંગેની સરકારી સમીક્ષા તેમજ આ અહેવાલને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલા વિલંબ અંગેના કારણો દર્શાવતું નિવેદન

**માનનીય રાજ્યકક્ષાના સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગોનું કલ્યાણ મંત્રીશ્રી વાસણભાઇ આહિર**

(૪) ગુજરાત મહિલા આર્થિક વિકાસ નિગમ લિમિટેડનો સન ૨૦૧૭–૧૮નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ, નિગમની કામગીરી અંગેની સરકારની સમીક્ષા તેમજ આ અહેવાલને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલા વિલંબ અંગેના કારણો દર્શાવતું નિવેદન

**માનનીય રાજ્યકક્ષાના મહિલા અને બાળ કલ્યાણ મંત્રી શ્રીમતી વિભાવરીબેન દવે**

(૫) ગુજરાત સ્ટુડન્ટ સ્ટાર્ટઅપ એન્ડ ઈનોવેશન હબનો સન ૨૦૧૯–૨૦નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ તેમજ હબની કામગીરી અંગેની સરકારની સમીક્ષા

**માનનીય રાજ્યકક્ષાના શિક્ષણ મંત્રી શ્રીમતી વિભાવરીબેન દવે**

(૬) ગુજરાત ઈન્ફોર્મેટીક્સ લિમિટેડના સન ૨૦૧૬–૧૭ અને ૨૦૧૭–૧૮ના વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ તેમજ કંપનીની કામગીરી અંગેની સરકારની સમીક્ષા તેમજ આ અહેવાલોને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલા વિલંબ અંગેના કારણો દર્શાવતાં નિવેદન

**વિજ્ઞાન અને પ્રૌદ્યોગિકી વિભાગનો હવાલો ધરાવતા માનનીય મંત્રીશ્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમા**

(૭) કામધેનુ યુનિવર્સિટીનો સન ૨૦૧૯–૨૦નો વાર્ષિક અહેવાલ

**માનનીય પશુપાલન મંત્રીશ્રી કુંવરજીભાઇ બાવળીયા**

(૮) ગુજરાત ઈન્ફ્રાસ્ટ્રકચર ડેવલપમેન્ટ બોર્ડનો સન ૨૦૧૯–૨૦નો વાર્ષિક અહેવાલ અને વાર્ષિક હિસાબો

**ઉદ્યોગ પ્રભાગનો હવાલો ધરાવતા માનનીય મંત્રીશ્રી સૌરભભાઇ પટેલ**

(૯) ગુજરાત અનુસૂચિત જાતિ વિકાસ કોર્પોરેશનના સન ૨૦૧૭–૧૮ અને ૨૦૧૮–૧૯ના ઓડિટ અહેવાલો તેમજ આ અહેવાલોને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલા વિલંબ અંગેના કારણો દર્શાવતાં નિવેદન

**સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગનો હવાલો ધરાવતા માનનીય મંત્રીશ્રી ગણપતસિંહ વસાવા**

**૪. માગણીઓ પર ચર્ચા અને મતદાન (અગિયારમો દિવસ)**

મત્સ્યોદ્યોગને લગતી સેવા અંગેની કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગની મહેસૂલી અને મૂડી ખર્ચ માટેની માગણી ક્રમાંક–૬ અને પ્રવાસનને લગતી સેવા અંગેની ઉદ્યોગ અને ખાણ વિભાગની મહેસૂલી અને મૂડી ખર્ચ માટેની માગણી ક્રમાંક–૫૧ મત્સ્યોદ્યોગ પ્રભાગ અને પ્રવાસન મંત્રીશ્રી જવાહરભાઇ ચાવડાએ રજૂ કરી તથા શ્રમ અને રોજગારને લગતી સેવા અંગેની શ્રમ અને રોજગાર વિભાગની મહેસૂલી અને મૂડી ખર્ચ માટેની માગણી ક્રમાંક–૫૭ શ્રમ અને રોજગાર મંત્રીશ્રી દિલીપકુમાર ઠાકોરે રજૂ કરી.

માગણીઓ જેમ જેમ રજૂ થતી ગઇ તેમ તેમ માગણી ક્રમાંક–૬ ઉપરની કાપ દરખાસ્ત ક્રમાંક– ૨, ૩, ૪, ૫, ૬, ૭, ૮, ૧૧ અને ૧૨, માગણી ક્રમાંક–૫૧ ઉપરની કાપ દરખાસ્ત ક્રમાંક– ૧૩, ૧૫, ૧૭, ૧૮, ૧૯, ૨૦, ૨૧, ૨૪, ૨૫, ૨૬ અને ૨૮, તથા માગણી ક્રમાંક–૫૭ ઉપરની કાપ દરખાસ્ત ક્રમાંક– ૨૯, ૩૦, ૩૧, ૩૨, ૩૩, ૩૬, ૩૭, ૩૮, ૪૦, ૪૨, ૪૩, ૪૪, ૪૭, ૪૮, ૫૦, ૫૨, ૫૩, ૫૪, ૫૫, ૫૬, ૫૭, ૫૮, ૫૯ અને ૬૦ સંબંધિત સભ્યશ્રીઓએ રજૂ કરી.

ત્યારબાદ ઉપરોક્ત માગણીઓ અને તેના પર રજૂ થયેલી કાપ દરખાસ્તો પર ભેગી ચર્ચા શરૂ થઇ. નીચેના સભ્યશ્રીઓએ ચર્ચામાં ભાગ લીધો.

(૧) શ્રી શૈલેષ પરમાર (પ્રવચન અધૂરું)

**(વિરામ બપોરના ૧૨.૦૦થી ૧૨.૩૦)**

વિરામ બાદ સભ્યશ્રી શૈલેષ પરમારે વિરામ પહેલાનું તેમનું અધૂરું રહેલ પ્રવચન પૂર્ણ કર્યા બાદ નીચેના વધુ સભ્યશ્રીઓએ ચર્ચામાં ભાગ લીધો.

(૨) શ્રી બલરામ થાવાણી
(૩) શ્રી ભગાભાઇ બારડ
(૪) શ્રી મુકેશભાઇ પટેલ
(૫) શ્રી સુખરામભાઇ રાઠવા
(૬) શ્રી અક્ષયકુમાર પટેલ
(૭) શ્રી હિંમતસિંહ પટેલ
(૯) શ્રી પ્રવિણભાઇ મુસડીયા
(૧૦) શ્રી અમરીષભાઇ ડેર
(૧૧) શ્રી પ્રદ્યુમનસિંહ જાડેજા
(૧૨) શ્રી કાન્તિભાઇ પરમાર
(૧૩) શ્રી બાબુભાઇ વાજા
(૧૪) શ્રી ગુલાબસિંહ રાજપૂત

(૮) શ્રી શશીકાંત પંડ્યા

ત્યારબાદ મત્સ્યોદ્યોગ પ્રભાગ અને પ્રવાસન વિભાગની માગણીઓ પરનો જવાબ મંત્રીશ્રી જવાહરભાઇ ચાવડાએ આપ્યો.

ત્યારબાદ શ્રમ અને રોજગાર વિભાગની માગણીઓ પરનો જવાબ મંત્રીશ્રી દિલીપકુમાર ઠાકોરે આપ્યો.

ત્યારબાદ રજૂ થયેલ કાપ દરખાસ્તો ક્રમાંક– ૨, ૩, ૪, ૫, ૬, ૭, ૮, ૧૧, ૧૨, ૧૩, ૧૫, ૧૭, ૧૮, ૧૯, ૨૦, ૨૧, ૨૪, ૨૫, ૨૬, ૨૮, ૨૯, ૩૦, ૩૧, ૩૨, ૩૩, ૩૬, ૩૭, ૩૮, ૪૦, ૪૨, ૪૩, ૪૪, ૪૭, ૪૮, ૫૦, ૫૨, ૫૩, ૫૪, ૫૫, ૫૬, ૫૭, ૫૮, ૫૯ અને ૬૦ મત ઉપર મૂકવામાં આવી અને તેનો અસ્વીકાર કરવામાં આવ્યો.

ત્યારબાદ માગણી ક્રમાંક–૬, ૫૧ અને ૫૭ મત ઉપર મૂકવામાં આવી અને તેનો સ્વીકાર કરવામાં આવ્યો.

**સભાગૃહ, મંગળવાર તા.૩૦મી માર્ચ, ૨૦૨૧ના રોજ**
**બપોરના ૧૨.૦૦ વાગ્યે ફરી મળવા માટે બપોરના ૨.૨૮ વાગ્યે મુલતવી રહ્યું.**

**ડી.એમ.પટેલ**
**સચિવ,**
**ગુજરાત વિધાનસભા.**

**ગુજરાત વિધાનસભા સચિવાલય,**
**ગાંધીનગર.**
**તા. ૨૬મી માર્ચ, ૨૦૨૧**

**ક્રમાંક–૨૦**

**પત્રક ભાગ–૧**
**કાર્યવાહીની ટૂંકી નોંધ**
**ચૌદમી ગુજરાત વિધાનસભા**
**આઠમું સત્ર**
**મંગળવાર, તા.૩૦મી માર્ચ, ૨૦૨૧**
**માનનીય અધ્યક્ષશ્રી રાજેન્દ્ર ત્રિવેદી અધ્યક્ષસ્થાને**
**સભાગૃહ બપોરના ૧૨.૦૦ વાગ્યે ફરી મળ્યું.**

**૧. તારાંકિત પ્રશ્નોત્તરી**

મંગળવાર, તા.૩૦મી માર્ચ, ૨૦૨૧ના રોજની તારાંકિત પ્રશ્નોત્તરીની યાદીમાંના પ્રશ્નો અગ્રતાક્રમ ૧, ૨, ૩, ૪, ૫, ૭, ૮, ૯, ૧૦ અને ૧૧ ના મૌખિક જવાબ આપવામાં આવ્યા.

ગેરહાજર રહેલ સભ્યશ્રીનો પ્રશ્ન અગ્રતા ક્રમ ૬ને અતારાંકિત ગણવામાં આવ્યો.

સમયના અભાવે પૂછી ન શકાયેલા પ્રશ્નો અગ્રતાક્રમ ૧૨ થી ૨૭ને અતારાંકિત ગણવામાં આવ્યા.

**પ્રશ્નોત્તરીનો સમય બપોરના ૧.૦૦ વાગ્યે પૂરો થયો.**

**૨. વિધાનસભાની સમિતિના અહેવાલની રજૂઆત**

**કામકાજ સલાહકાર સમિતિના અગિયારમા અહેવાલની રજૂઆત**

માનનીય અધ્યક્ષશ્રીએ કામકાજ સલાહકાર સમિતિનો અગિયારમો અહેવાલ સભાગૃહ સમક્ષ વાંચીને રજૂ કર્યો.

**૩. માનનીય સંસદીય બાબતોના મંત્રીશ્રીનો પ્રસ્તાવ**

માનનીય સંસદીય બાબતોના રા.ક.ના મંત્રીશ્રી પ્રદિપસિંહ જાડેજાએ નીચે મુજબનો પ્રસ્તાવ રજૂ કર્યો.

''આ સભાગૃહ, કામકાજ સલાહકાર સમિતિના અગિયારમા અહેવાલ સાથે સંમત થાય.''

**પ્રસ્તાવ મત માટે મૂકવામાં આવ્યો અને તેનો સર્વાનુમતે સ્વીકાર કરવામાં આવ્યો.**

**૪. માગણીઓ પર ચર્ચા અને મતદાન (બારમો અને છેલ્લો દિવસ)**

નાણા વિભાગને લગતી સેવા અંગેની નાણા વિભાગની મહેસૂલી ખર્ચ માટેની માગણી ક્રમાંક–૧૫, કર વસૂલાત ખર્ચ(નાણા વિભાગ)ને લગતી સેવા અંગેની નાણા વિભાગની મહેસૂલી ખર્ચ માટેની માગણી ક્રમાંક–૧૬, તિજોરી અને હિસાબ વહીવટને લગતી સેવા અંગેની નાણા વિભાગની મહેસૂલી ખર્ચ માટેની માગણી ક્રમાંક–૧૭ તથા પેન્શન અને અન્ય નિવૃત્તિ લાભને લગતી સેવા અંગેની નાણા વિભાગની મહેસૂલી ખર્ચ માટેની માગણી ક્રમાંક–૧૮ માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી નીતિનભાઇ પટેલે રજૂ કરી.

માગણીઓ જેમ જેમ રજૂ થતી ગઇ તેમ તેમ માગણી ક્રમાંક–૧૫ ઉપરની કાપ દરખાસ્ત ક્રમાંક– ૨, ૪, ૫, ૯, ૧૧, ૧૨, ૧૩, ૧૪, ૧૬, ૧૭, ૧૮, ૨૦, ૨૧, ૨૨, ૨૩, ૨૪, ૨૭, ૨૯, ૩૦, ૩૩, ૩૪, ૩૬, ૩૭, ૩૮, ૩૯, ૪૧, ૪૨, ૪૫, ૪૬, ૪૭ અને ૪૮, માગણી ક્રમાંક–૧૬ ઉપરની કાપ દરખાસ્ત ક્રમાંક–૪૯ અને ૫૦, માગણી ક્રમાંક–૧૭ ઉપરની કાપ દરખાસ્ત ક્રમાંક–૫૨ અને ૫૩ તથા માગણી ક્રમાંક–૧૮ ઉપરની કાપ દરખાસ્ત ક્રમાંક–૫૪ અને ૫૬ સંબંધિત સભ્યશ્રીઓએ રજૂ કરી.

માનનીય અધ્યક્ષશ્રીએ, માગણીઓ પરની ચર્ચાની શરૂઆતમાં માગણીઓ પરની ચર્ચાના સમય અને ગિલોટીન અંગેની જાહેરાત કરી.

ત્યારબાદ રજૂ થયેલી માગણીઓ અને તેના પર રજૂ થયેલી કાપ દરખાસ્તો પર ભેગી ચર્ચા શરૂ થઇ. નીચેના સભ્યશ્રીઓએ ચર્ચામાં ભાગ લીધો.

(૧) શ્રી શૈલેષ પરમાર
(૨) શ્રી રાકેશભાઇ શાહ
(૩) ડો. સી.જે. ચાવડા
(૪) શ્રી પૂર્ણેશ મોદી
(૫) શ્રી આત્મારામ પરમાર
(૬) શ્રી વિરજીભાઇ ઠુમ્મર
(૭) શ્રી સી.કે. રાઉલજી
(૮) શ્રી કેતનભાઇ ઇનામદાર
(૯) શ્રી કીરીટકુમાર પટેલ (પ્રવચન અધૂરુ)

**(વિરામ બપોરના ૨–૩૦ થી ૩–૦૦)**

વિરામ બાદ સભ્યશ્રી કીરીટકુમાર પટેલે તેમનું અધૂરુ રહેલ પ્રવચન પૂર્ણ કર્યા બાદ નીચેના વધુ સભ્યશ્રીઓએ ચર્ચામાં ભાગ લીધો.

(૧૦) શ્રી ગોવિંદભાઇ પટેલ
(૧૧) ડો. અનિલ જોષીયારા

ત્યારબાદ રજૂ થયેલ માગણીઓ અને કાપ દરખાસ્તો પરની સંયુક્ત ચર્ચાનો જવાબ માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી નીતિનભાઇ પટેલે આપ્યો.

ત્યારબાદ રજૂ થયેલ કાપ દરખાસ્તો ક્રમાંક ૨, ૪, ૫, ૯, ૧૧, ૧૨, ૧૩, ૧૪, ૧૬, ૧૭, ૧૮, ૨૦, ૨૧, ૨૨, ૨૩, ૨૪, ૨૭, ૨૯, ૩૦, ૩૩, ૩૪, ૩૬, ૩૭, ૩૮, ૩૯, ૪૧, ૪૨, ૪૫, ૪૬, ૪૭, ૪૮, ૪૯, ૫૦, ૫૨, ૫૩, ૫૪ અને ૫૬ મત ઉપર મૂકવામાં આવી અને તેનો અસ્વીકાર કરવામાં આવ્યો.

ત્યારબાદ માગણી ક્રમાંક ૧૫, ૧૬, ૧૭ અને ૧૮ મત ઉપર મૂકવામાં આવી અને તેનો સ્વીકાર કરવામાં આવ્યો.

**૫. સન ૨૦૨૧–૨૦૨૨ના અંદાજપત્રમાં સમાવિષ્ટ ગિલોટીન થયેલી માગણીઓ**

માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી નીતિનભાઇ પટેલે માગણી ક્રમાંક– ૧, ૭, ૮, ૧૧, ૧૪, ૧૯, ૨૧, ૨૪, ૨૫, ૨૮, ૩૨, ૩૪, ૩૫, ૩૮, ૪૧, ૪૫, ૪૬, ૪૭, ૪૮, ૫૨, ૫૩, ૫૫, ૫૬, ૫૮, ૫૯, ૬૧, ૬૨, ૬૩, ૬૪, ૬૮, ૬૯, ૭૨, ૭૩, ૭૬, ૭૭, ૮૦, ૮૧, ૮૨, ૮૩, ૮૪, ૮૮, ૯૦, ૯૧, ૯૪, ૯૭, ૯૯, ૧૦૦, ૧૦૩, ૧૦૪, ૧૦૬ અને ૧૦૮ રજૂ કરી. જે મત પર મૂકવામાં આવી અને તેનો સ્વીકાર કરવામાં આવ્યો.

ત્યારબાદ માનનીય અધ્યક્ષશ્રીએ રાજ્ય વિધાન મંડળને લગતી માગણી ક્રમાંક ૩૬ અને ૩૭ રજૂ કરી, જે મત માટે મૂકવામાં આવી અને તેનો સર્વાનુમતે સ્વીકાર કરવામાં આવ્યો.

**સભાગૃહ, બુધવાર તા. ૩૧મી માર્ચ, ૨૦૨૧ના રોજ**
**સવારના ૧૦.૦૦ વાગ્યે ફરી મળવા માટે સાંજના ૪.૦૦ વાગ્યે મુલતવી રહ્યું.**

**ગુજરાત વિધાનસભા સચિવાલય,**
**ગાંધીનગર.**
**તા. ૩૦મી માર્ચ, ૨૦૨૧**

**ડી.એમ.પટેલ**
**સચિવ,**
**ગુજરાત વિધાનસભા**

ક્રમાંક–૨૧

**પત્રક ભાગ–૧**
**કાર્યવાહીની ટૂંકી નોંધ**
**ચૌદમી ગુજરાત વિધાનસભા**
**આઠમું સત્ર**
**બુધવાર, તા.૩૧મી માર્ચ, ૨૦૨૧**
**પહેલી બેઠક**
**માનનીય અધ્યક્ષશ્રી રાજેન્દ્ર ત્રિવેદી અધ્યક્ષસ્થાને**
**સભાગૃહ સવારના ૧૦.૦૦ વાગ્યે મળ્યું.**

**૧. માનનીય અધ્યક્ષશ્રીનો નિર્ણય**

માનનીય અધ્યક્ષશ્રીએ, માનનીય વિપક્ષના નેતાશ્રી પરેશભાઇ ધાનાણીએ તા.૨૫–૦૩–૨૦૨૧ના રોજ ટૂંકી મુદતના પ્રશ્નની ચર્ચા માટે ૧૨થી ૧૫ મિનિટ જેટલો સમય પસાર થયો હોઇ ટૂંકી મુદતના પ્રશ્નને તારાંકિત પ્રશ્નોત્તરીના સમયમાં સામેલ ન કરતાં અલગ સમય ફાળવવા બાબતે ઉપસ્થિત કરેલ પોઇન્ટ ઓફ ઓર્ડરનો નિર્ણય આપતાં ગુજરાત વિધાનસભાના નિયમોના નિયમ ૭૧થી ૯૦, લોકસભાની પ્રશ્નોની કાર્યરીતિ અને પ્રણાલીઓ તથા આ વિષય ઉપર પૂરોગામી અધ્યક્ષોએ આપેલા નિર્ણયોનો હવાલો આપી, ટૂંકી મુદતના પ્રશ્ન માટે સંબંધિત મંત્રીશ્રીની અનુકૂળતાને ધ્યાને લઇ ટૂંકી મુદતનો પ્રશ્ન દાખલ કરવામાં આવે છે અને તારાંકિત પ્રશ્નોત્તરીના સમય ગાળા દરમિયાન જ ટૂંકી મુદતના પ્રશ્નને અગ્રતા આપી ચર્ચા માટે હાથ ધરવામાં આવે છે તેમ જણાવી, માનનીય વિપક્ષના નેતાશ્રી પરેશભાઇ ધાનાણીએ ઉપસ્થિત કરેલ પોઇન્ટ ઓફ ઓર્ડર નામંજૂર કર્યો.

**૨. પોઇન્ટ ઓફ ઓર્ડર**

**વિધેયકની ચર્ચા માટે વિધેયકની નકલ ચાર દિવસ પહેલા મળવા બાબત**

માનનીય સભ્યશ્રી શૈલેષભાઇ પરમારે વિધેયક સભાગૃહમાં ચર્ચા માટે હાથ ધરવામાં આવે તે પહેલાં વિધાનસભાના નિયમો અને પ્રણાલી તેમજ પૂર્વ અધ્યક્ષોએ આપેલ નિર્ણય અનુસાર કામકાજના ચાર દિવસ પહેલાં દરેક સભ્યશ્રીને મળવી જોઇએ તેમ જણાવી આજ રોજ ચર્ચા માટે હાથ ધરાનાર વિધેયક ક્રમાંક–૧૮, ૧૯ અને ૨૦ સભ્યોને મોડા મળ્યા હોવાથી તેના પરની ચર્ચા મોકુફ રાખવા બાબતનો પોઇન્ટ ઓફ ઓર્ડરનો મુદ્દો ઉપસ્થિત કર્યો, જેનું વિપક્ષના નેતાશ્રી પરેશભાઇ ધાનાણીએ સમર્થન કર્યું.

માનનીય સંસદીય બાબતોના રાજ્યકક્ષાના મંત્રીશ્રી પ્રદિપસિંહ જાડેજાએ સભ્યશ્રીઓને વિધેયકની નકલ પહોંચાડવામાં વિલંબ થયો હોવાનો સ્વીકાર કર્યો અને વિધેયકની અંગ્રેજી ભાષામાં નકલ સભ્યશ્રીઓને પહેલાં પહોંચાડવામાં આવેલ હોવાનું જણાવ્યું. માનનીય સંસદીય બાબતોના મંત્રીશ્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમા અને માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી નીતિનભાઇ પટેલે પણ મંત્રીશ્રી પ્રદિપસિંહ જાડેજાની વાતનું સમર્થન કરી પોતાનું મંતવ્ય વ્યક્ત કર્યું.

માનનીય અધ્યક્ષશ્રીએ સભ્યશ્રી શૈલેષભાઇ પરમારે ઉપસ્થિત કરેલ પોઇન્ટ ઓફ ઓર્ડરનો મુદ્દો નામંજૂર કરતાં જણાવ્યું કે, વિધેયક ચર્ચા માટે લેવાની બાબત અધ્યક્ષના ક્ષેત્રાધિકારમાં હોઇ અને મેં પરવાનગી આપેલ હોઇ તેના પર ચર્ચા મોકુફ રાખવાની માગણી ગ્રાહ્ય રાખવામાં આવતી નથી. આમ છતાં વિધેયક મોડા મળવાની બાબત સાચી છે અને તેનો મંત્રીશ્રીએ પણ સ્વીકાર કર્યો છે, ત્યારે સંબંધિત વિભાગોને એ અંગે ઠપકો આપું છું અને વિધેયકની નકલ નિયમ–૧૩૦ની જોગવાઇ મુજબ જે દિવસે વિધેયક વિચારણા માટે હાથ ધરવાનું હોય તેના ચાર દિવસ પહેલાં મોકલવાની કાળજી લેવા જણાવું છું.

**૩. સરકારી વિધેયકો**

(૧) માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી નીતિનભાઇ પટેલે, સન ૨૦૨૧નું વિધેયક ક્રમાંક–૧૯–સન ૨૦૨૧નું ગુજરાત વિનિયોગ વિધેયક દાખલ કર્યા બાદ પહેલા વાચનનો પ્રસ્તાવ રજૂ કરી તેના સમર્થનમાં પોતાનું વક્તવ્ય રજૂ કર્યું.

માનનીય અધ્યક્ષશ્રીએ, વિનિયોગ વિધેયક ઉપર આપેલા મુદ્દા અને તેની ચર્ચા માટેની સમય મર્યાદા અંગે જાહેરાત કરી.

ત્યારબાદ મુદ્દા આપનાર નીચેના સભ્યશ્રીઓએ ચર્ચામાં ભાગ લીધો.

(૧) શ્રી હિંમતસિંહ પટેલ
(૨) શ્રી ઇમરાન ખેડાવાલા
(૩) શ્રી ગ્યાસુદ્દીન શેખ
(૪) શ્રી બાબુભાઇ વાજા
(૫) શ્રી વિરજીભાઇ ઠુમ્મર
(૬) શ્રી જશુભાઇ પટેલ
(૭) શ્રી ભગાભાઇ બારડ
(૮) ડો. અનિલ જોષીયારા
(૯) શ્રી કનુભાઇ બારૈયા

ત્યારબાદ વિધેયક પરની ચર્ચાનો જવાબ માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી નીતિનભાઇ પટેલે આપ્યો.

ત્યારબાદ વિધેયકના પહેલા અને બીજા વાચન માટેના પ્રસ્તાવ મત માટે મૂકવામાં આવ્યા અને તેનો સ્વીકાર કરવામાં આવ્યો.

**કલમવાર વાચન**

કલમ–૨ અને કલમ ૩, અનુસૂચિ, કલમ–૧, દીર્ઘસંજ્ઞા અને ઇનેકટીંગ ફોર્મ્યુલા મત ઉપર મૂકવામાં આવી અને તેનો સ્વીકાર કરવામાં આવ્યો.

કલમ–૨ અને કલમ ૩, અનુસૂચિ, કલમ–૧, દીર્ઘસંજ્ઞા અને ઇનેકટીંગ ફોર્મ્યુલા વિધેયકનો ભાગ બની.

ત્યારબાદ વિધેયકના પ્રભારી મંત્રીશ્રીએ વિધેયકના ત્રીજા વાચનનો પ્રસ્તાવ રજૂ કર્યો, જે મત ઉપર મૂકવામાં આવ્યો, તેનો સ્વીકાર કરવામાં આવ્યો અને વિધેયક પસાર કરવામાં આવ્યું.

(૨) માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી નીતિનભાઇ પટેલે, સન ૨૦૨૧નું વિધેયક ક્રમાંક–૧૨–સન ૨૦૨૧નું ગુજરાત વિનિયોગ (વધારાના ખર્ચ) વિધેયક દાખલ કરી પહેલા વાચનનો પ્રસ્તાવ રજૂ કર્યો.

ત્યારબાદ વિધેયકના પહેલા અને બીજા વાચન માટેના પ્રસ્તાવ મત માટે મૂકવામાં આવ્યા અને તેનો સ્વીકાર કરવામાં આવ્યો.

**કલમવાર વાચન**

કલમ–૨ અને કલમ ૩, અનુસૂચિ, કલમ–૧, દીર્ઘસંજ્ઞા અને ઇનેકટીંગ ફોર્મ્યુલા મત ઉપર મૂકવામાં આવી અને તેનો સ્વીકાર કરવામાં આવ્યો.

કલમ–૨ અને કલમ ૩, અનુસૂચિ, કલમ–૧, દીર્ઘસંજ્ઞા અને ઇનેકટીંગ ફોર્મ્યુલા વિધેયકનો ભાગ બની.

ત્યારબાદ વિધેયકના પ્રભારી મંત્રીશ્રીએ વિધેયકના ત્રીજા વાચનનો પ્રસ્તાવ રજૂ કર્યો, જે મત ઉપર મૂકવામાં આવ્યો, તેનો સ્વીકાર કરવામાં આવ્યો અને વિધેયક પસાર કરવામાં આવ્યું.

(૩) માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી નીતિનભાઇ પટેલે, સન ૨૦૨૧નું વિધેયક ક્રમાંક–૧૭–સન ૨૦૨૧નું ગુજરાત રાજ્ય વ્યવસાય, વ્યાપાર, ધંધા અને રોજગાર વેરા(સુધારા)વિધેયક દાખલ કર્યા બાદ પહેલા વાચનનો પ્રસ્તાવ રજૂ કર્યો અને તેના સમર્થનમાં પોતાનું મંતવ્ય વ્યકત કર્યું.

ત્યારબાદ નીચેના સભ્યશ્રીઓએ ચર્ચામાં ભાગ લીધો.

(૧) શ્રી વિરજીભાઇ ઠુમ્મર

(૨) શ્રી જગદીશભાઇ પટેલ

(૩) શ્રી કીરીટકુમાર પટેલ (પ્રવચન અધૂરુ)

**(વિરામ બપોરના ૧૨.૦૦થી ૧૨.૩૦)**

વિરામ બાદ સભ્યશ્રી કીરીટકુમાર પટેલે પોતાનું અધૂરુ રહેલ પ્રવચન પૂર્ણ કર્યા બાદ નીચેના વધુ સભ્યશ્રીઓએ ચર્ચામાં ભાગ લીધો.

(૪) શ્રી પરેશ ધાનાણી (વિપક્ષના નેતાશ્રી)

(૫) શ્રી અંબરીષભાઇ ડેર

ત્યારબાદ વિધેયક પરની ચર્ચાનો જવાબ માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી નીતિનભાઇ પટેલે આપ્યો.

ત્યારબાદ વિધેયકના પહેલા અને બીજા વાચન માટેના પ્રસ્તાવ મત માટે મૂકવામાં આવ્યા અને તેનો સ્વીકાર કરવામાં આવ્યો.

**કલમવાર વાચન**

કલમ–૨, કલમ–૧, દીર્ઘસંજ્ઞા અને ઇનેકટીંગ ફોર્મ્યુલા મત ઉપર મૂકવામાં આવી અને તેનો સ્વીકાર કરવામાં આવ્યો.

કલમ–૨, કલમ–૧, દીર્ઘસંજ્ઞા અને ઇનેકટીંગ ફોર્મ્યુલા વિધેયકનો ભાગ બની.

ત્યારબાદ વિધેયકના પ્રભારી મંત્રીશ્રીએ વિધેયકના ત્રીજા વાચનનો પ્રસ્તાવ રજૂ કર્યો, જે મત ઉપર મૂકવામાં આવ્યો, તેનો સ્વીકાર કરવામાં આવ્યો અને વિધેયક પસાર કરવામાં આવ્યું.

(૪) માનનીય રાજ્યકક્ષાના ગૃહ મંત્રીશ્રી પ્રદિપસિંહ જાડેજાએ, સન ૨૦૨૧નું વિધેયક ક્રમાંક–૧૮–સન ૨૦૨૧નું ગુજરાત ફોજદારી કાર્યરીતિ (ગુજરાત સુધારા) વિધેયક દાખલ કર્યા બાદ પહેલા વાચનનો પ્રસ્તાવ રજૂ કર્યો અને તેના સમર્થનમાં પોતાનું મંતવ્ય વ્યકત કર્યું.

ત્યારબાદ નીચેના સભ્યશ્રીઓએ ચર્ચામાં ભાગ લીધો.

(૧) શ્રી કીરીટકુમાર પટેલ

(૨) શ્રી વિરજીભાઇ ઠુમ્મર

(૩) શ્રી પરેશ ધાનાણી (વિપક્ષના નેતાશ્રી)

ત્યારબાદ વિધેયક પરની ચર્ચાનો જવાબ માનનીય રાજ્યકક્ષાના ગૃહ મંત્રીશ્રી પ્રદિપસિંહ જાડેજાએ આપ્યો.

ત્યારબાદ વિધેયકના પહેલા અને બીજા વાચન માટેના પ્રસ્તાવ મત માટે મૂકવામાં આવ્યા અને તેનો સ્વીકાર કરવામાં આવ્યો.

**કલમવાર વાચન**

કલમ–૨, કલમ–૧, દીર્ઘસંજ્ઞા અને ઈનેકટીંગ ફોર્મ્યુલા મત ઉપર મૂકવામાં આવી અને તેનો સ્વીકાર કરવામાં આવ્યો.

કલમ–૨, કલમ–૧, દીર્ઘસંજ્ઞા અને ઈનેકટીંગ ફોર્મ્યુલા વિધેયકનો ભાગ બની.

ત્યારબાદ વિધેયકના પ્રભારી મંત્રીશ્રીએ વિધેયકના ત્રીજા વાચનનો પ્રસ્તાવ રજૂ કર્યો, જે મત ઉપર મૂકવામાં આવ્યો, તેનો સ્વીકાર કરવામાં આવ્યો અને વિધેયક પસાર કરવામાં આવ્યું.

(૫) માનનીય શિક્ષણ મંત્રીશ્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમાએ, સન ૨૦૨૧નું વિધેયક ક્રમાંક–૧૪–સન ૨૦૨૧નું ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ (સુધારા) વિધેયક દાખલ કર્યા બાદ પહેલા વાચનનો પ્રસ્તાવ રજૂ કર્યો અને તેના સમર્થનમાં પોતાનું મંતવ્ય વ્યકત કર્યું.

ત્યારબાદ નીચેના સભ્યશ્રીએ ચર્ચામાં ભાગ લીધો.

શ્રી ઋત્વિકભાઇ મકવાણા

ત્યારબાદ વિધેયક પરની ચર્ચાનો જવાબ માનનીય શિક્ષણ મંત્રીશ્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમાએ આપ્યો.

ત્યારબાદ વિધેયકના પહેલા અને બીજા વાચન માટેના પ્રસ્તાવ મત માટે મૂકવામાં આવ્યા અને તેનો સ્વીકાર કરવામાં આવ્યો.

**કલમવાર વાચન**

કલમ–૨ થી ૪, કલમ–૧, દીર્ઘસંજ્ઞા અને ઈનેકટીંગ ફોર્મ્યુલા મત ઉપર મૂકવામાં આવી અને તેનો સર્વાનુમતે સ્વીકાર કરવામાં આવ્યો.

કલમ–૨ થી ૪, કલમ–૧, દીર્ઘસંજ્ઞા અને ઈનેકટીંગ ફોર્મ્યુલા વિધેયકનો ભાગ બની.

ત્યારબાદ વિધેયકના પ્રભારી મંત્રીશ્રીએ વિધેયકના ત્રીજા વાચનનો પ્રસ્તાવ રજૂ કર્યો, જે મત ઉપર મૂકવામાં આવ્યો, તેનો સ્વીકાર કરવામાં આવ્યો અને વિધેયક સર્વાનુમતે પસાર કરવામાં આવ્યું.

**સભાગૃહ, બીજી બેઠક માટે બપોરના ૩.૩૦ વાગ્યે**
**ફરી મળવા માટે બપોરના ૨.૨૭ વાગ્યે મુલતવી રહ્યું.**

**બીજી બેઠક**

**માનનીય અધ્યક્ષશ્રી રાજેન્દ્ર ત્રિવેદીના અધ્યક્ષપદે**
**સભાગૃહ બપોરના ૩.૩૦ વાગ્યે ફરી મળ્યું.**

**૧. તારાંકિત પ્રશ્નોત્તરી**

બુધવાર, તા. ૩૧મી માર્ચ, ૨૦૨૧ના રોજની તારાંકિત પ્રશ્નોત્તરીની યાદીમાંના પ્રશ્નો અગ્રતાક્રમ ૧, ૨, ૩, ૪, ૫, ૬, ૮, ૯ અને ૧૦ના મૌખિક જવાબ આપવામાં આવ્યા.

ગેરહાજર રહેલ સભ્યશ્રીનો પ્રશ્ન અગ્રતાક્રમ ૭ને અતારાંકિત ગણવામાં આવ્યો.

સમયના અભાવે પૂછી ન શકાયેલા પ્રશ્નો અગ્રતાક્રમ ૧૧ થી ૨૨ને પણ અતારાંકિત ગણવામાં આવ્યા.

**પ્રશ્નોત્તરીનો સમય સાંજના ૪.૩૦ વાગ્યે પૂરો થયો.**

**૨. તાકીદની જાહેર અગત્યની બાબત પર ધ્યાન દોરવા બાબત (નિયમ–૧૧૬)**

**રિએસેસમેન્ટમાં ઉત્તરવહીઓ બદલી પાસ કરવા બાબત.**

સભ્યશ્રી કીરીટકુમાર પટેલે નિયમ–૧૧૬ અન્વયે ''તાજેતરમાં હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટીમાં મેડિકલના પ્રથમ વર્ષની પરીક્ષામાં નાપાસ થયેલ છાત્રોને રિએસેસમેન્ટમાં ઉત્તરવહીઓ બદલી પાસ કરવામાં આવતાં, મહેનતુ વિદ્યાર્થીઓમાં ફેલાયેલ રોષ અને ભયની લાગણી દૂર કરવા''અંગેની તાકીદની જાહેર અગત્યની બાબત પર માનનીય શિક્ષણ મંત્રીશ્રીનું ધ્યાન દોર્યું.

માનનીય શિક્ષણ મંત્રીશ્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમાએ તેમનું લેખિત નિવેદન રજૂ કર્યું અને તેમાંથી ઉપસ્થિત થયેલા પ્રશ્નોના ખુલાસાત્મક જવાબો આપ્યા.

**૩. સભાગૃહના મેજ ઉપર મૂકાયેલા કાગળો**

નીચેના કાગળો તેની નીચે દર્શાવેલ મંત્રીશ્રીઓએ સભાગૃહના મેજ ઉપર મૂક્યા.

(૧) ગુજરાત રાજ્ય કાપડ નિગમ લિમિટેડ તથા તેની ત્રણ સબસિડિયરી કંપનીઓ (૧) ગુજરાત ટેક્ષફેબ પ્રા.લિ. (૨) ગુજરાત ફાઇનટેક્ષ પ્રા.લિ. અને (૩) ગુજરાત સીલ્ટેક્ષ પ્રા.લી.ના અનુક્રમે સન ૨૦૧૨–૧૩થી ૨૦૧૮–૧૯ તથા સન ૨૦૧૨–૧૩થી તા. ૧૨–૧૨–૨૦૧૮ સુધીના વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ તેમજ નિગમની કામગીરી અંગેની સરકારની સમીક્ષા તેમજ આ અહેવાલોને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલ વિલંબ અંગેના કારણો દર્શાવતું નિવેદન

**ઉદ્યોગ પ્રભાગનો હવાલો ધરાવતા માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી નીતિનભાઇ પટેલ**

(૨) ગુજરાત મકાન અને અન્ય બાંધકામ શ્રમયોગી કલ્યાણ બોર્ડના સન ૨૦૦૮–૦૯ થી ૨૦૧૬–૧૭ના વાર્ષિક અહેવાલ તથા આ અહેવાલોને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલા વિલંબ અંગેના કારણો દર્શાવતું નિવેદન

**માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી દિલીપકુમાર ઠાકોર**

(૩) જૂનાગઢ કૃષિ યુનિવર્સિટીનો સન ૨૦૧૬–૧૭નો ઓડિટ અહેવાલ, તેના ઉપર લેવાયેલ પગલાંનું નિવેદન તથા વાર્ષિક હિસાબ તેમજ આ અહેવાલને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલા વિલંબ અંગેના કારણો દર્શાવતું નિવેદન

**માનનીય રાજ્યકક્ષાના કૃષિ મંત્રીશ્રી જયદ્રથસિંહજી પરમાર**

(૪) ગુજરાત રાજ્ય ત્રીજા નાણા પંચનો અહેવાલ તથા પૂરક અહેવાલ અને તેમાં કરાયેલ ભલામણો પરત્વે રાજ્ય સરકારે લીધેલ/લેવા ધારેલ નિર્ણય/પગલાંઓ અંગેનો અહેવાલ તેમજ આ અહેવાલને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલા વિલંબ અંગેના કારણો દર્શાવતું નિવેદન

**માનનીય રાજ્યકક્ષાના પંચાયત મંત્રીશ્રી જયદ્રથસિંહજી પરમાર**

(૫) ગુજરાત રાજ્ય માર્ગ વાહન વ્યવહાર નિગમના સન ૨૦૨૦–૨૧ના સુધારેલા અંદાજો અને સન ૨૦૨૧–૨૨ના અંદાજો

**માનનીય વાહન વ્યવહાર મંત્રીશ્રી આર. સી. ફળદુ**

(૬) સન ૧૯૭૨ના ગુજરાત આવશ્યક સેવા જાળવણી અધિનિયમ અન્વયેના ઉર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગના તા. ૧૦–૩–૨૦૨૧ના જાહેરનામા ક્રમાંક:–જીએચયુ–૨૦૨૧–(૨૧)–જીયુવી–૧૧૨૦૧૦–૨૮૬૧–ક(પાર્ટ–૨)

**ઊર્જા પ્રભાગનો હવાલો ધરાવતા માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી નીતિનભાઇ પટેલ**

**૪. સભાગૃહની પ્રથમ બેઠકમાં વિચારણા માટે બાકી રહેલ સરકારી વિધેયકો**

(૧) માનનીય શિક્ષણ મંત્રીશ્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમાએ, સન ૨૦૨૧નું વિધેયક ક્રમાંક–૧૩–સન ૨૦૨૧નું ગુજરાત ખાનગી યુનિવર્સિટી (સુધારા) વિધેયક દાખલ કર્યા બાદ પહેલા વાચનનો પ્રસ્તાવ રજૂ કર્યો અને તેના સમર્થનમાં પોતાનું મંતવ્ય વ્યકત કર્યું.

ત્યારબાદ નીચેના સભ્યશ્રીઓએ ચર્ચામાં ભાગ લીધો.

(૧) શ્રી શૈલેષ પરમાર

(૨) શ્રી અર્જુનસિંહ ચૌહાણ

**(વિરામ સાંજના ૫.૩૦ થી ૬.૦૦)**

વિરામ બાદ નીચેના વધુ સભ્યશ્રીએ ચર્ચામાં ભાગ લીધો.

(૩) શ્રી કીરીટકુમાર પટેલ

ત્યારબાદ વિધેયક પરની ચર્ચાનો જવાબ માનનીય શિક્ષણ મંત્રીશ્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમાએ આપ્યો.

ત્યારબાદ વિધેયકના પહેલા અને બીજા વાચન માટેના પ્રસ્તાવ મત માટે મૂકવામાં આવ્યા અને તેનો સ્વીકાર કરવામાં આવ્યો.

**કલમવાર વાચન**

કલમ–૨ થી ૧૨, કલમ–૧, દીર્ઘસંજ્ઞા અને ઇનેકટીંગ ફોર્મ્યુલા મત ઉપર મૂકવામાં આવી અને તેનો સ્વીકાર કરવામાં આવ્યો.

કલમ–૨ થી ૧૨, કલમ–૧, દીર્ઘસંજ્ઞા અને ઇનેકટીંગ ફોર્મ્યુલા વિધેયકનો ભાગ બની.

ત્યારબાદ વિધેયકના પ્રભારી મંત્રીશ્રીએ વિધેયકના ત્રીજા વાચનનો પ્રસ્તાવ રજૂ કર્યો, જે મત ઉપર મૂકવામાં આવ્યો, તેનો સ્વીકાર કરવામાં આવ્યો અને વિધેયક પસાર કરવામાં આવ્યું.

(૨) માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી નીતિનભાઇ પટેલે, સન ૨૦૨૧નું વિધેયક ક્રમાંક–૪–સન ૨૦૨૧નું ગુજરાત વ્યાવસાયિક તબીબી શૈક્ષણિક કોલેજો અથવા સંસ્થાઓ(પ્રવેશ નિયમન અને ફી નિર્ધારણ) બાબત (સુધારા) વિધેયક દાખલ કર્યા બાદ પહેલા વાચનનો પ્રસ્તાવ રજૂ કર્યો અને તેના સમર્થનમાં પોતાનું મંતવ્ય વ્યકત કર્યું.

ત્યારબાદ નીચેના સભ્યશ્રીઓએ ચર્ચામાં ભાગ લીધો.

(૧) શ્રી પૂર્ણેશ મોદી

(૨) ડો. અનિલ જોષીયારા

ત્યારબાદ વિધેયક પરની ચર્ચાનો જવાબ માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી નીતિનભાઇ પટેલે આપ્યો.

ત્યારબાદ વિધેયકના પહેલા અને બીજા વાચન માટેના પ્રસ્તાવ મત માટે મૂકવામાં આવ્યા અને તેનો સર્વાનુમતે સ્વીકાર કરવામાં આવ્યો.

**કલમવાર વાચન**

કલમ–૨, કલમ–૧, દીર્ઘસંજ્ઞા અને ઇનેકટીંગ ફોર્મ્યુલા મત ઉપર મૂકવામાં આવી અને તેનો સર્વાનુમતે સ્વીકાર કરવામાં આવ્યો.

કલમ–૨, કલમ–૧, દીર્ઘસંજ્ઞા અને ઇનેકટીંગ ફોર્મ્યુલા વિધેયકનો ભાગ બની.

ત્યારબાદ વિધેયકના પ્રભારી મંત્રીશ્રીએ વિધેયકના ત્રીજા વાચનનો પ્રસ્તાવ રજૂ કર્યો, જે મત ઉપર

મૂકવામાં આવ્યો, તેનો સર્વાનુમતે સ્વીકાર કરવામાં આવ્યો અને વિધેયક પસાર કરવામાં આવ્યું.

(૩) રાજ્યકક્ષાના માનનીય પંચાયત મંત્રીશ્રી જયદ્રથસિંહજી પરમારે, સન ૨૦૨૧નું વિધેયક ક્રમાંક–૫– સન ૨૦૨૧નું ગુજરાત પંચાયત (સુધારા) વિધેયક દાખલ કર્યા બાદ પહેલા વાચનનો પ્રસ્તાવ રજૂ કર્યો અને તેના સમર્થનમાં પોતાનું મંતવ્ય વ્યકત કર્યું.

ત્યારબાદ નીચેના સભ્યશ્રીઓએ ચર્ચામાં ભાગ લીધો.

(૧) શ્રી રાઘવજીભાઇ પટેલ
(૨) શ્રી ભગાભાઇ બારડ
(૩) ડો. અનિલ જોષીયારા
(૪) શ્રી જીગ્નેશકુમાર સેવક

ત્યારબાદ વિધેયક પરની ચર્ચાનો જવાબ રાજ્યકક્ષાના માનનીય પંચાયત મંત્રીશ્રી જયદ્રથસિંહજી પરમારે આપ્યો.

ત્યારબાદ વિધેયકના પહેલા અને બીજા વાચન માટેના પ્રસ્તાવ મત માટે મૂકવામાં આવ્યા અને તેનો વિના વિરોધે સ્વીકાર કરવામાં આવ્યો.

**કલમવાર વાચન**

કલમ–૨ અને કલમ ૩, કલમ–૧, દીર્ઘસંજ્ઞા અને ઈનેકટીંગ ફોર્મ્યુલા મત ઉપર મૂકવામાં આવી અને તેનો વિના વિરોધે સ્વીકાર કરવામાં આવ્યો.

કલમ–૨ અને કલમ ૩, કલમ–૧, દીર્ઘસંજ્ઞા અને ઈનેકટીંગ ફોર્મ્યુલા વિધેયકનો ભાગ બની.

ત્યારબાદ વિધેયકના પ્રભારી મંત્રીશ્રીએ વિધેયકના ત્રીજા વાચનનો પ્રસ્તાવ રજૂ કર્યો, જે મત ઉપર મૂકવામાં આવ્યો, તેનો સર્વાનુમતે સ્વીકાર કરવામાં આવ્યો અને વિધેયક પસાર કરવામાં આવ્યું.

**સભાગૃહ, ગુરુવાર તા.૧લી એપ્રિલ, ૨૦૨૧ના રોજ**
**સવારના ૧૦.૦૦ વાગ્યે ફરી મળવા માટે રાત્રીના ૭.૪૧ વાગ્યે મુલતવી રહ્યું.**

**ગુજરાત વિધાનસભા સચિવાલય,**
**ગાંધીનગર.**
**તા. ૩૧મી માર્ચ, ૨૦૨૧**

**ડી.એમ.પટેલ**
**સચિવ,**
**ગુજરાત વિધાનસભા.**

**ક્રમાંક–૨૨**

**પત્રક ભાગ–૧**
**કાર્યવાહીની ટૂંકી નોંધ**
**ચૌદમી ગુજરાત વિધાનસભા**
**આઠમું સત્ર**
**ગુરુવાર, તા.૧લી એપ્રિલ, ૨૦૨૧**
**પહેલી બેઠક**
**માનનીય અધ્યક્ષશ્રી રાજેન્દ્ર ત્રિવેદી અધ્યક્ષસ્થાને**
**સભાગૃહ સવારના ૧૦.૦૦ વાગ્યે મળ્યું.**

**૧. સરકારી વિધેયકો**

(૧) માનનીય રાજ્યકક્ષાના ગૃહ મંત્રીશ્રી પ્રદિપસિંહ જાડેજાએ, સન ૨૦૨૧નું વિધેયક ક્રમાંક–૧૫–સન ૨૦૨૧નું ગુજરાત ધર્મ સ્વાતંત્ર્ય (સુધારા) વિધેયક દાખલ કર્યા બાદ પહેલા વાચનનો પ્રસ્તાવ રજૂ કર્યો અને તેના સમર્થનમાં પોતાનું મંતવ્ય વ્યકત કર્યું.

ત્યારબાદ નીચેના સભ્યશ્રીઓએ ચર્ચામાં ભાગ લીધો.

(૧) શ્રી પુર્ણેશ મોદી
(૨) શ્રી જગદીશ વિશ્વકર્મા
(૩) શ્રીમતી સંગીતાબેન પાટીલ
(૪) શ્રી પરેશ ધાનાણી(વિપક્ષના નેતાશ્રી)(પ્રવચન અધૂરુ)

**(વિરામ બપોરના ૧૨.૦૦થી ૧૨.૩૦)**

વિરામ બાદ શ્રી પરેશ ધાનાણીએ તેમનું અધૂરુ રહેલ પ્રવચન પૂર્ણ કર્યા બાદ નીચેના વધુ સભ્યશ્રીઓએ ચર્ચામાં ભાગ લીધો.

(૫) શ્રી પ્રદિપભાઇ પરમાર
(૬) શ્રી ગ્યાસુદ્દીન શેખ
(૭) શ્રીમતી ગેનીબેન ઠાકોર
(૮) શ્રી પિયુષભાઇ દેસાઇ
(૯) શ્રી વિરજીભાઇ ઠુમ્મર
(૧૦) શ્રી કેતનભાઇ ઇનામદાર
(૧૧) શ્રી ઇમરાન ખેડાવાલા

**૨. પોઇન્ટ ઓફ ઓર્ડર**

**સભ્યશ્રી દ્વારા વિધેયકની નકલ ફાડવા બાબત**

સભ્યશ્રી ઇમરાન ખેડાવાલાએ વિધેયકની નકલ તેમના પ્રવચન દરમિયાન ફાડી નાંખતા, માનનીય રાજ્યકક્ષાના સંસદીય બાબતોના મંત્રીશ્રી પ્રદિપસિંહ જાડેજાએ આ બાબતે પોઇન્ટ ઓફ ઓર્ડરનો મુદ્દો ઉપસ્થિત કરી સભ્યશ્રીને ઠપકો આપવાની દરખાસ્ત રજૂ કરી, જેને માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી નીતિનભાઇ પટેલે અને માનનીય સંસદીય બાબતોના મંત્રીશ્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમા અને સભ્યશ્રી પૂર્ણેશ મોદીએ સમર્થન કર્યું. વિપક્ષના નેતાશ્રી પરેશભાઇ ધાનાણી, સભ્યશ્રી શૈલેષ પરમાર અને શ્રી વિરજીભાઇ ઠુમ્મરે તેનો વિરોધ કર્યો.

**સભાગૃહ, બીજી બેઠક માટે બપોરના ૩.૩૦ વાગ્યે**
**ફરી મળવા માટે બપોરના ૨.૩૦ વાગ્યે મુલતવી રહ્યું.**
**બીજી બેઠક**
**માનનીય અધ્યક્ષશ્રી રાજેન્દ્ર ત્રિવેદીના અધ્યક્ષપદે**
**સભાગૃહ બપોરના ૩.૩૦ વાગ્યે ફરી મળ્યું.**

**૧. તારાંકિત પ્રશ્નોત્તરી**

ગુરુવાર, તા. ૧લી એપ્રિલ, ૨૦૨૧ના રોજની તારાંકિત પ્રશ્નોત્તરીની યાદીમાંના પ્રશ્નો અગ્રતાક્રમ ૧, ૨, ૩ અને ૫ના મૌખિક જવાબ આપવામાં આવ્યા.

ગેરહાજર રહેલ સભ્યશ્રીનો પ્રશ્ન અગ્રતાક્રમ ૪ને અતારાંકિત ગણવામાં આવ્યો.

સમયના અભાવે પૂછી ન શકાયેલા પ્રશ્નો અગ્રતાક્રમ ૬ થી ૨૮૨ને પણ અતારાંકિત ગણવામાં આવ્યા.

**પ્રશ્નોત્તરીનો સમય સાંજના ૪.૩૦ વાગ્યે પૂરો થયો.**

**૨. તાકીદની જાહેર અગત્યની બાબત પર ધ્યાન દોરવા બાબત (નિયમ–૧૧૬)**

**વલસાડ જિલ્લામાં બિલ્ડરના અપહરણ અને ખંડણી માગવા બાબત.**

સભ્યશ્રી પિયુષભાઇ દેસાઇએ નિયમ–૧૧૬ અન્વયે ‘‘તાજેતરમાં વલસાડ જિલ્લાના ઉમરગામ ખાતે એક બિલ્ડરનું અપહરણ કર્યા બાદ ખંડણી માગવાના બનાવથી લોકોમાં ફેલાયેલ રોષ અને ભયની લાગણી દૂર કરવા’’અંગેની તાકીદની જાહેર અગત્યની બાબત પર માનનીય મુખ્યમંત્રીશ્રી(ગૃહ)નું ધ્યાન દોર્યું.

માનનીય રાજ્યકક્ષાના ગૃહ મંત્રીશ્રી પ્રદિપસિંહ જાડેજાએ તેમનું લેખિત નિવેદન રજૂ કર્યું અને તેમાંથી ઉપસ્થિત થયેલા પ્રશ્નોના ખુલાસાત્મક જવાબો આપ્યા.

માનનીય મુખ્યમંત્રીશ્રી વિજયભાઇ રૂપાણીએ આ કિસ્સામાં પોલીસ ખાતાની યશસ્વી કામગીરીને ધ્યાને લઇ તેમને રૂપિયા દસ લાખનું ઇનામ આપવાની જાહેરાત કરી.

**૩. સભાગૃહના મેજ ઉપર મૂકાયેલા કાગળો**

નીચેના કાગળો તેની નીચે દર્શાવેલ મંત્રીશ્રીઓએ સભાગૃહના મેજ ઉપર મૂક્યા.

(૧) (ક) ગુજરાત સરકારના સન ૨૦૧૯–૨૦ના વર્ષના નાણાકીય હિસાબો (ભાગ–૧ અને ભાગ–૨) (અંગ્રેજી તથા ગુજરાતી) તથા

(ખ) ગુજરાત સરકારના સન ૨૦૧૯–૨૦ના વર્ષના વિનિયોગ હિસાબો (અંગ્રેજી તથા ગુજરાતી)

**માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી નીતિનભાઇ પટેલ**

(૨) સરદાર સરોવર નર્મદા નિગમ લિમિટેડનો સન ૨૦૧૯–૨૦નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ તેમજ નિગમની કામગીરી અંગેની સરકારની સમીક્ષા

**માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી નીતિનભાઇ પટેલ**

(૩) દિવ્યાંગ વ્યક્તિઓ માટેના કમિશનરશ્રીનો સન ૨૦૧૯–૨૦નો વાર્ષિક વહીવટી અહેવાલ

**માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી ઇશ્વરભાઇ પરમાર**

(૪) ગુજરાત તકેદારી આયોગનો સન ૨૦૧૯નો વાર્ષિક અહેવાલ તેમજ આ અહેવાલને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલા વિલંબ અંગેના કારણો દર્શાવતું નિવેદન

**માનનીય રાજ્યકક્ષાના ગૃહ મંત્રીશ્રી પ્રદિપસિંહ જાડેજા**

(૫) ગુજરાત રાજ્ય માનવ અધિકાર આયોગનો સન ૨૦૧૮–૧૯નો વાર્ષિક અહેવાલ તેમજ આ અહેવાલને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલા વિલંબ અંગેના કારણો દર્શાવતું નિવેદન

**માનનીય રાજ્યકક્ષાના ગૃહ મંત્રીશ્રી પ્રદિપસિંહ જાડેજા**

**૪. માનનીય અધ્યક્ષશ્રીનો નિર્ણય**

માનનીય અધ્યક્ષશ્રીએ માનનીય રાજ્યકક્ષાના સંસદીય બાબતોના મંત્રીશ્રી પ્રદિપસિંહ જાડેજાએ ઉપસ્થિત કરેલ પોઇન્ટ ઓફ ઓર્ડરના અનુસંધાને નિર્ણય કરતાં પહેલાં સભ્યશ્રી ઇમરાનભાઇ ખેડાવાલાને સભાગૃહમાં વિધેયકની નકલ ફાડી નાખવા બદલ દિલગીરી વ્યક્ત કરવાની તક આપી જેના અનુસંધાને સભ્યશ્રી ઇમરાનભાઇ ખેડાવાલાએ દિલગીરી વ્યકત કરી.

**૫. સભાગૃહની પ્રથમ બેઠકમાં વિચારણા માટે બાકી રહેલ સરકારી વિધેયકો**

પહેલી બેઠકમાં અધૂરી રહેલ વિધેયક ક્રમાંક– ૧૫ પરની ચર્ચા આગળ ચાલી.

નીચેના વધુ સભ્યશ્રીઓએ ચર્ચામાં ભાગ લીધો.

(૧૨) શ્રી હર્ષ સંઘવી

(૧૩) શ્રી શશીકાંત પંડ્યા

(૧૪) શ્રી પ્રતાપભાઇ દુધાત

**(વિરામ સાંજના ૫.૩૦થી ૬.૦૦)**

વિરામ બાદ નીચેના વધુ સભ્યશ્રીઓએ ચર્ચામાં ભાગ લીધો.

(૧૫) શ્રી શૈલેષ પરમાર

(૧૬) શ્રી નીતિનભાઇ પટેલ (નાયબ મુખ્યમંત્રીશ્રી)

ત્યારબાદ વિધેયક પરની ચર્ચાનો જવાબ માનનીય રાજ્યકક્ષાના ગૃહ મંત્રીશ્રી પ્રદિપસિંહ જાડેજાએ આપ્યો.

**૬. સભાગૃહનો સમય લંબાવવા બાબત**

માનનીય મુખ્ય દંડકશ્રી પંકજભાઇ દેસાઇએ આજના કામકાજની યાદીમાં દર્શાવેલ તમામ વિધેયકો પરની ચર્ચા અને મતદાન પૂર્ણ થાય ત્યાં સુધી સભાગૃહનો સમય લંબાવવા માટેનો પ્રસ્તાવ રજૂ કર્યો, જેને વિપક્ષના નેતાશ્રી પરેશભાઇ ધાનાણીએ સંમતિ આપતાં, માનનીય અધ્યક્ષશ્રીએ સભાગૃહનો સમય લંબાવ્યો.

**૭. સરકારી વિધેયકો (ક્રમશઃ)**

ત્યારબાદ વિધેયક પરની ચર્ચાનો અધૂરો રહેલ જવાબ માનનીય રાજ્યકક્ષાના ગૃહ મંત્રીશ્રી પ્રદિપસિંહ જાડેજાએ આપ્યો.

ત્યારબાદ વિધેયકના પહેલા અને બીજા વાચન માટેના પ્રસ્તાવ મત માટે મૂકવામાં આવ્યા અને તેનો સ્વીકાર કરવામાં આવ્યો.

**કલમવાર વાચન**

કલમ–૨ થી ૫ મત ઉપર મૂકવામાં આવી અને તેનો સ્વીકાર કરવામાં આવ્યો.

કલમ–૨ થી ૫ વિધેયકનો ભાગ બની.

**કલમ–૬ ઉપરનો સુધારો**

મુખ્ય દંડકશ્રી પંકજભાઇ દેસાઇએ કલમ–૬ ઉપરનો પોતાનો સુધારો રજૂ કર્યો.

ત્યારબાદ સુધારો મત ઉપર મૂકવામાં આવ્યો અને તેનો સ્વીકાર કરવામાં આવ્યો.

ત્યારબાદ સુધારેલી કલમ–૬ મત ઉપર મૂકવામાં આવી અને તેનો સ્વીકાર કરવામાં આવ્યો.

સુધારેલી કલમ–૬ વિધેયકનો ભાગ બની.

કલમ–૭ અને કલમ–૮, કલમ–૧, દીર્ઘસંજ્ઞા અને ઇનેકટીંગ ફોર્મ્યુલા મત ઉપર મૂકવામાં આવી અને તેનો સ્વીકાર કરવામાં આવ્યો.

કલમ–૭ અને કલમ–૮, કલમ–૧, દીર્ઘસંજ્ઞા અને ઇનેકટીંગ ફોર્મ્યુલા વિધેયકનો ભાગ બની.

ત્યારબાદ વિધેયકના પ્રભારી મંત્રીશ્રીએ વિધેયકના ત્રીજા વાચનનો પ્રસ્તાવ રજૂ કર્યો, જે મત ઉપર મૂકવામાં આવ્યો, તેનો સ્વીકાર કરવામાં આવ્યો અને વિધેયક પસાર કરવામાં આવ્યું.

(૨) માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી નીતિનભાઇ પટેલે, સન ૨૦૨૧નું વિધેયક ક્રમાંક–૧૧–સન ૨૦૨૧નું ગુજરાત આયુર્વેદ યુનિવર્સિટી વિધેયક દાખલ કરી પહેલા વાચનનો પ્રસ્તાવ રજૂ કર્યો અને તેના સમર્થનમાં પોતાનું મંતવ્ય વ્યકત કર્યું.

ત્યારબાદ નીચેના સભ્યશ્રીઓએ ચર્ચામાં ભાગ લીધો.

(૧) શ્રી કીરીટકુમાર પટેલ
(૨) શ્રી રાઘવજીભાઇ પટેલ
(૩) શ્રી ગોવિંદભાઇ પટેલ
(૪) શ્રી વિરજીભાઇ ઠુમ્મર

ત્યારબાદ વિધેયકના પહેલા અને બીજા વાચન માટેના પ્રસ્તાવ મત માટે મૂકવામાં આવ્યા અને તેનો સર્વાનુમતે સ્વીકાર કરવામાં આવ્યો.

**કલમવાર વાચન**

કલમ–૨ થી ૫૬, કલમ–૧, દીર્ઘસંજ્ઞા અને ઇનેકટીંગ ફોર્મ્યુલા મત ઉપર મૂકવામાં આવી અને તેનો સર્વાનુમતે સ્વીકાર કરવામાં આવ્યો.

કલમ–૨ થી ૫૬, કલમ–૧, દીર્ઘસંજ્ઞા અને ઇનેકટીંગ ફોર્મ્યુલા વિધેયકનો ભાગ બની.

ત્યારબાદ વિધેયકના પ્રભારી મંત્રીશ્રીએ વિધેયકના ત્રીજા વાચનનો પ્રસ્તાવ રજૂ કર્યો, જે મત ઉપર મૂકવામાં આવ્યો, તેનો સર્વાનુમતે સ્વીકાર કરવામાં આવ્યો અને વિધેયક પસાર કરવામાં આવ્યું.

(૩) મહેસૂલ વિભાગનો હવાલો ધરાવતા માનનીય મંત્રીશ્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમાએ, સન ૨૦૨૧નું વિધેયક ક્રમાંક–૯–સન ૨૦૨૧નું ગુજરાત અશાંત વિસ્તારોમાંની સ્થાવર મિલકતની તબદીલી પર પ્રતિબંધ મૂકવા તથા તે વિસ્તારોમાંની જગામાંથી ભાડૂતોને ખાલી કરાવવામાંથી રક્ષણ આપવા અંગેની જોગવાઇ કરવા બાબત (સુધારા)વિધેયક દાખલ કર્યા બાદ પહેલા વાચનનો પ્રસ્તાવ રજૂ કર્યો અને તેના સમર્થનમાં પોતાનું મંતવ્ય વ્યકત કર્યું.

ત્યારબાદ નીચેના સભ્યશ્રીઓએ ચર્ચામાં ભાગ લીધો.

(૧) શ્રીમતી સીમાબેન મોહીલે
(૨) શ્રીમતી સંગીતાબેન પાટીલ
(૩) શ્રી વિરજીભાઇ ઠુમ્મર
(૪) શ્રી રાકેશભાઇ શાહ
(૫) શ્રી શૈલેષ પરમાર

ત્યારબાદ વિધેયક પરની ચર્ચાનો જવાબ મહેસૂલ વિભાગનો હવાલો ધરાવતા માનનીય મંત્રીશ્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમાએ આપ્યો.

ત્યારબાદ વિધેયકના પહેલા અને બીજા વાચન માટેના પ્રસ્તાવ મત માટે મૂકવામાં આવ્યા અને તેનો સર્વાનુમતે સ્વીકાર કરવામાં આવ્યો.

**કલમવાર વાચન**

કલમ–૨ અને કલમ–૩, કલમ–૧, દીર્ઘસંજ્ઞા અને ઇનેકટીંગ ફોર્મ્યુલા મત ઉપર મૂકવામાં આવી અને તેનો સર્વાનુમતે સ્વીકાર કરવામાં આવ્યો.

કલમ–૨ અને કલમ–૩, કલમ–૧, દીર્ઘસંજ્ઞા અને ઇનેકટીંગ ફોર્મ્યુલા વિધેયકનો ભાગ બની.

ત્યારબાદ વિધેયકના પ્રભારી મંત્રીશ્રીએ વિધેયકના ત્રીજા વાચનનો પ્રસ્તાવ રજૂ કર્યો, જે મત ઉપર મૂકવામાં આવ્યો, તેનો સર્વાનુમતે સ્વીકાર કરવામાં આવ્યો અને વિધેયક પસાર કરવામાં આવ્યું.

(૪) માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી નીતિનભાઇ પટેલે, સન ૨૦૨૧નું વિધેયક ક્રમાંક–૨૦–સન ૨૦૨૧નું ગુજરાત ચિકિત્સા સંસ્થાઓ (રજિસ્ટ્રેશન અને નિયમન) વિધેયક દાખલ કર્યા બાદ પહેલા વાચનનો પ્રસ્તાવ રજૂ કર્યો અને તેના સમર્થનમાં પોતાનું મંતવ્ય વ્યકત કર્યું.

ત્યારબાદ નીચેના સભ્યશ્રીઓએ ચર્ચામાં ભાગ લીધો.

(૧) ડો. નીમાબેન આચાર્ય
(૨) ડો. અનિલ જોષીયારા

(૩) શ્રી કીરીટકુમાર પટેલ
(૪) શ્રી પરેશ ધાનાણી (વિપક્ષના નેતાશ્રી)

ત્યારબાદ વિધેયક પરની ચર્ચાનો જવાબ માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી નીતિનભાઇ પટેલે આપ્યો.

ત્યારબાદ વિધેયકના પહેલા અને બીજા વાચન માટેના પ્રસ્તાવ મત માટે મૂકવામાં આવ્યા અને તેનો સર્વાનુમતે સ્વીકાર કરવામાં આવ્યો.

**કલમવાર વાચન**

કલમ–૨ થી ૪૭, કલમ–૧, દીર્ઘસંજ્ઞા, ઇનેકટીંગ ફોર્મ્યુલા અને પ્રસ્તાવના મત ઉપર મૂકવામાં આવી અને તેનો સર્વાનુમતે સ્વીકાર કરવામાં આવ્યો.

કલમ–૨ થી ૪૭, કલમ–૧, દીર્ઘસંજ્ઞા, ઇનેકટીંગ ફોર્મ્યુલા અને પ્રસ્તાવના વિધેયકનો ભાગ બની.

ત્યારબાદ વિધેયકના પ્રભારી મંત્રીશ્રીએ વિધેયકના ત્રીજા વાચનનો પ્રસ્તાવ રજૂ કર્યો, જે મત ઉપર મૂકવામાં આવ્યો, તેનો સર્વાનુમતે સ્વીકાર કરવામાં આવ્યો અને વિધેયક પસાર કરવામાં આવ્યું.

**૮. છેલ્લા દિવસનો પ્રસ્તાવ(નિયમ–૧૦૨)–** પ્રભારી સભ્ય શ્રીમતી ગીતાબા જાડેજા અનુપસ્થિત હોઇ, પ્રસ્તાવ ચર્ચા માટે હાથ ધરી શકાયો નહીં.

**૯. સભાગૃહના મેજ ઉપર મૂકાયેલા અતારાંકિત પ્રશ્નો અને તેના જવાબો(નિયમ–૮૭–ક)**

નાયબ સચિવશ્રીએ, ગુજરાત વિધાનસભાના નિયમોના નિયમ–૮૭(ક) અન્વયે ૧૫૫ અતારાંકિત પ્રશ્નો અને તેના જવાબો સભાગૃહના મેજ ઉપર મૂક્યા.

**૧૦. સત્રાંતે આભારવિધિ**

માનનીય અધ્યક્ષશ્રીએ મુખ્યમંત્રીશ્રી, નાયબ મુખ્યમંત્રીશ્રી, મંત્રીશ્રીઓ, વિપક્ષના નેતાશ્રી તથા સભાગૃહના તમામ સભ્યોશ્રીઓનો સભાગૃહના સુચારુ સંચાલનમાં સહકાર આપવા બદલ અંતઃકરણપૂર્વક આભાર માન્યો. નાયબ મુખ્યમંત્રીશ્રી નીતિનભાઇ પટેલ, સંસદીય બાબતોના મંત્રીશ્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમા અને વિપક્ષના નેતાશ્રી પરેશ ધાનાણીએ માનનીય અધ્યક્ષશ્રીનો સભાગૃહના સુચારુ સંચાલન બદલ હૃદયપૂર્વક આભાર માન્યો.

**૧૧. સભાગૃહની બેઠક અનિશ્ચિત મુદત માટે મુલતવી રાખવા અંગે**

માનનીય અધ્યક્ષશ્રીએ રાત્રીના ૧૦.૧૩ વાગ્યે વિધાનસભાના નિયમોના નિયમ ૯(૧) અન્વયે સભાગૃહની બેઠક અનિશ્ચિત મુદત માટે મુલતવી રાખી.

ત્યારબાદ ‘‘વંદેમાતરમ્’’ રાષ્ટ્રીય ગીતની ધૂન બજાવવામાં આવી.

**ગુજરાત વિધાનસભા સચિવાલય,**
**ગાંધીનગર.**
**તા. ૧લી એપ્રિલ, ૨૦૨૧**

**ડી.એમ.પટેલ**
**સચિવ,**
**ગુજરાત વિધાનસભા.**